


ઇંગ્લંડના 'ફોટોગ્રાફી ઍન્ડ ધી ફોટો' નામના માસિકની ફોટો હરીફાઈમાં બીજું ઈનામ (પાંચ ગિની) જીતનારું ચિત્ર

વર્ષાનાં વાદળ · ફોટો : નારાયણભાઈ વારા · જામનગર


સળંગ અંક
૧૬૩

કુમાર

અષાડ · ઓગણીસ સો ત્રાણુ


વિન્યાસ

મિ. એચ. જી. વેલ્સ જેવી જગન્માન્ય, વૈજ્ઞાનિક પ્રતિભાની 'આંધળાઓનો દેશ' નામની આ અંકમાં રજૂ થતી વાર્તા અચૂક વાંચજો; ને પછી તમારી મેળે તમે એના બીજા હપતા માટે અધીરા બનશો. અને કદાચ, પેલા આંધળાઓ જેમ તમને પણ, માણસે પોતાની દગેન્દ્રિયની સહાયના આંકેલા અતિમૂલ્ય પર હસવું આવે તો નવાઇ નહિ. ❡ માનવસંસ્કૃતિના ઇતિહાસમાં પહેલી જ વાર માણસે વિજ્ઞાનબળે સાધેલી ધાતુ તે ઍલ્યુમીનિયમ. આજથી સો સવાસો વર્ષ પર તો કોઈને તેના અસ્તિત્વની આશંકા સુદ્ધાં નહોતી ઊઠેલી, છતાં મહાપ્રયાસે હાથ લાગ્યા પછી એણે જે ઔદ્યોગિક ક્રાન્તિ આણી છે તેથી 'ઍલ્યુમીનિયમ'નો લેખ તમને માહિત અને આશ્ચર્યચકિત કરશે. ❡ જેમજેમ આપણી સંસ્કારિતા વધતી જાય છે તેમ તેમ સ્વાસ્થ્ય ઘટતું જાય છે એ વાત ચોક્કસ છે. એનું કારણ? નિસર્ગવાદીઓ કહે છે કે માણસે નિસર્ગની હૂંફ છોડી તેથી. અને એ દાવો 'સજીવ ખોરાકો'માં તમે ઉગ્રતાપૂર્વક રજૂ થતો જોઈ શકશો. ❡ પંડિત અજોધ્યાપ્રસાદનું નામ આજે આપણા જુવાન વર્ગમાં ભાગ્યે જ કોઈની સ્મૃતિમાં હશે. નેલ્સન, વૂલ્ફ કે બિસ્માર્ક જેવા કઈકના મોતની ઘડીના શબ્દો સુદ્ધાંની યાદ પર ગૌરવ લેતા હિંદી, ભારતસ્વાતંત્ર્યના આ અગ્રણી જોદ્ધાને આટલો જલદી વિસારે પાડવામાં ભારત પ્રત્યેના પોતાના ઋણમાં ઊણપ નથી આવવા દેતા? આ અંકમાંનું એમનું ટૂંકું જીવનચરિત્ર વાંચતાં પણ એ વક્તવ્યનું વાજબીપણું તમે સ્વીકારશો. ❡ હિંદુપતની કારુણિકા પર આંસુ સારતાં વિજયનગરનાં 'રડતાં ખંડિયેરો' હિંદુ સમ્રાટોની સૈકાજૂની એકની એક ભૂલનું સાક્ષાત તાદૃશ્ય ખડું કરે છે. ❡ 'જીવનનું પરોઢ' અને 'મારી સફર'ની બાલ્ય અનુભવોની જે રંગત આજસુધી તમે માણતા આવ્યા છો તેમાં આ અંકના હપતાઓ એક નવા રંગનો ઉમેરો કરે છે—સમાનધર્મી સંવેદનરૂપે. ❡ આટલે આવ્યા પછી બાકી રહેતાં અંગો વિષે વધુ કહેવાનું ન રહે. તમારી સુરુચિને ઉત્તેજે એવા ઘટતા ફેરફારો તમારી નજર તરત પામી જ જશે અને એટલે અંશે આ વિન્યાસ પણ સાર્થક બનશે.



મુદ્રક બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક રવિશંકર રાવળ: કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક લવાજમ રૂ. ૬, પરદેશના ૧૨ શિ.; છ માસિક લવાજમ રૂા. ૩; છુટક નકલના ૧૦ આના. મુંબાઇના એજન્ટો આર.આર. શેઠની કંપની, અને સી. જમનાદાસની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ; લાહોર ખબરના સોલ એજન્ટ રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ







ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

(૧) 'મેં ડાલ ડાલ ઉડ જાઉં'–ભાઇ જશવંત ઠક્કર (ભાવનગર), ત્રીજું ઇનામ; અમદાવાદી સોની–ભાઇ મફતલાલ દૂધીઆ (અમદાવાદ), પહેલું ઇનામ. મયૂર–ભાઇ સી. પી. ખરવર(કોબે–જાપાન), બીજું ઇનામ;



નિસર્ગની શોભા
ચિત્રકાર · વ્રજલાલ ત્રિવેદી
(ગૂજરાત કલાસંઘ ચિત્રશાળા)

આવતી કાલનાં નાગરિકોનું માસિક **કુમાર** વર્ષ ૧૪મું · અંક ૭મો · અષાઢ · ૧૯૯૩

બુદ્ધને પ્રશ્ન

· શિખરિણી ·


સૂતેલી નિદ્રામાં મદીલી હરિણી શાં નયનની
પ્રિયાને છોડી ત્યાં નવ કંઇ ઊઠ્યો નાદ મનથી?
ન સોંદર્યે તેના, ન શું સુત તણા નિર્મળ મુખે
તને પ્રેર્યો, વાર્યો, જકડી નિજ બાંહ્યો મહીં લીધો?


ડૂબેલી પૃથ્વીના મલિનતમ અંકે જન જીવે
ડૂબેલાં જેવાં, એ જનસમૂહને હાથ દઈને
ઘણે ઊંચે ઊંચે, હજી પણ ઊંચે તું લઈ જવા
મથ્યો ત્યારે પેલાં સુતનુ, સુતની યાદ વિસર્યો?

અમારે તો મોંઘાં પ્રિય નયન, ને બાલ ઉરના
કદા આછા ઘેરા સ્વર મધુર નાદે નીકળતા.
અમારી મુક્તિ તે, અમ જીવનનાં કાવ્ય સઘળાં
ભર્યાં તેમાં, કિન્તુ તવ ઉર થકી એ સરી ગયાં?

જનોએ, કે, માન્યું જીવનભર સૌંદર્ય, સઘળુ
ત્યજ્યે સાચું પેલું પરમ સત સૌંદર્ય મળતું?
અને કાવ્યો કેરો નદ ઉલટતો પૃથ્વી મહીં જે
વટાવી તે જાતાં જીવન જ મહા કાવ્ય બનતું?

ગુલાબદાસ બ્રોકર





કાબુકી ઝા


● જાપાનના બધાં દર્શકપત્રો (ગાઈડબુકો) જોશો તો તેમાં ખાસ લખેલું હશે કે ટોકિયો જાઓ તો કાબુકી–ઝાની મુલાકાત લેજો. કાબુકીનો અર્થ તો ચમત્કાર કે એવો કંઇ થાય છે. પણ તેને હવે જાપાનના વિશિષ્ટ નાટ્યપ્રયોગ તરીકે સ્વીકારવામાં આવ્યો છે ઝા એટલે ઘણે ભાગે નાટ્યશાળા. આ કાબુકી નાટ્ય જાપાનનો જૂનામાં જૂનો પ્રકાર છે અને જાપાન તો અભિમાન લે છે કે જગતના બધા દેશોમાં જ્યારે જૂના પ્રકારો અલોપ થયા છે ત્યારે જાપાનમાં સૈકાઓથી આ પ્રકાર જેવો ને તેવો સચવાતો અગ્રપદે રહ્યો છે. એમાં જાપાનના નાટ્યશાસ્ત્ર મુજબ એકેએક બાબતનું સંપૂર્ણ પાલન થાય છે અને તેના પ્રયોગો મોટે ભાગે જાપાનની સંસ્કૃતિ અને ઇતિહાસનું નિરૂપણ કરનારા જ હોય છે. કાબુકી નાટ્યની બીજી ખાસિયત એ છે કે બીજા પૌરસ્ત્ય દેશોની જેમ નાટકના સર્વ નટો પુરુષો જ હોય છે. સ્ત્રીપાત્ર પણ પુરુષો જ ભજવે છે. જાપાનનાં બીજાં નૂતન નાટ્યાલયોમાં યુરોપની ઢબે મિશ્રવર્ગ અભિનય કરે છે, પણ કાબુકી તો તેની પરંપરામાંથી લેશ પણ ચળ્યું નથી. આપણા દેશની ભવાઇ, રાસલીલા, કથકલી વગેરેમાં કાબુકી જેવાં તત્ત્વો ઘણાં છે; પણ કાબુકી તો જૂનામાં જૂનું, ને છતાં ઉઠાવ, ભવ્યતા ને કળામાં ક્યાંયે આગળ જાય, એટલું જ નહિ પણ જાપાનના નાટ્યકોવિદોએ પણ તેની વિશિષ્ટતાઓને વખાણી છે અને જાપાનીઓ પણ કાબુકી ઉપર એટલા બધા આફ્રીન છે કે ટોકિયોનું થીએટર આખું કાબુકી–ઝા કહેવાયું અને જાપાનનો અમીર અને સંસ્કારી વર્ગ તેને ભર્યુંભર્યું રાખતો રહ્યો છે.

અમે જે દહાડે એ જોવા જવાનો વિચાર કર્યો તે દિવસે શનિવાર હતો. ટેલીફોન ઉપર ટિકિટઑફિસને પૂછ્યું તો કહે, શનિ અને રવિના હાઉસમાં બીજા ચાલુ વર્ગોમાં તો એક પણ જગ્યા નથી: માત્ર ઑરકેસ્ટ્રામાં બે ખાલી છે. અહીં ધ્યાનમાં રાખવાનું છે કે જાપાનનાં નવાં થીએટરોમાં આ વર્ગવિભાગ કાઢી નખાયા છે માત્ર આ જૂનાં થીએટરોમાં જ તે પરંપરાગત રહ્યા છે એટલે વર્ગ પ્રમાણે ટિકિટોના દર હતા. ઑરકેસ્ટ્રાના દર અમને ભારે પડે તેવા હતા, એટલે ફર્સ્ટ ક્લાસની ટિકિટ મેળવવાની ઇચ્છા કરી. અંતે માંડમાંડ સોમવારના હાઉસમાં ફર્સ્ટ ક્લાસની ત્રણ જગ્યા રીઝર્વ કરાવી શક્યા. ખૂબીની વાત એ હતી કે રીઝર્વ માત્ર ટેલીફોન ઉપર થયું અને પૈસા તો અમે ખેલ જોવા ગયા તે વખતે આપ્યા હતા. આડા બે દિવસ હતા છતાં આવી સાધારણ બાબતમાં યે અવિશ્વાસની છાયા ત્યાં નહોતી દેખાતી. અમે સોમવાર ચૂકીએ તો પછી અમારા માટે તક કે સમય જ નહોતાં. સોમવારે અમે બીજા પ્રોગ્રામ આઘાપાછા કરી વખતસર કાબુકી–ઝા પર જઇ પહોંચ્યા.

અમે થીએટરમાં બેઠા તે વખતે ચારે તરફ ટોકિયોનો શિષ્ટ વર્ગ ત્યાં ખડકાઇ ગએલો દેખાયો. ઉપરની ગૅલેરીઓ પણ ભરી હતી અવાજ તો ત્યાં શાનો જ હોય? અનેક પ્રકારની જાપાની ફૅશનોમાં આવેલી મહિલાઓ અને ગૃહસ્થોનો ખોખારોસરખો પણ થતો ન હતો. થીએટર તો તાકારાઝુકા જેવું જ હતું, પણ અહીં એક નવીનતા જોઇ કે બરોબર થીએટરની રંગભૂમિ ઉપરથી પાટિયાનો એક કેડો પ્રેક્ષકો વચ્ચે થઇને ચાલ્યો આવતો અમારી પાછળની ભીંતમાં એક બારણા સુધી બાંધેલો હતો. આ 'હાનામીચી'–ફૂલવિથિકા–નો ઉપયોગ પહેલાં તો ન સમજાયો પણ તાકારાઝુકામાં રંગભૂમિની બહાર બે પડખે જે ભીંતસરસા માર્ગો હતા તેનું આ પૂર્વસ્વરૂપ હતું. એ પછી જણાયું; એટલેકે કેટલાંક પાત્રો દૂરથી આવનારાં કે દૂર જનારાં એ માર્ગે આવજા કરે એની અસર અનોખી જ થતી. જ્યારે પાત્ર રંગભૂમિના દૃશ્યમાંની કચેરી કે વતનની વિદાય લેતો આત્મભાષણ કરતોકરતો એ માર્ગ ઉપર થઇને અમારી વચ્ચેથી પસાર થતો પેલા પાછળના દ્વારમાં પેસતો ત્યારે પ્રેક્ષકોને એમ લાગતું કે તેઓ સ્થળ અને કાળ ભૂલી ચાલુ પ્રસંગની વચ્ચે જ આવી રહ્યા છે!

જાપાનના થીએટરની બીજી મજા ફરતા રંગમંચ (ગોળ ફરતું પ્લેટફૉર્મ) છે. એક દૃશ્યનું કામ પતે કે તરત તળિયું ગોળ ફરે અને પાછળ ગોઠવાએલું દૃશ્ય સામે ફરી જાય. બાજુના ભાગો ઉલટાઇને તેને મળી જાય. કંઈ વધુઘટુ ખેંચી લેવાનું હોય કે નવું મૂકવાનું હોય તે કાળા પોશાકવાળા મજૂરો કરી જાય. આ માણસો દેખાય તોપણ જાપાનના નાટ્યનિયમ પ્રમાણે પ્રેક્ષકો તેઓને અદૃશ્ય જ માની લે છે.

નાટક સાંજના બરોબર ચાર વાગ્યે શરૂ થાય છે. તે દિવસના પ્રોગ્રામમાં ચાર-નાટકો હતાં. પહેલું 'તેન્રૂ–



જાપાનની રંગભૂમિનો ખ્યાલ આપતો સ્કેચ





જાપાનનો વિખ્યાત નટ
ઇચીમુરા

'તેન્રૂ નદીની નાવડી' નાટકમાં શુકેગોરોની ટોળી સાથે યુદ્ધ કરતા તેઈચીનું પાત્ર ભજવતો નટ ઇચીમુરા

હીતોહા–બૂને' એટલે તેન્રૂ નદી પરની નાવડી. કાબુકી નાટકો જાપાનનાં અંતરંગ જીવનને લગતાં હોવાથી થીએટર પર ટિકિટ સાથે મળતો અંગ્રેજી સાર વાંચ્યો ન હોય તો પહેલું દૃશ્ય પકડતાં વાર જ લાગે. પણ ટોકિયો રહ્યું વિશાળ નગર, એટલે ઇન્ટરનૅશનલ વિવેકમાં પાછું ન પડે. પરદેશીઓને ત્યાં અંગ્રેજી અનુવાદ મળે એ તેમનો વિનય આપણને પણ ગમે છે; નહિ તો કાબુકી એક કોયડો જ રહે. અમારા આજના નાટકનો આ પ્રયોગ શરૂ થાય તે પહેલાંનો એક લાંબો વૃત્તાંત ધ્યાનમાં રાખવો પડે એવો છે.

ઇ. ૧૮૭૧માં મેઇજી બાદશાહ ગાદી પર આવ્યા. એ નવપ્રતિષ્ઠાનના ચોથા વર્ષના શિશિરના પ્રારંભમાં તેન્રૂ નદી પરના એક ગામમાં બનેલી આ વાત છે. તેઇચી નામનો નાવિક તેનો મુખ્ય નાયક છે. તે થોડાં વર્ષો પહેલાં જુગારી હતો. પછી તે નાવિક બન્યો અને હમણાં રજીન નદીના ઉતારૂઓ માટે સરાઈ માંડી બેઠો છે. તેના બચપણમાં તેના બાપને કોઈ અજડ લશ્કરીએ મેળાની રાત્રે હોડીમાં નહિ બેસાડવાના કારણે મારી નાખેલો. એની વિધવા મા તેને નદીની રેતમાં છોડી કોઇ પંડિત જોડે નાસી ગએલી. બાજુના ગામના એક જુગારી સૈંઝોને એ બાળક હાથ આવ્યો અને હુલ્લેરી મોટો કર્યો. તે મોટો થયો, જુગાર શીખ્યો અને એવો લડાયક થયો કે બધા જુગારીઓ તેના યુદ્ધરસીપણાથી બીતા થયા. પણ સૈંઝોને લાગ્યું કે તેના બાપનો ધંધો તે પકડી લે અને તોફાની રીતભાત તજી દે તો સારૂં; એટલે તેને સમજાવીને નાવિક બનાવ્યો અને હાલ તે વીશીવાળો બની રહ્યો છે.

પણ શુકેગોરો નામનો એ બીજો અઠંગ જુગારી નવી રાજઘટનામાં પોલીસ અધિકાર પામ્યો છે. તે સૈંઝોને દાબી દેવા ચાહે છે. આ પણ સૈંઝોના પાલિત પુત્ર તેઇચીની તેને બહુ બીક લાગે છે. જોકે હાલ તો તે માત્ર નાવડીવાળો હતો, છતાં તેને દૂર રાખવાનો ઇલાજ પ્રથમ કરી લેવાને તે જાળ બિછાવે છે. તે માટે તાજેતર થએલા હથીઆરબંધીના કાયદાનો તે આશ્રય લેવા ધારે છે. તે કાયદો ફરમાવતો હતો કે રાજાની આજ્ઞા વિના કોઇથી હથિયાર ધારણ કરી કે વાપરી શકાય નહિ. આ પરિસ્થિતિમાં પહેલો પડદો ઊંચકાય છે.

નાટકનાં સીનસીનેરી રચવાની જાપાનની કળા પણ તદ્દન અનોખી જ છે. મકાન જાણે અડધું કાપેલું હોય તેમ આપણે તેનો અંદરનો ભાગ જોઇ શકીએ. બહારના પાત્રો અંદરનાં પાત્રોને જોતાં ન હોય તેમ જ માનવાનું. પ્રેક્ષકો તો જાણે ચિત્રમાં નકશો તૈયાર કર્યો હોય તેમ બન્નેને જોઇ શકે છે. આવી કૃત્રિમ લાગતી યોજના સ્વીકાર્યા પછી ઘરની અંદર જુઓ તો એકેએક વસ્તુ સાચા ઘરની ઢબે ગોઠવાએલી; પછી તે રંકનું ઘર હોય કે સરદારનું. પણ તમારે ખાત્રી રાખવી કે તમે સાચું જાપાન જોઇ રહ્યા છો. એ જ ઘરમાંથી બહાર નીકળવાનું બારણું બંધ હોય તોપણ તમે તો ઘરના બનાવ જોઇ શકવાના. બહારની બાજુ બજાર ને તેમાંથી નીકળતો રસ્તો ધીરેધીરે એક પૂલ ઉપર થઇ ટેકરી પાછળ જતો હોય એ બધું પાત્રની સ્થાનિક ઘટનાની વિગતો પ્રમાણે જ. એવું કહેવાય છે કે એ બધી વિગતો અને પાત્રોની બેઠકો તેમજ ગોઠવણો નાટકના લેખકો જ પોતે ચીતરી આપે છે. સ્ટેજ

ડિરેક્ટર(નેપથ્ય વિધાયક)નું ડહાપણ તેમાં ન ચાલે. આથી જ ત્યાંના સ્ટેજ પર કવિની કલ્પના બરોબર મૂર્તિમંત થએલી આપણે જોવા પામીએ છીએ. કવિના મનમાં જેવું પાત્ર અને દૃશ્ય હોય તેવું જ આપણે નિરખી શકીએ છીએ.

ઉઘડેલા પ્રવેશમાં નદીનાળાં ઓળંગતો સનાઇ નામનો લશ્કરી તેઇચીને બારણે આવે છે અને દારૂ ચડાવે છે,–એટલો બધો કે તે તોફાને ચડે છે અને તેઇચીથી સહન ન થાય એટલી હદે જાય છે. પણ પોતાના બાપની કાલે તો તેત્રીસમી મૃત્યુતિથિ છે અને પોતાને શાહી નોકરી મળવાની છે એ વિચારી તે બધું ગળી ખાય છે. આ માણસ તો શુકેગોરેનો મોકલેલો જ હતો. પણ તેઇચીએ હથીઆર ન ઉઠાવ્યું એટલે તેનો ગોઠવેલો દાવ ખાલી ગયો. ફરી વાર શુકેગોરો એક પંડિતને કેટલીક ગુન્હાભરી સૂચનાઓ કરવા તેની પાસે મોકલે છે. તે આવીને કહે છે કે ત્રીસ વર્ષ પહેલાં તેઇચીના પિતાને મારનાર તે પોતે હતો અને હવે પસ્તાતો હોવાથી સાધુ થઇ ગયો છે અને છેવટે તેઇચીને હાથે મરવા આવ્યો છે. પહેલાં તો તેઇચીને તેની વાત પરથી કાળ ચડે છે, પણ પછી સાધુની વૃદ્ધાવસ્થા જોઇ જતો કરે છે; છતા સાધુ માગે છે કે એ તેના પર કોઇપણ જાતનો પ્રહાર કરી વેરનું શમન કરે આથી તેઇચી પોતાના બાપની લોહીઆળ ટોપી તેની પીઠ પર મારે છે ને જતો રહેવા કહે છે. તેના ગયા પછી પોતે ઘરની બહાર આવી જુએ છે તો ઘરની આસપાસ શુકેગોરોના જાસૂસો ગોઠવાએલા જ છે,–એટલા માટે કે પોતે હથિયાર ઉપાડે તે જ ઘડીએ પોતાને પકડી લઇ શકે. તેને તરત સમજાય છે કે પેલો પંડિત પણ ઢોંગી અને જાસૂસ હતો, એટલે શુકેગોરો પરનો તેનો ક્રોધ ભભૂકી ઊઠે છે. હવે તો તે શુકેગોરોની આખી ટોળીનો નાશ કરી પોતાના પાલક પિતાને બચાવી લેવા ધસે છે. તે દોડીને પંડિતને પકડી પાડે છે અને ઠાર કરે છે અને તુરત શુકેગોરો એક ખંડિયેર મંદિરમાં તેના શાગિર્દો સાથે રહે છે ત્યાં જાય છે. એ મંદિરમાં જતાં તેને ખબર પડે છે કે શુકેગોરોની પત્ની 'ઓટાકી' તેની સાવકી બેન થાય છે. તે એને વાત કરે છે કે તેને ત્યાં મોકલેલો પંડિત પોતાનો બાપ જ થતો હતો. મા તો દસ વર્ષ પહેલાં મરી ગઇ હતી ઓટાકી હવે પોતાના પતિ શુકેગોરોને બચાવવા તેને વીનવણી કરે છે. પણ તેઇચી કંઇ દાદ આપતો નથી અને શુકેગોરોનો તેની ટોળી સમેત નાશ કરે છે. ઓટાકી પણ આડે આવતાં ખપી જાય છે. તુરત તેઇચી સેંઝો પાસે જઈ બધા ખબર આપી તેને હરીફાઈથી નિશ્ચિત બનાવે છે. પણ પોતે હવે ખુની અને રાજદ્રોહી બન્યો માટે પ્રાયશ્ચિત અર્થે જંગલમાં વિદાય લે છે. આ ઘડીએ તે રંગભૂમિ પરથી નીકળી સીધો વચલી હાનામીચી ઉપર અવાજ દેતો વિદાય લેતો પ્રેક્ષકો વચ્ચે થઇ પાછળના દ્વારમાં જતો રહે છે. નાટક પૂરું; પણ ભાવોની શી છોળ અને ખુમારી! પ્રત્યેક પાત્રના અભિનયોની સ્વાભાવિકતા, છતાં નાટ્યવ્યવસ્થા પ્રમાણે ઊભા રહેવાની કે અનુકૂળ પોઝ આપવાની કળા જુદી જ. કાબુકી નાટક એટલે નાટકના બધા પ્રાચીન કાયદાઓનું સર્વાંશે પાલન. વચ્ચે વચ્ચે બાજુ પરના ઝરૂખામાંથી જાપાનની સુપ્રસિદ્ધ ગાનારી કાત્સુતારો જાપાની સતાર સાથે જૂનાં લોકગીતો સંભળાવતી એટલે વાતાવરણ ઊર્મિપ્રધાન બનતું.

લગભગ સાત વાગતાં પહેલો પ્રયોગ ખતમ થયો. પણ આ શું? આખું પ્રેક્ષકગૃહ સાવ ખાલી! મારો મિત્ર અપાનો કહે, જાપાનીઓને સાંજનું વાળુ કરી લેવાનો વખત થયો, એટલે બરોબર અરધો કલાક વિશ્રાંતિ લેવાની. અમારે પણ બહાર જઇ થીએટરના રેસ્ટોરાંમાં ખાઈ લેવાનું. આપણે બરનું કંઈ ખાવાનું મળે તો લેવાનું ધારી બહાર નીકળ્યા પણ અમે જરા મોડા પડયા. રેસ્ટોરામાં એક પણ જગ્યા ખાલી નહોતી. આથી અગે બાજુ ગોઠવાએલી બજાર જોવા નીકળ્યા. તેની એકેએક હાટડીમાં ચાલુ નાટકનાં ચિત્રો, દૃશ્યો, પૂતળાંઓ, હાથનાં ચિત્રો, સ્કેચો વગેરે મળતા હતા. થીએટરની આ બજાર એ જાપાનની નાટકશાળાની વિશિષ્ટતા હતી

ત્યાર પછીના ત્રણે પ્રયોગ વસ્તુગૂંથણીમાં, કલ્પનામાં અને ભાવનામાં એકેકથી અનોખા હતા, છતાં પ્રત્યેકમાં જાપાનની સંસ્કૃતિનાં સુત્રાત્મક વિધાનો પ્રતિપાદિત થતાં હતાં; જેવાં કે વૈરશમન, આત્મસમર્પણ, ઉચ્ચનીચ ભેદનું નિવારણ, રાજ્યવફાઇ વગેરે. આ ચાર નાટકો એક જ દિવસે જોતાં આપણને તો એમ લાગવા માંડે કે આપણે જાપાનને ઓળખતા થયા. જોકે કવિનું હાર્દ, શબ્દો અને સંવાદોની ખૂબી તો આપણને અગમ્ય જ રહેવાની પણ અભિનયકળા અને ભાવનિરૂપણમાં તો આપણને એ અલૌકિક જ લાગે

કાબુકીનો છેલ્લો પ્રયોગ 'નાહો' નામનો હતો તેમાં કોઇ પરીકથાનો આધાર લઇ નૃત્યસંવાદ રજૂ થયો હતો. એ આપણી કથકલી જેવું લાગ્યું; પણ પોશાકો અને ચહેરાઓ રચવામાં જે ઐતિહાસિક સચ્ચાઇ અને ચોકસાઇ અહીં દેખાઇ તે અદ્‌ભુત હતી. આ બાબતમાં તો વાસેદા યુનિવર્સિટીનું નાટ્યગૃહ આખા જાપાનને દીક્ષા આપનારી સંસ્થા છે અને તેનાં સૂચનોનો સૌ સ્વીકાર કરે છે. નાહો પ્રયોગ જુઓ તો એમ જ લાગે કે જાપાની પુસ્તકોમાંનાં ચિત્રો જ જાણે ઊભાં થઇનો નૃત્ય કરી રહ્યાં છે! કોઇનું એકાદ હથિયાર, મુકુટ, ટોપી કે જભ્ભામાં કળાવિહીનતા ન હોય. ઉપરાંત દરેક પાત્ર ઊભા રહેતા કપડાંની ઘડી કેટલી ખેંચી રાખવી તેનો પણ હિસાબ સાચવતું દેખાતું એક પણ હીલચાલ પ્રયત્નસિદ્ધ ન હોય એવી નહોતી. જાપાનીઓ કોઇપણ વસ્તુ રજૂ કરવામાં અંતર, પ્રમાણ યા માપનો વિચાર કર્યા વિના રહી શકતા જ નથી એ તેમનું જન્મસિદ્ધ લક્ષણ છે એમ જ કહેવું પડશે.

(અનુસંધાન આગળ પાન ૩૭૭મે)

સ્વતંત્ર હિંદના એક સ્મૃતિલુપ્ત આર્ષદ્રષ્ટા



આજે એમનું નામ લગભગ સ્મૃતિલુપ્ત બન્યું છે એમ કહી શકાય; પણ ભારત દેશના ભાવિ ઉત્કર્ષના સ્વપ્નસેવી અને તેને મૂર્ત બનાવવા માટે નિષ્કામ ભાવે આમરણાંત પ્રયત્નશીલ રહેનાર પંડિત અજોધ્યાપ્રસાદ સ્વતંત્ર હિંદના આર્ષદ્રષ્ટાઓની નામાવલિમાંથી કદી નહિ ભૂંસાય. ઘણાઓની બાબતમાં અત્યારે જણાય છે તેમ રાજકારણ એ એમને મન માત્ર સંસારરમત ન હતી. એમને તો એ જીવનાધાર ભાવના જેવી ગંભીર વસ્તુ હતી, અને એમની એ ભાવનાના બળે તથા મર્મગામી ગંભીર નજરે જ એમના કાળમાં કૉંગ્રેસનું ડૂબતું નાવ તાર્યું હતું એમ કહી શકાય.

પંડિત અજોધ્યાપ્રસાદ

મહાસભાના બાલ્યકાળે વિપત્તિ અને વિરોધના અનેક ખાડા-ટેકરા સામે એના ડગુમગુ પગમાં ચેતનસંચાર કરી કોઈએ તેને પગભર કરી હોય તો તે આ નિષ્કામ અને નિશ્ચલ રાષ્ટ્રસેવકે જ

એમનો જન્મ, મૂળ કાશ્મીરી બ્રાહ્મણ ખાનદાનમાંથી ઊતરી આવેલા અને આગ્રાના શાહ વેપારી ગણાતા પંડિત કેદારનાથને ઘેર ઈ. ૧૮૪૦ના એપ્રિલની ૮મીએ થયો હતો. હિંદની રાજભાષા ત્યારે અરબી અને ફારસી હતી. અજોધ્યાપ્રસાદને તો પહેલેથી જ એ ભાષાઓમાં રસ હતો. ઈ. ૧૮૬૨માં કાયદાનો અભ્યાસ પૂર્ણ કરી એ આગ્રાની કોર્ટમાં જોડાયા.

સાધારણ રીતે અદેખું વકીલી જીવન બીજી પ્રવૃત્તિઓને માટે સ્થાન રહેવા દેતું નથી. પણ પંડિતજીએ કોર્ટના 'બાર'માં જ પોતાનું જીવન નહોતું પૂરાવા દીધું. દેશના શિક્ષણની કંગાલ સ્થિતિ એમને ખૂબ સતાવી રહી હતી. એ મંથનના પરિણામે એના ઉપાય તરીકે એમણે આગ્રામાં વિક્ટોરિયા કૉલેજની સ્થાપના કરી. એવામાં સરકારની બેઠક આગ્રાથી અલ્લાહાબાદમાં ખસેડવામાં આવી એટલે પંડિતજીએ પણ પોતાનો મુકામ અલ્લાહાબાદ ખસેડ્યો.

એ વખતે ત્યાંથી 'પાયોનીઅર' નામનું એક ઍંગ્લો-ઇંડીઅન પત્ર નીકળતું હતું. હિંદી પરિસ્થિતિની સાચી બાજુ રજૂ કરવાને બદલે તેણે વિષમતાઓ ઊભી કરવા માંડી હતી. પંડિતજીનું દિલ એ જોઈ બળી ઊઠ્યું. રાષ્ટ્રના અવાજનો પડઘો પાડવો હોય તો તેને પોતાનું વાજિંત્ર હોવું જોઈએ એવી એમને ખાત્રી થઈ. અને એવી ખાત્રી કરીને બેસી રહે એવા એ ન હતા, એટલે ઈ ૧૮૭૯માં 'ઇંડીઅન હેરલ્ડ' નામે પત્ર પણ એમણે શરૂ કરી દીધું. એ પત્ર પાછળ એમને એક લાખ રૂપિયાની જબર ખોટ સહન કરવી પડી. એ જમાનામાં એક લાખ રૂપિયા એટલે શું એનો ખ્યાલ આજે બરોબર નહિ આવે છતાં પણ એ નરસિંહે હસતે મોંએ એ ખોટ સહન કરી લીધી, કારણ એની પાછળ રાષ્ટ્રહિતના પ્રયાસની એમના પ્રામાણિકતા બોલી રહી હતી.

ઇ. ૧૮૯૦માં એમને હાથે એક એવી સુયોગ્ય વ્યક્તિ ચડી ગઈ કે એક વખતના કપરા અનુભવ છતાં ફરી એમણે પત્રકારત્વમાં ઝંપલાવ્યું. એ વ્યક્તિ તે પંડિત મદનમોહન માલવીય. એમના હાથે એમણે 'ઇંડિયન યુનીઅન' શરૂ કરાવ્યું ને બધો કાર્યભાર પણ એમને સોંપ્યો. એમને રાજકારણમાં પલોટવા પાછળ પંડિત અજોધ્યાપ્રસાદનું ઓછું ઋણ નથી. અને

એ ઋણ જે રીતે વ્યાજ સહિત માલવીયજીએ દેશને ભરપાઇ કર્યું છે એ પણ ઓછી કૃતજ્ઞતા નથી જગાડતું.

લેજિસ્લેટિવ કાઉન્સિલના પંડિત અજોધ્યાપ્રસાદ પહેલા દેશી મેંબર હતા. કલકત્તા ને અલ્લાહાબાદ યુનિવર્સિટીઓની સેનેટના પણ એ આગળપડતા સભ્ય હતા. કાયદાની પ્રોફેસરશિપ પણ એમણે મેળવી હતી ને થોડું વધુ જીવ્યા હોત તો બેન્ચમાં પણ એ પહોંચત. જોકે આજની રાષ્ટ્રવાદી નજરે એમના એ ગુણો મોટી વિસાતના ન ગણાય. હિંદના હૃદયમાં એમને સ્થાન અપાવનાર તો કૉંગ્રેસ માટે મરી ફીટવાની એમની તમન્ના અને એના પ્રચાર પાછળ નિષ્કામ અને નિશ્ચલ સેવાધર્મ બજાવવાની એમની ઉદાત્ત ભાવના.

વળી પોતાના પત્રમાં જ દેશનું કારણ રજૂ કરી તેઓ બેસી નહોતા રહ્યા. કૉંગ્રેસનો જન્મ થયો ત્યારથી જ આખું હિંદુસ્તાન ખૂંદી વળી શહેરે શહેર ને ગામડે ગામડે એમણે તેનો પ્રચાર કરવા માંડ્યો હતો. એટલે ઇ. ૧૮૮૮માં કૉંગ્રેસની બેઠક જ્યારે અલ્લાહાબાદમાં ભરાવાનું નક્કી થયું ત્યારે સ્વાભાવિકતઃ જ તેઓ એના સ્વાગતાધ્યક્ષ નીમાયા.

પંડિતજીની એ વરણીના ટાંકણે જ, હજુ પગભર પણ ન થએલી, કૉંગ્રેસમાં સરકારને અવિશ્વાસ ઊપજ્યો. હિંદમાંના બધા અંગ્રેજોને મન એમ જ થયું કે કૉંગ્રેસ એ બ્રિટિશ રાજ્યના ઉચ્છેદ ઇચ્છતું કાવત્રાંખોર મંડળ હતું; અને સર ઑકલૅંડ કૉલ્વિન એ માનનારાઓ મુખ્ય હતા. એ સૂર સાથે મુસલમાન નેતા સર સૈયદ અહમદે પણ કૉંગ્રેસના તિરસ્કારનો સૂર ફૂંક્યો ને મુસલમાનો કૉંગ્રેસથી અળગા પડી ગયા.

ગમે એવા વીર હૃદયને પણ હેબકાવી દે એવું ટાણું હતું. ઘણાએ ભવિષ્ય ભાખેલું કે અલ્લાહાબાદ, કૉંગ્રેસની કબર બનશે. પણ એના સ્વાગતાધ્યક્ષ પંડિત અજોધ્યાપ્રસાદને જેઓ જાણતા હતા તેમને તો પૂરી ખાત્રી હતી કે એમના હાથમાં સોંપેલી નાવનું સુકાન એ કદી છટકવા નહિ દે. ને એ ખાત્રી ન્યાય્ય જ હતી. ચોમેરથી નિરાશાભર્યા વાતાવરણ વચ્ચે પંડિતજી અણનમ ઊભા રહ્યા. એમણે માણસો એકઠાં કર્યા, પૈસો એકઠો કર્યો, વિરોધીઓને જડબાતોડ જવાબો આપી લાજવાબ બનાવી દીધા; ને બેઠક માટે નિયત કરેલી જગ્યાઓ સરકારે સાતસાત વખત ઝૂંટવી લીધી—કેટલેક* ઠેકાણે તો ભાડાના પહેલેથી આપેલા પૈસા યે ડૂબ્યા—છતાં કૉંગ્રેસનું નાવ એમણે કિનારે આણ્યું. કૉલ્વિન, ડફરિન અને સૈયદ અહમદની ત્રિપુટીએ માંડેલા એ વિકટ મોરચાસોંસરો પંડિતજીએ માર્ગ કાઢ્યો અને દેશ વિજયપુલકિત થઇ ઊઠ્યો.

આમ ૧૮૮૮ની સાલનીઅલ્લાહાબાદની કૉંગ્રેસ એ હિંદની રાષ્ટ્રીય અસ્મિતાનું એક અગત્યનું પ્રકરણ છે. એની સાથે જ પંડિત અજોધ્યાપ્રસાદનું નામ પણ ચિરંજીવ છે. સ્વાગતાધ્યક્ષ તરીકે એમણે આપેલા ભાષણમાં પહેલે પ્રથમ એમણે જ દારૂ ને મોહાનો સવાલ હાથ ધર્યો હતો એટલું જ નહિ પણ કૉંગ્રેસને દફનાવી દેવાના એ સાલમાં જે જે પ્રયત્નો થયા હતા એ બધાની વિગત પણ એ ભાષણમાં એમણે આપી છે.

કૉંગ્રેસના જન્મદાતાઓમાંના એક મિ. હ્યુમ જેવા તેના ઉત્સાહી મંત્રી જ્યારે ઇંગ્લંડ જવા ઊપડ્યા, ત્યારે ફરી આખી ચળવળ બેસી જવાનો ધ્રાસકો ઘણાને પડ્યો હતો. પણ એકીમતે પંડિત અજોધ્યાનાથને એ પદ સોંપાતાં જ એ ધ્રાસકો હવામાં મળી ગયો. આ એમની ઓછી કાર્યશક્તિ અને કાર્યનિષ્ઠા સિદ્ધ કરે છે ? કૉંગ્રેસમાંનાં એમનાં ભાષણોએ જ યુરોપીઅન અને હિંદી માનસમાં કૉંગ્રેસની પ્રમાણિક નિષ્ઠા સાબિત કરી એમ કહીએ તો એમાં મુદ્દલ અતિશયોક્તિ નથી. આમરણ તેઓ તેનું સંયુક્ત મંત્રીપદ સંભાળી રહ્યા હતા.

ને એમની એ બધી સેવાઓ ધ્યાન બહાર રહેવા દે એવી પ્રજા બેકદર પણ ન હતી. નાગપુરમાં ભરાનારી બેઠકના પ્રમુખ તેમને જ નીમવામાં આવ્યા. પરંતુ ત્યાર પહેલાં મુંબાઇને ચાર અને બંગાળને બે પ્રમુખોનો હક્ક મળેલો હોઇ એ પછીની તક દક્ષિણને આપવાની તેમણે ઇચ્છા દર્શાવી અને શ્રી આનંદ ચાર્લૂ જેવી સુયોગ્ય વ્યક્તિ મળી જતાં તેમણે રાજીખુશીથી પોતાના પદનું રાજીનામું આપી દીધું. બહુમાનની એ તકના ત્યાગ પાછળ ઓછું સમર્પણ રહ્યું છે ? માત્ર જવાહરલાલજીએ જ એવા સમર્પણની પુનરાવૃત્તિ કરી છે.

નાગપુરમાં કૉંગ્રેસ ભરાઇ એ અગાઉ પંડિતજીને 'unselfish, whole hearted and outspoken apostle of this great movement' શબ્દોથી સંબોધનાર આનંદ ચાર્લૂ ત્યારે બોલી ઊઠેલાઃ 'તમારા

(અનુસંધાન આગળ પાન ૩૭૭મે)

આંધળાઓનો દેશ

વિખ્યાત અંગ્રેજ સાહિત્યકાર
એચ.જી. વેલ્સની ટૂંકી વાર્તા પરથી
ઉતારનાર
શ્રી હરિકૃષ્ણ વ્યાસ

દક્ષિણ અમેરિકાના એક અંધારા ખૂણામાં, એક તરફ ચિમ્બોરાઝો શિખરથી ત્રણસોએક માઇલ દૂર, અને બીજી તરફ હિમાચ્છાદિત શિખરોવાળા કોટોપાકસીથી સોએક માઇલ જેટલે, ઇકવેડોરમાં લંબાતા આન્ડીઝ પર્વતના ગીચ વિસ્તારમાં, સંસ્કારી સમાજનો કોઇ માનવી ન પહોંચી શકે એવા દૂરના ભાગમાં આંધળાઓનો એ દેશ આવેલો છે.

એ દેશને ફરતા આવેલી અભેદ્ય પર્વતોની દિવાલોમાંનો એકનો એક માર્ગ પ્રચંડ ભૂકંપોએ પૂરી દીધો તે પહેલાં, આજથી સેંકડો વર્ષ અગાઉ, બરફ અને ઝાડીઓ સોંસરવો કષ્ટમય રસ્તો કાપીને પણ માણસો એ દેશમાં જઇ શકતાં, અને વસ્તુતઃ સ્પેનના જુલમી રાજ્યથી ત્રાસી પેરૂ દેશમાંથી કેટલાંક દેશી ક્રિશ્ચિયન કુટુંબો ત્યાં વસવાટ કરવા ગએલાં પણ ખરાં. પણ એ પછી તરત જ પેલો ચિરસ્મરણીય ધરતીકંપ થયો, જેમાં મીંડોબાંબા પર્વત પોતાની જ્વાળાઓ સાથે એક સપાટે પૃથ્વીની સપાટી પરથી અદૃશ્ય થયો. એ વખતે કીટોમાં સત્તર દિવસ સુધી રાત્રિ રહેલી અને યાગ્વાચીના અખાતનાં પાણી એવાં તો ઊકળી ગએલાં કે મરેલી માછલીઓનાં તરતાં શબોથી છેક ગ્વાયાકવીલ સુધીનો સમુદ્ર ચીતરાઇ રહેલો. એ અરસામાં પાસિફિકના આખા કિનારા પર અશાન્તિનું સામ્રાજ્ય પ્રવર્તી રહેલું તથા જમીન અને સમુદ્રે પોતાનાં સ્થાનના અનેક અદલાબદલા કરેલા એ જ વખતે આરાઉકા પર્વતનું જર્જરિત શિખર ખળભળી ઊઠયું અને અંધોના એ દેશને આપણી દુનિયા સાથે સાંધતી એકની એક પગથારને દાબી દેતું લાંબું થઇ સૂતું.

પણ કુદરતના આ પ્રલયકારી ઉન્માદ પહેલાં એ ખીણમાં વસતી પ્રજામાંનો એક માનવી સંજોગવશાત્ એ રસ્તો ઓળંગી આ તરફ આવેલો. અને પછી કુદરતે તેનો પાછા ફરવાનો રસ્તો રોકયો હોવાથી તેને એ ખીણમાં વસતાં પોતાનાં બાળબચ્ચાં વગેરે બધું ભૂલી જઇને આપણી દુનિયામાં નવેસરથી જીવન શરૂ કરવું પડેલું. એવી રીતે માથે આવી પડેલું જીવન તેને બરાબર ન ફાવ્યું. કમનસીબે તે અંધ થયો, અને પાછળથી કોઇ ગુના માટે સજા પામતાં, ખાણમાં કામ કરી તેણે જીવન પૂરૂં કર્યું. એણે પોતાના આ નવા જીવન દરમિયાન કરેલી વાતોથી આન્ડીઝના આ તરફના પ્રદેશમાં કેટલી યે દંતકથાઓ પ્રચાર પામી.

એમ કહેવાય છે કે એ માણસને આ તરફ ખાસ પ્રયોજન માટે આવવું પડેલું. જે કુટુંબોએ એ ખીણમાં પ્રથમ આશ્રય શોધ્યો હતો તે જ કુટુંબોમાંનો તે એક હતો. તેના કહેવા મુજબ પ્રથમ તો એ નવા વસાહતીઓને એ ખીણ બધી રીતે અનુકૂળ લાગેલી. માણસને જે જે



મિ. એચ. જી. (હર્બટ જ્યોર્જ) વેલ્સ નવલિકાઓની પ્રચલિત ઢાટીથી તદ્દન નવા જ પ્રકારે લખાએલી, વિખ્યાત અંગ્રેજ સાહિત્યકાર મિ. એચ. જી. વેલ્સની ટૂંકી વાર્તાઓથી 'કુમાર'ના વાંચનારાઓ એક અજાણ્યા નથી. (જુઓ અંક ૧૪૩ અને ૧૪૪). અંગ્રેજ પ્રજામાં મિ. વેલ્સ એક ઋષિ સમા છે. પ્રકૃતિનાં ભૌતિક કરણોના એ દ્રષ્ટા છે. પોતાના દર્શનને એ સાહિત્ય માર્ગે વહેણ આપે છે, ને નવલિકા એ સાહિત્યનું પ્રમુખ વાહન ગણાતું હોઇ, એમાં એ એમનો મુખ્ય આધાર છે. જે ઊંડું ગાંભીર્ય અને આકર્ષણ એમના વ્યક્તિત્વમાં છે એ એમની કૃતિઓમાં પણ ઊતરે છે. એમની પ્રફુલ્લ નવીન કલ્પના અને ભાષા પરનો કાબૂ એ કૃતિઓમાં વધુ આહ્લાદ આણે છે, અને પોતાને થએલા દર્શનનો સાક્ષાત્કાર સચોટરીતે બીજાઓને કરાવે છે. લંડન યુનિવર્સિટીમાં સાયન્સની ફર્સ્ટ કલાસની ડિગ્રી મેળવી, પ્રથમ શિક્ષક તરીકે અને પછી પત્રકારત્વમાં ઝુકાવ્યા પછી આજે વિજ્ઞાનને જ એમણે પોતાની જાત સમર્પી છે, કારણ એ લખે છે કે આજના સામાજિક અને રાજકીય સ્રોતોના અટપટા પ્રવાહોમાં વિજ્ઞાન જ માણસનો સહચર બની શકે એમ છે. છતાં તેના ઘાતક બાજુ પ્રત્યે પણ એ આંખ નથી મીંચી દેતા, એટલે વિજ્ઞાનની સમવિષમતા અને માનસશાસ્ત્રના અણઉકેલ કોયડા એમની વાર્તાઓનો પ્રાણ બની રહે છે.

વસ્તુઓની જરૂર પડે તે બધું ત્યાં હતું: મીઠું પાણી, લીલાં મેદાનો, અનુકૂળ હવા, સ્વાદિષ્ટ ફળો, અને એવું બીજું ઘણું યે. દૂર ક્ષિતિજ પર એ દેશને ફરતા આવેલા પર્વતોના ત્રિકોણની ત્રણે બાજુએ, પર્વતોનાં શિખરો પર બરફનું સંરક્ષક આવરણ છાઇ રહેલું હતું. એ બરફના પહાડો જો કદાચ સરતા તો મોટે ભાગે બહારની બાજુએ જ પડતા; ક્યારેક જ કોઇક બરફના ટુકડા અંદરની બાજુ લપસી પડતા. પણ એવે વખતે પર્વતોના નીચલા ઢાળો ઉપર ઊગેલાં દેવદારુનું જંગલ એ ઘા ઝીલી લેતું. આ ખીણમાં ન તો વરસાદ વરસતો કે ન બરફ. પણ પાસેનાં જ શિખરોમાંથી વહી રહેલાં અનેક ઝરણો પુષ્કળ પાણી આપતાં. આમ આ નંદનવન જેવી લાગતી ખીણમાં એ નવા વસવા આવનારાઓને બધી રીતે આનંદ આવ્યો. તેઓની પોતાની, તથા તેઓએ દૂધ, ઊન, માંસ તથા ભારવહન એ બધાં માટે સાથે આણેલા માત્ર એક જ પશુ લામાની ઓલાદ ધીમેધીમે વધતી ચાલી. માત્ર તેઓને એક જ દુઃખ હતું અને તે તેઓના આખા જીવનને ખારૂં કરી દેતું હતું.

અને આ દુઃખ તે કોઇ અગમ્ય કારણોને લીધે તેઓના વસવાટ પછી ફેલાએલું એક નવીન ચેપી દરદ! ત્યાં જન્મેલાં લગભગ બધાં બાળકો આંધળાં જન્મતાં; અને કેટલાક મોટાં છોકરાં તથા પુખ્ત ઉમરનાં માણસોની આંખનું તેજ પણ ઘટવા લાગ્યું હતું. પણ અત્યારની માફક એ જમાનાનાં માણસો દર્દોના ચેપ કે જંતુઓમાં માનતાં ન હતાં, અને તેથી તેઓની ધર્મમુખી બુદ્ધિએ આ નવીન ઉપાધિનું કાંઇક નવીન કારણ કલ્પ્યું. તેઓએ માન્યું કે ત્યા વસ્યા કે તરત સુંદર દેવળ ન બાંધવા માટે જ કુદરતે તેઓને આ સજા કરી હોવી જોઇએ. આ નવી જાગેલી ધર્મની ભાવનાએ, પોતાના એ નવા ચણવાના દેવળમાં સંગ્રહવા માટે સંતોની પ્રસાદી મેળવવાની ભૂખ તેઓમાં જાગૃત કરી; અને આવી પ્રાસાદિક વસ્તુઓ જૂની દુનિયામાંથી જ મળી શકે તેમ હોવાથી, તેઓએ તે લેવા માટે આ માણસને મોકલેલો.

આ માણસ પાસે રૂપાની મોટી લગડી હતી. અને તે સંબંધમાં પ્રશ્ન કરતાં કોઇ શિખાઉ જૂઠાબોલાની ખુલ્લી પડતી સિફતથી તે જણાવતો કે એ દેશના લોકોને રૂપાની જરૂર ન હોવાથી તેઓએ જૂની દુનિયામાંથી આણેલું પોતાનું બધું રૂપું એકઠું કરી પવિત્ર વસ્તુઓની ખરીદી માટે તેને સોંપ્યું હતું. પણ એ બિચારો કદી સ્વદેશ પાછો ન જ ફરી શક્યો, અને એણે ફેલાવેલી એ દંતકથા હજુ પણ આન્ડીઝની આસપાસના પ્રદેશના લોકમાનસમાં અંધોના દેશની અસ્પષ્ટ માન્યતારૂપે ઊંડી ઊતરી ગએલી છે.

અને આવી રીતે જગતથી જુદી પડી ગએલી એ ખીણમાં એ દરદ વધતું ચાલ્યું. વૃદ્ધો લાકડી રાખવા માંડ્યા, યુવાનો ઝાંખું દેખવા લાગ્યા અને બાળકો તદ્દન અંધ અવતરવાં લાગ્યાં.

પણ બીજી રીતે તેઓનું જીવન આરામવાળું હતું. ત્યાં બહારના આક્રમણની બીક ન હતી. કાંટાળાં ઝાડ, જંગલી પશુઓ કે ઝેરી જીવજંતુ જેવું કાંઇપણ ત્યાં ન હતું. માત્ર તેઓએ પોતાની સાથે આણેલાં નિર્દોષ લામા જ આમતેમ નિર્ભયપણે ચરતાં. આમ, એ આખી કોમ પર, ઊનાળાની સંધ્યાની માફક, અંધાપો એવો ધામેધામે પ્રસરતો ગયો કે તેઓના ઉપર આક્રમણ કરી રહેલા આ નવા દુઃખની તીવ્રતાનો ખરેખરો ખ્યાલ તેઓને કદી ન આવ્યો. આંખવાળાં વડેરાંઓએ દૃષ્ટિવિહીન ઊછરતી પ્રજાને ખીણના બધા રાજમાર્ગોથી ધામેધામે પરિચિત કરી દીધી. અને જીવનની બધી જરૂરિયાતોને આ માથે આવી પડતી નવી પરિસ્થિતિને અનુકૂળ કરવાની તાલીમ પણ તેઓએ ધામેધામે મેળવી લીધી. અને એ જરૂરિયાતો પણ કાંઇ બહુ લાંબી ન હતી; કેમકે આખી પ્રજા સાદા અભણ ગામડિયાઓની બનેલી હતી અને સંસ્કૃતિરૂપે તેઓમાં પેરૂની પુરાતન સંસ્કૃતિની આછી છાંટ જ માત્ર રહેવા પામી હતી.

આમ પેઢી પછી પેઢી જેમ જવા માંડી તેમ એ લોકોએ ઘણી જૂની વસ્તુઓને જતી કરી અને કેટલુંક નવું જ્ઞાન સંપાદન કર્યું. તેઓના વડવાઓના દેશવટાની કથા ઉત્તરોત્તર સ્વરુપ બદલતાં પુરાણકથા થઇ રહી. વખત જતાં નિસર્ગની પ્રયોગશાળામાં કામ કરી રહેલાં બળાબળોએ તેઓમાં પણ એક પછી એક એમ તેઓની જરૂર પૂરતા બે મહાપુરુષો સરજાવ્યા. અને તેઓની અસર પ્રજાજીવન પર વધુ સ્થાયી થઇ. આથી તેઓનું સમૂહજીવન સંસ્કાર પામ્યું. અને એમ પેઢી પછી

પેઢી પસાર થતાં થોડા સૈકામાં આદિપુરુષોથી પંદરમી પેઢી આવી ઊભી. એવામાં એક નાના અકસ્માતે બહારની દુનિયામાંથી એક દેખતા માણસને એ જગતમાં હડસેલી દીધો. અને એ નવા આગંતુકની આ કથા છે.

એનું નામ નૂનેઝ હતું. સ્વભાવે સાહસિક અને ઘણું પર્યટન તથા વાચન કરેલું હોઇ પર્વતો પર જોખમી સહેલો કરવાનો તે ખૂબ શોખીન હતો. તેથી ઇક્વેડોરના પર્વતો પર શોધખોળ કરવા આવેલી એક અંગ્રેજ ટુકડીમાં તેઓનો સ્વિસ ભોમીઓ મરણ પામતાં તેણે તેની જગ્યા સ્વીકારી લીધી. તેઓ પર્વત પર આમતેમ ઘણું ભટક્યા અને છેવટે આન્ડીઝના ઉચ્ચતમ શિખર પારાસ્કોટોપીટલ પર પહોંચ્યા. ત્યાં રાત્રે તે અચાનક અદૃશ્ય થયો.

તેઓએ ઘણી બૂમો મારી, ખૂબ સીટીઓ પણ મારી જોઇ; પરંતુ કાંઇ જવાબ ન મળ્યો અને પછીની આખી રાત તે ટુકડીમાંથી કોઇને ઊંઘ ન આવી.

સવારે તપાસ કરતાં નૂનેઝના આમ એકાએક અદૃશ્ય થવાનો ભેદ તેઓને સમજાયો. શિખરના સપાટ ભાગની પૂર્વ તરફની કિનારી પાસેથી એકાએક સીધો ઊતરતો એ ઢાળ હતો, અને એ ઢોળાવ પર લપસી પડ્યા પછી, પડનારને અવાજ કરવાનો પણ અવકાશ મળે એમ ન હતું. નીચે સાંકડી ખીણમાં અત્યંત અંતરને લીધે ઝાંખા પડછાયા જેવાં લાગતાં વૃક્ષો આવી રહ્યાં હતાં. અને એ પછીનું બધું એકસરખા ભૂરાં રંગમાં એકમેક થઇ ગયું હતું.

આ અણધારી આફતથી ત્રાસી જઇ તેઓએ બીજાં આકરાં ચડાણ સર કરવાનો વિચાર માંડી વાળ્યો અને બપોરે ટુકડી તળેટી તરફ પાછી ફરી.

પણ એ પડી ગએલો માનવી જીવતો રહ્યો.

શરૂમાં તો, ઢાળ પર એકાદ હજાર ફૂટ ગબડતો તે રગડ્યો. એ દરમિયાન, તાજા બંધાવા માંડેલા નરમ બરફનું અસ્તર તેને ફરતું લપેટાઇ ગયું અને દર પળે તે જાડું થતું ગયું. અને આમ, આ બરફના આવરણથી રક્ષાએલું તેનું તમ્મર પામેલું શરીર કેટલાય ફૂટ નીચે, તદ્દન કાચા બરફના નરમ થર પર ફેંકાયું.

ત્યાંથી આગળનો ઢાળ સહેજ ત્રાંસો હતો. એના પર દડતો બરફ અને માનવદેહનો આ મોટો ગોળો બંને ગબડતાં ગબડતાં નીચે એક જરાએક સપાટ ભાગમાં સ્થિર થયાં.

ચક્કર ખાતું મગજ જરા શાંત થતાં તેને ઝાંખો ખ્યાલ આવ્યો કે પોતે કોઇ કઠણ બિછાનામાં પડ્યો છે. પણ તરત, હિમસંકટોના અનુભવી એના ચિત્તમાં પરિસ્થિતિનો આછો પ્રકાશ પડ્યો. શરદીની મૂર્ચ્છા તેને સદાને માટે ચોંટે તે પહેલાં તો તરફડિયાં મારી શરીર પરનો બરફનો થર તેણે ખંખેરી નાખ્યો.

તેણે પોતાના શરીર પર હાથ ફેરવ્યો તો માલૂમ પડ્યું કે કોટનાં કેટલાંક બટન તૂટી ગયાં હતાં અને તે પાછળથી માથા પર ઓઢાઇ આવ્યો હતો. ચપ્પુ તૂટીને ગુમ થયું હતું ને દોરીથી બાંધેલી હોવા છતાં ટોપી ઊડી ગઇ હતી. પછી તેને યાદ આવ્યું કે પોતે તો રાતવાસા માટેનું ઝૂંપડું ચણવા પત્થરો શોધવા નીકળ્યો છે! પણ તેની બરફ કાપવાની કુહાડી ક્યાં?

છેવટે તેને સમજાયું કે પોતે પડી ગયો હોવો જોઇએ. ઊગતા ચન્દ્રના પ્રકાશમાં તેણે પોતાની પાછળ ઊંચે નજર કરી અને પોતે પસાર કરેલો એ સીધો, ભયંકર અને નાખી નજર ન પહોંચે એવો આખો ઢોળાવ જોઇ તે દિઙ્મૂઢ થઇ ગયો. અંધકારમાંથી પળેપળ વધુ અને વધુ પ્રકાશિત થતા જતા, એ કારમા વિસ્તાર સામે તે કેટલીક પળો સુધી એકીટશે જોઇ રહ્યો. થોડી વાર એ ઉન્નત શિખરની ભયપ્રદ સુંદરતા તે પી રહ્યો, અને પછી, કાંઇ ન સમજાય એવું ભયાનક હાસ્ય તે હસ્યો!

સખત આઘાત સાથે તેની સમજમાં આવ્યું કે પોતે એ ભીષણ પર્વતના બરફવાળા ભાગને તળિયે પર્વતના નીચલા કંદોરા પર આવી રહેલો છે. દુઃખથી, કળી પડતા પગે તેણે પોતાની આસપાસનો રહ્યોસહ્યો બરફ ખંખેરી નાખ્યો. મહાકષ્ટે તે બેઠો થયો, જરા ખુલ્લી જમીન આવી ત્યાંસુધી નીચે ઊતર્યો અને એક કરાડની ઓથે આવી પડતું મૂક્યું. પછી પોતાના ખમીસના અંદરના ખીસામાંની બાટલીમાંથી થોડો બ્રાન્ડી પીધો અને તરત ભરઊંઘમાં પડી ગયો.

સવારે તેની ઊંઘ, નીચે ઘણે દૂર આવેલા મેદાનમાંથી આવતા પક્ષીઓના કલરવથી ઊડી.

તે બેઠો થયો અને આસપાસ જોયું. પોતે પર્વતના નીચલા કંદોરા પર એક નાનીસરખી ટેકરી પર બેઠો

હતો, અને પોતાના પગ આગળથી, નીચે ઊતરતા પહાડના ઓથારમાં એક મેદાન પથરાએલું હતું. પાછળ નજર કરતાં ઘણો જ ઊંચો બરફથી ઢંકાએલો પર્વત તથા તે પર્વતમાંની જે ચીરાડમાં પોતે બરફ પર લસરતો આવ્યો હતો તે આવી રહેલા હતાં. મેદાનને પેલે પાર નજર કરતાં ત્યાં પણ ઘણે દૂર એવો જ બીજો ઊંચો પર્વત આકાશમાં છાયાચિત્ર જેવો કોતરાઇ રહ્યો હતો; અને એ બે પર્વતો વચ્ચેની તળેટીમાં પૂર્વ અને પશ્ચિમ પથરાઇ રહેલી નીચેની સપાટ ખીણ ઊગતા સૂર્યના સોનરી પ્રકાશમાં સ્મિત કરી રહી હતી. એ તળેટીનો પશ્ચિમનો છેડો સાંકડો થતો જતો હતો અને એ છેડાને રૂંધી રહેલું શિખર ત્યાં આડું પડયું હતું.

તેણે ફરી પોતાના પગ આગળ નીચે નજર કરી. ત્યાં પણ ઉપરના જેવો જ ભયંકર ઢોળાવ આવી રહેલો હતો. આમ, પાછળ છાતી પર તોળાઇ રહેલું સીધું બરફનું ચઢાણ અને નીચે એવો જ ભયંકર પર્વતનો ઢાળ, એ બેની વચ્ચે પર્વતની કટિમેખલા પર તે ફસાઇ પડયો હતો.

વિચાર કરતાં હવે તો ઉપર જવા કરતાં નીચે જવું જ તેને વધુ સલાહભરેલું લાગ્યું. એમાં પણ જાનનો ખતરો તો હતો જ. પણ અશકયતા નહોતી. થોડે દૂર બરફના પાણીથી નીતરતી એક સાંકડી ઊભી ચીર દેખાતી હતી, અને મરણિયા બનેલાને ઠીક ઉપયોગી થઇ શકે એવી તે લાગતી હતી. તે ઊભો થઇ તે તરફ ચાલ્યો.

આ ચીરને તળીએ ઊતરવામાં તેને ધાર્યા કરતાં ઓછી તકલિફ પડી. પછી એક નાનો ડુંગર ઊતરી તે વૃક્ષોવાળા પ્રદેશમાં આવ્યો અને નાનીમોટી ટેકરીઓના ફેર લેતો ત્યાંથી તે આગળ ને આગળ ચાલ્યો. અને આખરે જમીનનો વાંક નીચેના સપાટ મેદાન પર ઊઘડતો જણાયો. ત્યાં તેણે કેટલેક દૂર વિચિત્ર બાંધણીનાં પાકાં ઝૂંપડાં જોયાં. એ દિશામાં જ એણે આગળ વધવા માંડયું.

વધુ નીચે ઊતરતાં ખીણ વધારે અંધારી થવા માંડી; ઊગતા સૂર્યનો પ્રકાશ ત્યાં સુધી પહોંચી શકતો ન હતો તેમજ પક્ષીઓનાં ગાન પણ ત્યાં સંભળાતાં ન હતાં. પર્વતની અંધારી તરાઇમાં તે આવી લાગ્યો હતો.

છેવટે મધ્યાહ્ને તે ખીણની બહાર નીકળ્યો અને એ પ્રકાશિત મેદાનમાં દાખલ થયો. રસ્તે એક ઝરા પાસે તે થાક ખાવા બેઠો.

જેમજેમ તે ખીણમાંની વિવિધ વિગતો પર નજર ફેરવતો ગયો તેમતેમ તેનું આશ્ચર્ય વધતું ગયું. એ મેદાનનો ઘણોખરો ભાગ તો લીલાં ઘાસથી છવાએલો હતો. અને એમાં છૂટાંછવાયાં સુંદર ફૂલો ખીલ્યાં હતાં. તેને પાણી પાવાની વ્યવસ્થા બરાબર કાળજીપૂર્વક કરાએલી લાગતી હતી. અને એવી જ વ્યવસ્થાપૂર્વક થતી ખેતીનાં ચિહ્ન પણ ત્યાં નજરે પડતાં હતાં. જરા ઊંચા ભાગમાં ખીણને ફરતી પાણીની નીક જેવી દીવાલ ચણી લેવામાં આવી હતી. એ દીવાલમાંથી ઝરણ ફૂટી પાકને પાણી પૂરું પાડતાં હતાં. દીવાલમાં સામસામાં બે સ્થળે દરવાજા પણ રાખવામાં આવ્યા હતા. એ દીવાલની બહારના ઢાળો પર લામા ચરી રહ્યાં હતાં, અને તેથી દીવાલની અંદરના ભાગમાં દીવાલને અડીને ફરતાં બાંધેલાં નાનાં ઝૂપડાં એ લામા માટે જ હોવાં જોઇએ એમ અનુમાન થઇ શકતું હતું. દીવાલમાંથી ચોતરફથી ફૂટતાં ઝરણાંનું પાણી ખેતરોને પોષણ આપતું છેવટે મેદાનની વચ્ચોવચ આવેલી નહેરમાં જતું હતું, અને એ નહેર એવી રીતે ઝરણાં ઝીલતી મેદાન સોંસરવી વચ્ચે ચાલતી, છેડા આગળ દીવાલને ભેદતી જતી હતી. તથા ખેતરોને પાતાં વધેલું તેમાંનું પાણી એવી રીતે દીવાલ બહાર ધોધ રૂપે પડી, ત્યાંથી નીચેની ખીણ તરફ માર્ગ કરી લેતું હતું. મેદાન વચ્ચે આવેલી આ નહેરને પણ બંને બાજુએ છાતી જેટલી ઊંચી દીવાલથી બંધ કરવામાં આવી હતી.

વળી એ મેદાનમાં કાળા અને સફેદ પત્થરોની પૂરણીથી બાંધેલા રસ્તાઓમાં એક ખાસ વિચિત્રતા એ હતી કે તેની પણ બંને બાજુએ પત્થરોની નાની પાળ હતી, અને રસ્તાઓ એક બીજા સાથે અમુક ચોક્કસ ખૂણે જ મળતા.

એ મેદાનના એક ભાગમાં એક ગામ હતું. પણ એ 'ગામ' એટલે એક સ્વચ્છ અને સીધીદોર શેરીની બંને બાજુએ સમાંતર આવી રહેલી ઘરોની હાર. એ ઘરોમાં એકએક બારણા સિવાય બીજાં બારીબારણાં જેવું કાંઇ ન હતું, અને બધાં ઘરનાં પ્રવેશદ્વારો એકસરખી



નહેરમાંથી પાણી ભરી જતા એ ત્રણે જણા પાસે પહોંચતાં નૂનેઝે જોયું કે તે ખરેખર આંધળા હતા.

સીધી લીટીમાં જ રાખેલાં હતાં. પણ એ બારણાની આ યોજના સપ્રમાણતાના શૉખને ખાતર રખાએલી હોય એમ માની શકાય તેમ ન હતું, કેમકે એ ઘરો પર લગાડેલા રંગીન માટીના અસ્તરના રંગોની ગોઠવણીમાં કંટાળો ઉપજાવે એવી અરાજકતા હતી. એ રંગ કયાંક ભૂરો, કયાંક રાખોડી અને કયાંક રતાશપડતો હતો. અને તેથી એ રંગોની અનિયમિતતા જોઇ તેનાથી સ્હેજ બોલાઇ જવાયું, 'આ રંગ લગાડનાર આંધળો હોવો જોઇએ.'

તે એક સીધો ઢોળાવ ઊતર્યો અને અંદરની નહેરનું પાણી જ્યાં દિવાલ બહાર ઝીણાતું પડતું હતું ત્યાં આવ્યો. અહીં ઊંચાણમાં ઊભા રહી તેણે મેદાનને ફરતી આવેલી દિવાલ ઉપર થઇને નજર ફેંકી તો સૂકાં ઘાસ પર આળોટતાં કેટલાંક સ્ત્રીપુરુષો જોયાં. ગામની નજીકના એક કયારામાં એવી જ રીતે કેટલાંક છોકરાં ઊંઘતાં પડ્યાં હતાં. ત્રણ માણસો તેનો અવાજ સંભળાય એટલે નજીક નહેરમાંથી પાણી ભરીને ગામ તરફ જઇ રહ્યા હતા. આ ત્રણે જણનાં કપડાં લામાના વાળનાં હતાં, તથા તેઓના જોડા લામાના જ ચામડાના હતા. તેઓનાં માથાં પર કાન તથા ગળાંને ઢાંકી રહેલી ટોપીઓ હતી. જાણે આખી રાતનો ઉજાગરો હોય એમ બગાસાં ખાતા એકબીજાની પાછળ તેઓ હારબંધ ચાલ્યા જતા હતા. એમને જોઇને પોતાના ટેકરા પર જરા આગળપડતા ઊભા રહી નૂનેઝે ઊંચેથી બૂમ મારી અને આસપાસના ટેકરા ગાજી ઊઠ્યા.

એ ત્રણ જણા અટકયા અને જાણે એ અવાજને ફરીફરીને સાંભળવા પોતાનાં માથાં આમથી તેમ, ઊંચાનીચાં કર્યાં વગર, ફેરવી રહ્યા. નૂનેઝે તેઓનું ધ્યાન પોતા તરફ ખેંચવા હાથ ઊંચા કર્યા; પણ તે તરફ ધ્યાન ન આપતાં તેઓએ તેની સામે આવેલા પડઘો પાડતા પર્વત તરફ ફરી તેના બોલવાનો જવાબ આપ્યો. નૂનેઝે બીજી બેત્રણ બૂમ મારી અને હાથથી ઘણી નિશાની કરી જોઈ; પણ તેમ છતાં જ્યારે તેઓનું ધ્યાન તેના તરફ ન જ ગયું ત્યારે તેને થયું કે તે આંધળા હોવા જોઇએ.

તે ટેકરા પરથી નીચે ઊતર્યો, રસ્તામાં આવતો નાનો પૂલ ઓળંગ્યો અને દરવાજામાં દાખલ થઇ તેણે જોયું તો ખરેખર તેઓ આંધળા જ હતા.

હવે તેને સમજાયું કે દંતકથામાંનો આંધળાઓનો દેશ તે આ જ. ભાવી રોમાંચની ગર્વભરી કલ્પનાઓનો રોમહર્ષ તેને પલવાર થઇ આવ્યો. પોતાનું બરફમાં લપસી પડવું જાણે સાર્થક થઇ ગયું હોય તેમ તેને લાગ્યું.

પેલા ત્રણ જણા આ નવા આવનારનાં પગલાં પરથી તેને ઓળખવા તેના તરફ કાન માંડીને ઊભા હતા. તેઓનાં મોઢાં પર અજ્ઞાતનો ભય સ્પષ્ટ તરી આવ્યો હતો. તેમાંના એકે જૂની સ્પૅનિશ ભાષામાં કહ્યું, 'માણસ લાગે છે! પછી માણસ હોય કે ભૂત; પણ ડુંગરામાંથી આવતો લાગે છે!'

પણ નૂનેઝને તેઓના આશ્ચર્ય કે ભયની થોડી જ પડી હતી. તેણે તેઓની આંખ સામે જોયું તો તેઓનાં પોપચાં આંખમાં એવાં દબાઇ તથા ચોંટી ગયાં હતાં કે જોનારને એમ જ લાગે કે અંદર ડોળા જ નહિ હોય. આ એક જ ચિહ્ને તેને અજબ આશા આપી, અને જીવનના કોઇ ચિરસ્મરણીય પ્રદેશમાં પગ માંડતા નસીબદારની માફક હિંમતભેર પગલાં ભરતો તે આગળ આવ્યો. અંધોના આ અગમ્ય, ખોવાએલા દેશ સંબંધેની બધી દંતકથાઓ હવે તેના મનમાં પળવારમાં તાજી થઇ નાચી રહી, અને પેલી જૂની કહેવત 'આંધળામાં કાણીઓ રાજા' એ કોઈ પ્રિય ગાયનની છેવટની પંક્તિ હોય એમ એની કલ્પનામાં કોઇ ભેદી સૂર પૂરી રહી.

તેણે પોતાની માતૃભાષા—નવી સ્પૅનિશ ભાષામાં તેઓની સાથે વાત કરવા માંડી.

આંધળાઓ એકબીજા તરફ કાન માંડી રહ્યા.

'એ ક્યાંથી આવે છે, ભાઈ પેડ્રો?' એકે પૂછ્યું.

'પર્વતમાંથી!' બીજાએ આશ્ચર્યપૂર્વક કહ્યું.

'હું પર્વતને "પેલે પાર"થી આવું છું.' નૂનેઝે સુધારો કર્યો: 'હું એ દેશમાંથી આવું છું જ્યાં માણસો "જોઇ" શકે છે. લાખોની વસતિવાળું એ બોગોટા શહેર, જેનો વિસ્તાર નજરની બહાર ચાલ્યો જાય છે ત્યાંથી હું આવું છું.'

'નજર!' પેડ્રોએ પ્રતિધ્વનિ કર્યો: 'નજર?'

'તે નક્કી પર્વતમાંથી જ આવે છે.' ત્રીજા અંધે કહ્યું.

નૂનેઝ તેઓનાં કપડાંની વિચિત્રતા પર હસતો તે તરફ જોઈ રહ્યો. કાપડની બનાવટ તથા સીલાઇ બંને વિચિત્ર હતાં. પણ એ દરમિયાન અંધો બીજું વિચારી રહ્યા હતા. તેઓએ પોતાના હાથ આગળ લંબાવી તેના તરફ એક સામટો ધસારો કર્યો. નૂનેઝ તેમના પંજામાંથી છટકવા પાછો હઠ્યો; પણ ત્રીજા અંધે તેની ગતિ પારખી લઇને તેની દિશામાં પોતાનો હાથ લંબાવી તેને પકડ્યો ને કહ્યું, 'અહીં આવ.'

અને પછી એ ત્રણ જણાએ તેને ચુપચુપ પકડી રાખી તેના આખા શરીર પર હાથ ફેરવી તેની પૂરેપૂરી તપાસ કરી લીધી. તેઓના હાથ તેના ચહેરા પર ફરતા આંખ આગળ આવ્યા એવી જ નૂનેઝે બૂમ પાડી 'જોજો સંભાળજો!' અંધોને પણ આ નવા પ્રાણીમાં ફરકતી પાંપણો વાળી તથા ઉઘાડવાસ થાય એવી આ ઇન્દ્રિયનું હોવું ચમત્કાર જેવું લાગ્યું અને તેના પર ફરી ફરીને તેઓએ હાથ ફેરવ્યા!

'કાંઇક વિચિત્ર પ્રાણી, ખરું કોરીઆ?' પેડ્રોએ કહ્યું, 'એના વાળ તો તપાસ! કેવા લામા જેવા બરડ છે?'

'બરડ તો હોય જ ને, એ પત્થરોમાંથી નીકળ્યો છે તે!' કોરીઆએ એની હજામત ચડેલી દાઢી પર હાથ ફેરવતાં કહ્યું: 'પણ કદાચ અહીં આપણી સાથે રહેશે એટલે ઠીક થઇ જશે.'

નૂનેઝને આ પરીક્ષા આકરી લાગી. તેણે તેઓના હાથમાંથી છૂટવા પ્રયત્ન કરી જોયો, પણ તેઓએ તેને ખૂબ મજબૂત પકડી રાખ્યો.

'જરા સંભાળજો!' તેણે ફરીથી ફરિયાદ કરી.

'તે બોલે છે!' ત્રીજા અંધે એની આ વખતની ભાષા સમજતાં કાંઈક આશ્ચર્યથી કહ્યું: 'જરૂર તે માણસ છે.'

પેડ્રોએ તેનો કોટ તપાસી જોયો. એના કાપડની વિચિત્ર કુણાશ તેણે આશ્ચર્યનો ઉદ્દગાર કાઢ્યો અને કહ્યું: 'અને હવે તું "દુનિયામાં" આવ્યો!'

'દુનિયામાં "થી" આવ્યો છું.' નૂનેઝે ફરી સુધારો કર્યો. 'આમ આકાશ જેટલા ઊંચા પર્વતો અને હિમ—નદીઓ ઓળંગીને પેલે પારથી આવું છું. અને ખરી દુનિયા તો એ પર્વતોની પાછળ ઢંકાએલી છે. એ દુનિયા સોંસરવું સમુદ્ર સુધી જતાં અર્ધો મહિનો લાગી જાય એવડી એ વિશાળ છે.'

અંધોનું ધ્યાન આ વાત તરફ ન હતું. કોરીઆએ

પોતાના મિત્રોને પ્રકૃતિનો આ નવો ચમત્કાર સમજાવતાં કહ્યું, 'આપણા બાપદાદા કહેતા આવ્યા છે કે મનુષ્યની ઉત્પત્તિ કુદરતની શક્તિઓની ક્રિયા—પ્રતિક્રિયામાંથી થાય છેઃ કાંઇક ભિનાશ, કાંઇક ગરમી અને કાંઇક સડો,—હું એ સડો!'

'ચાલો આપણે એને મોટેરાં પાસે લઇ જઇએ.' પેડ્રોએ મત આપ્યો.

'પહેલાં બૂમ મારી ખબર આપો.' કોરીઆએ કહ્યું: 'નહિ તો વળી છોકરાં આ નવું ભૂત સાંભળી બી મરશે.'

અને તેઓએ પહેલાં એ પ્રમાણે ખબર આપ્યા. પછી નૂનેઝનો હાથ પકડી પેડ્રો આગળ ચાલ્યો.

'મને દોરવાની જરૂર નથી.' નૂનેઝે પોતાનો હાથ છોડાવતાં કહ્યું: 'હું જોઇ શકું છું.'

'જોઇ? એ શું?' કોરીઆએ આશ્ચર્યથી પૂછ્યું.

'હા, જોઇ શકું છું.' કહેતાં નૂનેઝ પાછળ ચાલ્યા આવતા કોરીઆ તરફ જોવા જતાં પેડ્રોના હાથમાંના પાણીના વાસણ સાથે અફળાયો.

આથી ત્રીજા અંધે કહ્યું, 'એની ઇન્દ્રિયો હજુ કાચી લાગે છે. તે ન સમજાય એવું બોલે છે અને ચાલતાં આખડે છે, માટે એને બરાબર દોરજો!

'તમારી મરજી.' કહેતાં નૂનેઝે હસી પોતાનો હાથ પેડ્રોના હાથમાં રહેવા દીધો અને આગળ ચાલવા માંડ્યું.

બિચારા! આ અંધોને નજરની કલ્પના સુદ્ધાં ન હતી. પણ આશાવંત નૂનેઝને લાગ્યું કે એ શીખવવા કુદરતે તેને અહીં મોકલ્યો હતો.

તેમને જોવા માણસોનું એક મોટું ટોળું જમા થયું. અંધોનું આવડું મોટું ટોળું એકસામટું જોવામાં નૂનેઝને ધાર્યા કરતાં વધુ હિંમતની જરૂર પડી. એ લોકોમાંના કેટલાક તો આંખ ન હોવા છતાં પણ સુંદર શરીરવાળા હતા. સૌ તેની આસપાસ ફરી વળી પોતાનાં તીવ્ર સ્પર્શશક્તિવાળાં આંગળાંથી તેને પકડી તેને સુંઘવા લાગ્યાં તથા તે બોલે તે ખૂબ ધ્યાનપૂર્વક સાંભળવા લાગ્યાં. અને એમના અવાજ સાથે સરખાવતાં નૂનેઝનો અવાજ એવો જલદ અને કર્કશ હતો કે કેટલાંક નાનાં છોકરાં તેનાથી ભય પામીને દૂર જઈ ઊભાં રહ્યાં. એ બધો વખત તેના ત્રણ ભોમીઆ માલિકીના ભાવે તેની નજીક જ ઊભા હતા અને નવાંનવાં માણસોને ઉત્સાહભેર તેની ઓળખાણ આપતા જતા હતાઃ 'પર્વતમાંથી નીકળેલો એક જંગલી માણસ!'

નૂનેઝને આથી ક્રોધ ચડ્યો. પોતાના ઉત્પત્તિસ્થાન તરીકે પર્વત સૂચવાય એ તેને અસહ્ય લાગ્યું. આથી સુધારા અર્થે પોતાના શહેરનું નામ જણાવ્યું: 'બોગોટા!' તેણે ગુસ્સામાં કહ્યું: 'બોગોટા—પર્વતને પેલે પાર.'

પેડ્રોએ હસતાંહસતાં તેની દયા ખાતાં કહ્યું, 'બિચારો હજુ જંગલી છે અને પૂરૂં બોલતાં શીખ્યો નથી. પેલું તે બોલ્યો તે તમે સાભળ્યું? "બોગોટા"! હજુ તે હમણાં જ બોલતાં શીખ્યો લાગે છે!'

પાછળથી એક નાના છોકરાએ તેના હાથમાં ચીંટીઓ ભરી મશ્કરી કરી: 'બોગોટા!'

'હા, બોગોટા!' તેણે ગુસ્સાથી હાથની ખાલી ગએલી ઝાપટ મારતાં કહ્યું: 'તમારી આ અંધારી ખાઇ સાથે સરખાવતાં એક મહાન શહેર, બોગોટા. જયાં માણસોને આંખ છે, અને જોઇ શકે છે.'

'એનું નામ બોગોટા લાગે છે.' કેટલાક માણસો બબડ્યા.

'ચાલો એ બોગોટાને વડીલો પાસે લઈ જઇએ.' બીજા કેટલાકે કહ્યું.

અને તુરત તેઓ તેને ઉજાસ વિનાના એક ઓરડામાં લઇ ગયા. આ ઓરડામાં અહીંના સામાન્ય નિયમ મુજબ માત્ર એક જ બારણું હતું અને તેમાં માણસોનું ટોળું ભરાયાથી તે અંદર કાંઈ પણ જોઇ શકતો ન હતો. આથી વચમાં બેઠેલા એક માણસના પગની ઠેસ લાગતાં તે લાંબો થઇ પડ્યો. પડતાંપડતાં તેના હાથ હવામાં ફેલાયા અને કોઇના મોઢાને તમાચો મારતા ગયા. પેલાએ ગુસ્સામાં ચીસ નાખી અને તુરત તેને પકડી રહેલા અનેક હાથ સામે તે તરફડીઆં મારી રહ્યો. તેને એકાએક વસ્તુસ્થિતિ સમજાઇ અને તેણે માફી માગી: 'હું પડી ગયો હતો, કેમકે અંધારામાં કાંઇ જોઇ શક્યો નહિ.'

થોડી વાર બધાં સ્થિર થઇ ગયાં અને તેણે બોલેલા શબ્દો સમજવા યત્ન કરવા લાગ્યાં. છેવટે કોરીઆએ ખુલાસો કર્યો કે 'તે હમણાં તાજો જ ઉત્પન્ન થયો લાગે છે; ચાલતાં પડે છે અને ન સમજાય એવા શબ્દ વાપરે છે.' બીજા પણ કેટલાકોએ તેના વિષે

જુદાજુદા અભિપ્રાય આપ્યા, જેમાંના ઘણાખરા તે સમજી કે પૂરા સાંભળી પણ શક્યો નહિ.

છેવટે તેણે પૂછ્યું, 'હવે હું બેઠો થાઉં? ફરીથી હું તમારી સામે આખડીશ નહિ.'

થોડી મસલત પછી તેઓએ તેને તેમ કરવા મંજૂરી આપી. અને હવે વૃદ્ધો શું કહે છે તે સાંભળવા બધાં કાન ધરી ઊભાં.

થોડી વારે એક વૃદ્ધે તેને પ્રશ્નો પૂછવાની શરૂઆત કરી. નૂનેઝે પ્રથમ ઉત્સાહથી પોતે જે મહાન જગતમાંથી આવ્યો હતો તેનું વર્ણન કરવા માંડ્યું. પણ થોડી જ વારમાં તેનો બધો ઉત્સાહ નિરાશામાં ફેરવાવા માંડ્યો. તેણે આકાશ, પર્વતો, દૃષ્ટિ, રંગો, એ બધાં દૃશ્ય સૌંદર્યનું બન્યું એટલું રસિક વર્ણન તેઓની આગળ કર્યું. પણ તેઓ તેમાંનું કાંઇ સમજી ન શક્યા, તેમ સમજવાની ઇચ્છા પણ ન બતાવી. જ્ઞાન તરફની તેઓની આ બેદરકારી નૂનેઝને અક્ષમ્ય લાગી.

પણ એમાં એ અંધોનો દોષ ન હતો. ચૌદ ચૌદ પેઢીથી આ આખી પ્રજા અંધ રહી હતી અને દૃષ્ટિના જગત સાથેનો તેનો સંબંધ સૈકાઓ થયાં લુપ્ત થયો હતો. દૃષ્ટિ સાથે સંબંધ ધરાવતી તેઓની બધી જૂની ભાવનાઓ કાં તો અસ્ત થઇ હતી કે બીજી ઇંદ્રિયોની ભાષામાં રૂપાંતર પામી હતી અને તદનુસાર પહાડો પાછળના જગતની વાત પણ હવે પરીઓની કથાઓના જેવી રહસ્યમય વાર્તાઓ જ બની ગઇ હતી.

હવે તેઓની બુદ્ધિ પોતાની દુનિયાને ફરતી આવેલી ગિરિમાળાઓની પેલે પારની કોઇપણ બાબતમાં રસ લેતી બંધ થઇ હતી. જેમ બધી પ્રજાઓમાં રૂઢિભંજક નરવીરો સમયાનુસાર પાકે છે અને એકાંતિક સત્યની પરવા કર્યા વિના સ્થળકાળને અનુલક્ષીને પ્રજાની ભાવના ઘડે છે તેમ તેઓની પ્રજામાં પણ અંધ મહાપુરુષો ઉત્પન્ન થયા હતા. તેઓએ પોતાને કલ્પનાતીત ભૂતકાળમાંથી વારસામાં મળેલી, દૃષ્ટિ સાથે સંબંધ ધરાવતી, બધી જૂની માન્યતાઓની યથાર્થતાની ખૂબ ઝીણવટથી ચર્ચા કરી હતી; અને વાદવિવાદમાં તેઓના જ્ઞાનની વર્તમાન ભૂમિકા પરથી પોતાના મુદ્દા સાબિત નહિ કરી શકનારા જૂના મતવાળાઓને હરાવ્યા હતા. અને પછી એ નૂતન મતવાદીઓએ ચક્ષુમય યુગની બધી માન્યતાઓને, કલ્પનાશીલ અને ભોળાં લોકોને પરલોકની વાતોથી ભમાવનારાં ડાહ્યલાંઓની કલ્પનાના હવાઇ કિલ્લા જેવી ગણી, પ્રજાજીવનમાંથી રૂખસદ અપાવી હતી. અને યુગબળે આ સુધારા દાખલ થયા પછી તેઓએ બાહ્ય જગત સંબંધેના પોતાના કલ્પનાને વ્યવહારૂ રૂપ આપ્યું હતું અને નાક, કાન તથા ત્વચાને ગોચર થઇ શકે એવી ભાવનાઓમાં તેઓએ પોતાનો એ નૂતન ક્રમ રચ્યો હતો. અને તેથી તેઓના ઇતિહાસ અને તત્ત્વજ્ઞાન તથા ધર્મ એ ઇન્દ્રિયમર્યાદાઓમાં જ હવે સમાઇ ગયાં હતાં.

નૂનેઝે અત્યંત દિલગીરી સાથે આ બધું સાંભળ્યું. તેણે કલ્પેલું કે પોતાની લલચાવનારી વાતો પર આફ્રીન થઇ આ લોકો પોતાની શક્તિની ઇર્ષ્યા કરશે અને પોતાના તરફ માનસહિત જોશે. પણ એમાંનું કાંઇ ન બનતાં તો તે ઊલટો જૂના જમાનાના વહેમી તરીકે હાસ્યને પાત્ર થયો. દૃષ્ટિના ખૂબીઓ સમજાવવાના એના બધા મિથ્યા પ્રયાસોને એ લોકોએ નવા ઉત્પન્ન થએલા માનવીના, વિચાર વ્યક્ત કરવાના નિષ્ફળ પ્રયત્ન તરીકે ગણી લીધા; અને પછી તેની ઇર્ષ્યા કરવાને બદલે તેની દયા ખાધી અને તેને 'સુધારવા' માટે શિખામણો આપવા માંડી.

અને એ વૃદ્ધે તેને 'ધર્મ', 'જીવનની ફિલસૂફી', 'સૃષ્ટિની ઉત્પત્તિ' વગેરે સમજાવ્યાં. તેના સમજાવ્યા પ્રમાણે સૃષ્ટિ (તેઓની 'સૃષ્ટિ' એ ખીણમાં જ સમાઇ જતી હતી) પ્રથમ પર્વતોની વચ્ચે એક ખાલી અવકાશરૂપ હતી. પછી તેમાં સ્પર્શની શકિત વિનાનાં, નિર્જીવ કહી શકાય એવાં પ્રાણીઓ, બીજાં ઓછી બુદ્ધિવાળાં પ્રાણીઓ, થોડાંક લામા અને છેવટે માણસ આવ્યાં. અને પછી ત્યાં કેટલાંક દૈવી પ્રાણીઓ અગર ફિરિસ્તાઓ જેને માણસો ગાતાં કે ફડફડાટ કરતાં સાંભળી શકે પણ હાથ ન લગાડી શકે તે આવ્યાં. (આ ફિરિસ્તાઓની કલ્પનાએ નૂનેઝને પ્રથમ મૂંઝવ્યો, પણ પછી તેને પક્ષીઓ યાદ આવ્યાં.) આગળ જતાં વૃદ્ધે સમજાવ્યું કે સૃષ્ટિના સમયના બે ભાગ છે: ગરમ અને ઠંડો (આપણા અનુક્રમે દિવસ ને રાત). અને તેણે કહ્યું કે એ ગરમ ભાગમાં માણસે ઊંઘ લેવી જોઇએ, જેથી ખુલ્લાં મેદાનમાં સૂકાં ઘાસ પર ગમે ત્યાં એકાંત જગ્યા શોધી ઘસઘસાટ ઊંઘ લઇ

શકાય; અને ઠંડા ભાગમાં કામ કરવું તથા હરવુંફરવું જોઇએ જેથી કસરતથી ઠંડીને દૂર રાખી શકાય. એટલે જો અત્યારે નૂનેઝ એ ગામમાં આવ્યો ન હોત તો બધા આરામથી ઊંઘતા હોત.

વળી તેણે કહ્યું કે નૂનેઝ આમ કુદરતી રીતે આપોઆપ 'ઉત્પન્ન થયો (તેના આગમનનો બીજો એક પણ ખુલાસો વજનદાર ગણવા તેઓ તૈયાર ન હતા.) એમાં કુદરતનો કાંઇક હેતુ હોવો જોઇએ. અને એ હેતુ, આ પ્રજાએ સૈકાઓની સંસ્કૃતિ પછી સંપાદન કરેલું જ્ઞાન સાચવી રાખી તેને ભવિષ્યની પ્રજા આગળ પહોંચાડવા સિવાય બીજો શો હોય? આથી તેણે હિંમતભેર જાહેર કર્યું કે નૂનેઝની બધી વિચિત્ર ખાસિયતો છતાં જો તે જરા વધુ ધીરજ રાખે તો ધીમેધીમે સૃષ્ટિની વસ્તુઓના આકાર, કદ, સ્થાન વગેરે સંબંધી બધું ઉપયોગી જ્ઞાન તે સંપાદન કરી શકે.

અને હવે બધાને ઘેન ચડવા માંડેલું હોવાથી તેણે જાહેર કર્યું કે બધાએ સૂઇ જવું જોઇએ. વૃદ્ધે નૂનેઝને ઊંઘતાં આવડે છે કે નહિ તે બાબત પૂછ્યું. નૂનેઝે કહ્યું કે તે તો પોતાને સારી રીતે આવડતું હતું, પણ તે પહેલાં તેને ખોરાકની જરૂર હતી.

તેઓએ તેને ખાવા માટે મીઠું નાખીને બનાવેલો રોટલો તથા એક પ્યાલામાં લામાનું દૂધ આણી આપ્યું અને પછી તેઓની ઊંઘમાં ખલેલ ન પડે એવા એકાંત ભાગમાં તેને ખાવા માટે મૂકી ગયા, તથા પર્વતની ઠંડી તેઓને પોતાનું 'દિવસ'નું કામ શરૂ કરવા જગાડે ત્યાંસુધી એ જગ્યાએ ઊંઘવાનું કહી તેઓ ચાલ્યા ગયા.

પણ નૂનેઝને, કાંઇક વિચારોને અંગે તથા કાંઇક દિવસે ખુલ્લામાં ફરવાની જૂની ટેવને લીધે એમ ઊંઘ આવે એમ ન હતું. તે ખાઇને પોતે જે માર્ગે આ દેશમાં આવ્યો હતો તે માર્ગ સામે જોતો વિચાર કરતો એક પથ્થરને અઢેલીને બેઠો. પોતે આ પ્રદેશમાં પ્રવેશ કરતી વખતે કરેલી સોનેરી કલ્પનાઓ સાથે પોતાની અત્યારની સ્થિતિ સરખાવતાં તેનાથી ક્યારેક મજાકમાં અને ક્યારેક ગુસ્સામાં હસી જવાતું.

'હજુ હું અણઘડ છું! હા! હા!' તે હસ્યો. 'હજુ બુદ્ધિ પૂરી ખીલી નથી! બિચારા આંધળા થોડું જ જાણે છે કે તેઓ પોતાના ભવિષ્યના રાજાનું આ શબ્દોથી અપમાન કરી રહ્યા છે?! મારે તેઓને સીધા કરવા પડશે, પણ હજુ વિચાર કરવા દે.'

અને એમ છેક સૂર્યાસ્ત સુધી તે વિચાર કરતો રહ્યો. તેનું સૌંદર્યભાન અપ્રતિમ હતું અને એ ખીણમાંથી બરફથી ઢંકાએલા પર્વતો પરના શાંત સૂર્યાસ્તનું સૌંદર્ય જોઇ તે મુગ્ધ થયો. કલ્પના તથા દૃષ્ટિને શોભાવતાં એ અપ્રાપ્ય ગિરિશૃંગો પર ફરતી તેની નજર એકાએક પાસેના ગામની દિવાલો તથા એ આખી વિકૃત અંધસૃષ્ટિ પર પડી. તેનામાં એ બંને દશ્યોની સમ્યક્ તુલનાએ લાગણીનો અજબ ઊભરો આણ્યો અને પોતાને આંખો આપવા માટે તેણે અનેકવાર હૃદયના ઊંડાણમાંથી પરમાત્માનો ઉપકાર માન્યો.

તેની વિચારતન્દ્રા ગામ તરફથી આવતા એક અવાજથી તૂટી. 'અરે ઓ, બોગોટા! અહીં આવ્યા છો?'

આ સાંભળી તે હસતો હસતો ઊભો થયો. મનુષ્યને માટે આંખ શું શું કરી શકે તે આ લોકોને બતાવવાનો—એકવાર એ લોકો પોતાને શોધીને ધારે એવું કરવાનો તેણે નિશ્ચય કર્યો.

પણ પેલા અવાજે કહ્યું'હરીશફરીશ નહિ, બોગોટા!'

તે મંદ હસ્યો અને રસ્તા પરથી બે કદમ બાજુ પર ઊતરી ગયો. પણ ત્યાં તો પેલો બોલી ઊઠ્યો: 'ખડ પર ચાલ નહિ, બોગોટા. તેમ કરવાની મના છે.'

નૂનેઝ આ છેલ્લી વાત સાંભળી બહુ આશ્ચર્ય પામ્યો. પોતાનાં પગલાંનો અવાજ એણે પોતે જ સાંભળ્યો ન હતો, અને છતાં આટલે દૂરથી આ અંધે એની ગતિ પારખી લીધી હતી!

પેલો માણસ એ સ્વચ્છ રસ્તા પર દોડતો આવ્યો. નૂનેઝ પાછો રસ્તા પર આવી ઊભો અને બોલ્યો, 'હું આ રહ્યો.'

'બોલાવ્યો ત્યારે કેમ ન આવ્યો?' પેલા અંધે કહ્યું. 'ચાલવાના અવાજ પરથી રસ્તો પારખતાં ન આવડે?'

નૂનેઝ હસ્યો: 'મારે રસ્તો પારખવાની જરૂર નથી. હું તો "જોઇ" શકું છું.'

અંધ થોડીવાર વિચારમાં પડી ગયો. અંતે તેણે કહ્યું: 'છટ્. "જોવું" એવો કોઇ શબ્દ દુનિયામાં નથી. હવે તારી એ મૂર્ખાઇ જવા દે અને મારા પગલાં સાંભળતો ચાલ્યો આવ.'

નૂનેઝ તિરસ્કાર પૂર્વક હસ્યો અને બબડ્યો: 'મારો સમય ચાલ્યો આવે છે.' અને એ અંધની પાછળ ચાલ્યો.


'હા, તને હજુ ઘણું શીખવાનું મળશે.' પેલા અંધે જવાબ આપ્યો: 'દુનિયામાં ઘણું શીખવાનું છે.'

રસ્તે ચાલતાં નૂનેઝે એ અંધને પૂછ્યું: 'તમને કોઈએ પેલી કહેવત શીખવી નથી કે "આંધળામાં કાણીઓ રાજા"?'

'"આંધળા" શું?' એ અંધે બેદરકારીથી પૂછ્યું.

નૂનેઝ આણી વાટ ચૂપ રહ્યો.

(આવતા અંકમાં પૂરી) હરિકૃષ્ણ વ્યાસ



અથાણું

રમણ: આપણા હાથ ક્રિયાપદ જેવા છે.

વિનુ: તે કેમ?

રમણ: કારણ તે સકર્મક પણ હોય છે ને અકર્મક પણ!

ન્યાયાધીશ: કેવી સાક્ષી આપો છો? તમારા ચહેરામાં યે નર્યું ગધેડાપણું જ નજરે પડે છે!

સાક્ષી: મને ખબર નહિ, સાહેબ! કે આપનું પ્રતિબિંબ મારા ચહેરામાં પડતું હશે!



રખેવાળ: (દોડતા આવીને) કોની પરવાનગીથી તું પાણીમાં ઊતર્યો? ઊભો રહેજે! હમણાં જ તને બહાર ઘસડી કાઢું છું.

ડૂબતો માણસ: મને પણ એટલું જ જોઇએ છે; જલદી કર ભાઇ!



શેઠ: એમાં મોઢું શાનો બગાડે છે? તને આ બધો સામાન લાવતાં એક મિનિટ લાગી છે તેનો એક આનો તો આપ્યો! મિનિટનો આનો એટલે કલાકના પોણાચાર રૂપિયા થયા, સમજ્યો?!

મુંબાઇમાં રાતના બે વાગ્યે એક ડાક્ટરને ઉઠાડીને એક ગૃહસ્થે કહ્યું, 'પાર્લા ખાતે એક દરદી બહુ હેરાન થાય છે તેને જોવા આવવાની આપની ફી શું થશે?'

'દસ રૂપિયા' ડાક્ટરે કહ્યું.

'કબૂલ છે, ચાલો.'

ડાક્ટરે પોતાની મોટર કાઢીને તે ગૃહસ્થને લઇ ચાલવા પાર્લા પહોંચ્યા એટલે તે ગૃહસ્થે દસ રૂપિયા ડાક્ટરના હાથમાં મૂકી વિદાય લીધી.

'પણ દરદી ક્યાં?' ડાક્ટરે પૂછ્યું.

'દરદી તો કોઈ નહોતો, સાહેબ! ટેક્સીવાળાએ અહીં પહોંચાડવાના પંદર રૂપિયા બતાવ્યા, એટલે આપની સાથે સોદો કર્યો.' કહી તે ગૃહસ્થ હસતા હસતા ચાલ્યા ગયા! ડાક્ટર બની ગયા.

એક નવજવાને એક પાદરીને પૂછ્યું: 'સેતાનની ઉમર તમે જણાવી શકશો?'

'તમે તમારી જન્મતિથિ સાથે લાવ્યા છો?' પાદરીએ જવાબ આપ્યો. નવજવાને વધુ હિંમત કરવી માંડી વાળી.




પોલીસ: (કુંભારને મજાકમાં)—એઈ! એ તારા સગાને ક્યાં લઈ ચાલ્યો?

કુંભાર: કોઇ પોલીસવાળો પોતાનો કરી ન બેસાડે એ માટે દૂર લઇ જાઉં છું.



૧૯૯૩ના અષાડનું કુમાર · · · · · વર્ષા · · · · · ચિત્રકાર · રસિકલાલ પરીખ



મૂલગંધકુટિ વિહારના સૌજન્યથી

મહાભિનિષ્ક્રમણ


કલાકાર · કોસેત્સુ નોસુ

હિંદમાં બૌદ્ધ ધર્મનો પુનરુદ્ધાર કરવા તથા જગતના બીજા બૌદ્ધ દેશો સાથે સંપર્ક વધારવા માટે હિંદમાં સારનાથ મુકામે જે મૂલગંધકુટિ નામનો મહાન વિહાર બાંધવામાં આવ્યો છે તેમાં આજથી થોડાંક વર્ષ પર હિંદને કિનારે ઊતરેલા જાપાની ચિત્રકાર મિ. કોસેત્સુ નોસુએ પોતાની સિદ્ધહસ્ત પીંછી વડે બુદ્ધજીવનના કેટલાક મહાન પ્રસંગો આલેખ્યા છે. તેમાંના, આ અંકના પહેલા પાને આપેલા કાવ્યને અનુરૂપ થતા, આ એક ચિત્ર 'મહાભિનિષ્ક્રમણ'નો પરિચય આપતાં કાકાસાહેબ કાલેલકર 'બુદ્ધચરિત'ના સુંદર અને સમૃદ્ધ પુસ્તકમાં લખે છે કે:

જીવનમાંથી પ્રસન્નતાથી માથું ઊંચું કરનાર પોયણાં અને એમની વચ્ચે વિહાર કરનાર કલહંસ એ એક જીવનદર્શન છે, જ્યારે એની પડખે જરા, રોગ અને મૃત્યુ એ હમેશ દર્શન દેનાર અને ટાળ્યા ન ટળનાર જીવનના સાથીઓ પણ છે જ. એમાંથી જ વિરક્તિ દ્વારા રસ્તો કાઢનાર સંન્યાસી એ જીવનનું ત્રીજું પાસું છે. આ ત્રણે પાસાં અનુભવ્યા પછી કયો વિચારી વીર અસ્વસ્થ નહિ થાય, અને આમાંથી રસ્તો કાઢવાનો દૃઢ સંકલ્પ નહિ કરે? પ્રેમસખી સાધ્વી યશોધરા, એની સાથેની પ્રેમગ્રંથી રૂપ અવતાર લેનાર રાહુલ અને એમના સહવાસમાં મણાતા સંગીતાદિ ઉપભોગ એ બધું કેમ છોડાય? અને છોડવું ન હોય, તો ભવરોગમાંથી મુક્ત થવાનું ઓસડ કેમ મળે? એ દુવિધા લાંબા વખત સુધી અનુભવ્યા પછી સિદ્ધાર્થ નિશ્ચય કરે છે કે, 'ના, વીરને માટે એ જ જીવન સફળ છે; મારે ગયે જ છૂટકો.' છતાં ચિત્ત કહે છે, 'હજી વિચાર કર; એક વખત પાસો નાખી દીધા પછી પસ્તાયે કામ નહિ ચાલે.' પણ બુદ્ધ નિર્ણય કરી છૂટે છે. એ વખતનો પ્રેમ, એ સાથેનું કારુણ્ય, કોમળતા ને કઠોરતા, ને એની સાથેની દૃઢતા એ બધું આ ચિત્રમાં સિદ્ધાર્થના મોં પર આપણે જોઈ શકીએ છીએ.

આ સદીની ધાતુ

ઍલ્યુમીનિયમ





વીજળીક પદ્ધતિથી ઍલ્યુમીનિયમ સરતું બનાવવાની રીતનો પહેલો શોધક ચાર્લ્સ માર્ટિન હોલ અને (ઉપર) તેણે પ્રયોગશાળામાં પહેલવહેલા બનાવેલા ઍલ્યુમીનિયમના ટુકડા

પચાસ વરસ પર જે સોનાથી પણ મોંઘી હતી તે આજે દીવાસળીના ટોપકાથી માંડી રાક્ષસી ઝેપલિનો સુધીની બનાવટો સર કરીને એટલી તો સર્વવ્યાપી થઇ ગઇ છે કે માનવસંસ્કૃતિમાં આ યુગ કદાચ તેના નામથી ઓળખાશે

આજનો ધાતુયુગ જે આઠ ધાતુઓને આધારે રહ્યો છે, તેમાં વિજ્ઞાનને બળે મનુષ્યે ઉપજાવેલી ફક્ત એક જ ધાતુ છે અને તે ઍલ્યુમીનિયમ. સિવાયની સાતે ધાતુઓ—લોઢું, ત્રાંબું, સીસું, કલાઇ, જસત, સોનું અને રૂપું—તો પ્રાચીન કાળથી માણસને જાણીતી હતી જ, અને તેમનો ઉપયોગ પણ હર પ્રકારે થતો આવતો. જોકે પ્રયોગશાળાઓ તો હજી યે તેમનો ઉપયોગ સરળ અને વિશાળ બનાવવા તેમના પર પણ અખતરાઓ કર્યે જ રાખે છે. પણ ઍલ્યુમીનિયમ તો પ્રયોગશાળાની હજી એટલી તાજી બનાવટ છે કે જેના પ્રથમ ઉપયોગથી માહિતગાર લોકો યે હજુ જીવે છે.

ઍલ્યુમીનિયમની નવીનતા રેડિયમની નવીનતા જેવી અજબ નથી તેનું કારણ એટલું જ કે દુનિયા પરની એ સર્વસાધારણ ધાતુ છે. ભુસ્તરવેત્તાઓની કલ્પના પ્રમાણે પૃથ્વીનું અંતરાળ ભલે લોખંડના રાક્ષસી જથ્થાથી ભર્યું હોય, પણ માણસની શક્તિ તેના પ્રવેશ માટે મર્યાદિત હોઇ જેટલી હદે તે પ્રવેશી શકે છે ત્યાં સુધીમાં તો કોઇ પણ ધાતુ કરતાં ઍલ્યુમીનિયમનો જથ્થો જ વધી જાય છે. પૃથ્વીના થરોનું પૃથક્કરણ કરનારાઓ કહે છે કે તેનું પૃષ્ઠ સેંકડે આઠ ટકા ઍલ્યુમીનિયમથી ભરેલું છે. એ બધા જથ્થાને જો ટીપી શકાતો હોય તો તેના પાંચ માઇલ જાડાઇના પડ વડે આખી પૃથ્વીના ગોળાને વીંટી શકાય! આ સત્ય પૃથ્વીના પૃષ્ઠમાં તેની વિપુલતાની પ્રતીતિ કરાવશે.

જોકે એ શોધનો સ્ફોટ નવો છે છતાં રાસાયણિકોને શંકા તો બહુ વહેલીજ પડેલી કે પૃથ્વીના પૃષ્ઠની મટોડીમાં કોઇક અજાણ્યું તત્ત્વ છે. પહેલવહેલાં ૧૮૦૭ની સાલમાં સર હંફ્રી ડેવીએ વિદ્યુતથી એક ક્ષારનું પૃથક્કરણ કરતાં જોયું કે તેમાં ધાતવી મૂળતત્ત્વો રહેલા છે. તે પોતે તો તેને ધાતુના રૂપમાં મેળવી ન શક્યો, પણ આ નવી ધાતુને તેણે 'ઍલ્યુમીનયમ'નું નામ આપ્યું, જે હજી કાયમ છે.

ત્યાર બાદ વિદ્યુત્પ્રવાહ અને ચુંબકનો પરસ્પરનો સંબંધ શોધી આધુનિક 'ઇલેકિટ્રકલ એન્જીનીઅરિંગ' સ્થાપનાર ડૅનિશ વિજ્ઞાની હૅન્સ ક્રિશ્ચન ઓર્સ્ટેડે એ અખતરા હાથમાં લીધા અને ઈ. ૧૮૨૫માં સફેદ ભૂકા રૂપે ઍલ્યુમીનિયમનું તદ્દન નજીવું પ્રમાણ તે ઉપજાવી શક્યો.

તેનો જ સમકાલીન જર્મન વિજ્ઞાની પ્રો. ફ્રેડરિક

માણસે વિજ્ઞાનની સહાયે શોધી કાઢેલી પહેલવહેલી ધાતુનો રંગદર્શી ઇતિહાસ



"થ્વીના પેટાળમાં સૌથી વધુમાં વધુ ધાતુ ઍલ્યુમિનિયમની છે એમ કહેવાય છે ઉપરના ચિત્રમાં પૃથ્વીના ગોળા ઉપર મોટા મહાસાગરો અને ખંડોને મુકાબલે ઊભુ રહે એવડું મોટું જે ગોળધાબું ચીતર્યું છે તે પૃથ્વીમાં રહેલા ઍલ્યુમીનિયમના એ જથ્થાનું (પૃથ્વીના કદના સેંકડે ૮ ટકા) પ્રમાણ બતાવે છે!

વૂલર હતો, જેણે 'યૂરિયા'ની શોધ કરી પદાર્થોના સજીવ અને નિર્જીવ એવા ભાગલાઓ રદ કર્યા હતા. એ ચે એ શોધ પાછળ જ મંડેલો. ૧૮૨૭માં ખરેખર તેણે ઍલ્યુમીનિયમનો ઑસ્ટાડ કરતાં વધુ જથ્થો મેળવ્યો—-ટાંકણીના માથા જેટલો!

પણ એટલો યે જથ્થો ઔદ્યોગિક ક્રાન્તિ માટે બસ હતો. ૧૮૪૫માં તો વૂલરે જાહેર કર્યું કે આ નવી ધાતુ ઘડતરમાં બધી ધાતુઓ કરતાં સહેલી છે, એટલું જ નહિ પણ જાણીતી બધી ધાતુઓ કરતાં વજનમાં હલકી છે. લોઢાના ૭·૮ ને તાંબાના ૮·૯ વિશિષ્ટ ગુરુત્વને ઠેકાણે તેનું માત્ર ૨·૭ જ તેણે જણાવ્યું.

આ બાબત બહાર આવતાં સારા યે જગતના વિજ્ઞાનીઓ એ ધાતુ વધારે પ્રમાણમાં ને વધુ સસ્તી કેમ મેળવાય તેના અખતરા પાછળ મંડી પડ્યા. અલબત્ત, વૂલરની શોધ પછી બહુ લાંબે ગાળે ઍલ્યુમીનિયમનો ઔદ્યોગિક ઉપયોગ શરૂ થયો, પણ એ લાંબા ગાળાનું કારણ એ નથી કે વિજ્ઞાનીઓનો ઉત્સાહ મંદ હતો; ખરું કારણ તો તેની પાછળ થતા ખર્ચનું હતું. વૂલરે શોધી કાઢેલા ટાંકણીના માથા જેટલા કણો યે એક રતલના પ્રમાણમાં મેળવવા માટે હજારો રૂપિયા ખર્ચ થવા જાય, જે તેનો ઔદ્યોગિક ઉપયોગ સહન ન જ કરી શકે.

પાછળથી ફ્રેન્ચ વિજ્ઞાની હેન્રી સેંત ક્લેર દ વાઇલે વૂલરની પદ્ધતિમાં ઘટના ફેરફારો કર્યા. સોડિયમની મદદથી તે ઍલ્યુમીનિયમનો એક સળિયો બનાવી શક્યો ને ૧૮૫૫ના પારીસના વિશ્વમેળામાં તે ગોઠવ્યો. આ સળિયા વિષે એક વાત ચાલે છે કે સિયામના મહારાજા આખા મેળામાંથી સૌથી મોંઘી ચીજ ખરીદવા નીકળેલા અને એ ટુકડાથી મોંઘી કોઇપણ ચીજ ન મળતાં એ ખરીદ કરી લીધેલો, જેમાંથી ઘડિયાળની સાંકળી બનવડાવી તેમણે પહેરવા માંડી હતી!

પણ પૂરતા જથ્થામાં ઍલ્યુમીનિયમ મેળવવું હજુ અપ્રાપ્ય જ રહેલું. દ વાઇલે બતાવેલી પદ્ધતિ પ્રમાણે તે મેળવતાં યે રતલે બાર પૌંડનો ખર્ચ તે પાછળ થવા જતો હતો. પણ એ અપ્રાપ્યતાએ લોકોનું આકર્ષણ જબરૂં જમાવ્યું હતું. જાણીને નવાઇ લાગશે કે એ વેળા તેના ઘરેણાં પ્લૅટિનમના ઘરેણાં જેટલી કીમતે વેચાતાં! નેપોલિયન ત્રીજો તો પોતાનાં ખાસ મહેમાનોનો સત્કાર ઍલ્યુમીનિયમના છરીકાંટાથી જ કરતો, જ્યારે ફાલતુ મહેમાનોને ફરજિયાત સોના કે ચાંદીના છરીકાંટા વાપરવા પડતા! ઈ.૧૮૫૨ની સાલ સુધીમાં તો તેનો ભાવ રતલના દોઢસો પૌંડ હતો, અને એટલે જ શહેનશાહ નેપોલિયન એ મોંઘામાં મોંઘી ધાતુનાં બટનો પહેરતો! પણ અપ્રાપ્તિનો એ આખો યે યુગ મટાડી દેનાર ક્રાન્તિ હવે આવી પહોંચી.

પહેલી સફળતા

૧૮૮૩ની સાલ હતી. અમેરિકાના ઓહાયો પરગણાની ઓબર્લિન કૉલેજના રસાયણવિદ્યાના વર્ગમાં પ્રો. ફ્રાન્ક જ્યૂએટ ઍલ્યુમીનિયમના ગુણો, તેની મોંઘારત અને તેની સસ્તાઇની આવશ્યકતા ઉપર ભાષણ આપી રહ્યા હતા 'તમારામાંનો કોઈ એ ધાતુના ઔદ્યોગિક વપરાશની શક્યતા વધારે તો તેનું ભવિષ્ય ચોક્કસ ઉજળું છે' એ સ્મિતભર્યાં અંતઃવચન સાથે તેમણે ભાષણ પૂરૂં કર્યું.

વર્ગના આગળના બાંકડાઓ પર એક યુવાન શાંતિથી તેમનું ભાષણ સાંભળી રહ્યો હતો. તેનું નામ ચાર્લ્સ માર્ટિન હૉલ. 'હું એ જ કરવા માગું છું.' તેણે બાજુના એક છોકરાને હળવેક રહીને કહ્યું. એક ધર્માધ્યક્ષના આ પુત્રની આટલી હિંમતથી બાજુનો છોકરો ચોંકી ઊઠ્યો જણાયો.


પણ હૉલે તો પોતે બોલેલા ગણત્રીબંધ શબ્દો પાછળ સારી યે શક્તિ કામે લગાડી દીધી હતી. સૌથી પહેલું કામ તો ઍલ્યુમિના નામે ઓળખાતાં, પ્રાણવાયુ અને ઍલ્યુમીનિયમનાં એકમોને છૂટાં પાડવાનું તેને કરવાનું હતું. ઍલ્યુમિનાને ૨૦૫૦ અંશ ગરમી

જોઇએ ને એટલી ગરમી ઉપજાવવાની તેની પ્રયોગ-શાળાની ભઠ્ઠી કે ધમણમાં તાકાત ન હતી. બહુ વિચારને અંતે ડેવીના વીજળીના પ્રવાહથી ઍલ્યુ-મિનાનું વિશ્લેષણ કરી નાખવાનો અખતરો અજ-માવવાનો તેણે નિશ્ચય કર્યો. પીગળેલા ઍલ્યુમિનામાં કોઇ ક્ષાર મેળવતા એ વિશ્લેષણ શક્ય બની શકે તેણે મૅગ્નેશિયમ ફ્લ્યુઓરાઇડ વાપરી જોયો, પણ નિષ્ફળ ગયો. પછી ગ્રીન્લૅંડમાંથી મળતો કાચ જેવો એક ક્ષાર ક્રીઓલાઇટ(જેને એસ્કિમો લોકો 'કદી ન ઓગળતા બરફ' ને નામે ઓળખે છે તે) અજમાવ્યો. 'કદી ન ઓગળતા બરફ'ને તેણે ઇલેક્ટ્રોલિસિસથી પીગળાવ્યો ને ઍલ્યુમિનાના સફેદ ભૂકામાં તે છાંટ્યો. બે કલાક સુધી વીજળીનો પ્રવાહ તેમાં વહેતો રાખ્યો ને એ દરતાં જ તેણે પોતાની કલ્પનામાંનું અપ્રતિમ એવું ફળ મેળવ્યું. નાના બટન જેવડા ઍલ્યુમીનિ-યમના શુદ્ધ કકડા એ મેળવી શક્યો હતો!

પ્રો. ફ્રાન્કના ભાષણ પછી ત્રીજે જ વર્ષે, ૧૮૮૬ના ફેબ્રુઆરીની ૨૩મી તારીખે પોતાનું અમૂલ્ય સર્જન દેખાડવા તે એ પ્રોફેસરને ત્યાં દોડી ગયો. પ્રો. ફ્રાન્કે તેને વધાવી લીધો ને મોંઘી મૂડી જેમ એ બટન જેવા કકડા સાચવી રાખ્યા જે હજુ અમેરિકાના મ્યૂઝિયમમાં સાચવેલા પડ્યા છે.

પછી તો હૉલના રાહદર્શન હેઠળ પ્રયોગો વધતા જ ગયા ને ઉત્તરોત્તર મળતી જતી સફળતાએ જગતને ઘણી મુદતથી આતુર રાખી રહેલા ધાતુ ઍલ્યુમીનિયમ તેના ઇચ્છિત સ્વરૂપમાં આપી. હૉલની આ શોધની સાથોસાથ જ ફ્રાન્સના એક વિજ્ઞાની પૉલ હૅરોલ્ટે પણ એ જ પદ્ધતિથી પણ તદ્દન સ્વતંત્ર રીતે એ ધાતુ શોધી કાઢેલી; એટલે વીજળીક પ્રવાહથી ધાતુ મેળ-વવાની એ આખી પદ્ધતિ હવે 'હૉલ—હૅરોલ્ટ પદ્ધતિ'ના નામે ઓળખાય છે.


આ નવી ધાતુનો જુદી જુદી દિશાઓમાં ઉપ-યોગ વધારવા હૉલે પિટ્સબર્ગ પાસે એક પ્રયોગશાળા ખોલી ને ત્યાંના ઉદ્યોગપતિઓની મદદથી 'પિટ્સબર્ગ રિડક્શન કંપની' ઊભી કરી. પાછળથી 'ઍલ્યુમીનિયમ કંપની ઑવ અમેરિકા' નામે પોતાની જ કંપની સ્થાપી ને પોતાની શોધોને આગળ વધારતો ગયો. હવે તો ન્યૂ કેન્સિંગ્ટનમાં આલ્લેઘેની નદી પર આખું 'ઍલ્યુ-



ઍલ્યુમિનિયમનું ઉત્પન્ન અને બનાવટો

દર્શાવતો આ આલેખ (ચાર્ટ) રસદાયક તેટલો જ બોધક છે. બૉક્સાઇટમાં બીજાં રસાયણો અને વીજળી મળીને ઍલ્યુમીનિયમ કેમ બને છે તે દર્શાવ્યા પછી તેમાંથી ઢા-ળીને, ઘડીને, જતરડીને તથા દાબીને આજની દુનિયાના રોજિંદા ઉપયોગની જે અનેક વિવિધ વસ્તુઓ તેમાંથી બનાવી શકાય છે તેની થોડી વાનગીઓ એમાં દર્શાવી છે

મીનિયમ શહેર' જ ઊભું કરવામાં આવ્યું છે જ્યાં ચોવીસે કલાક ઍલ્યુમીનિયમના ઔદ્યોગિક વિકાસ માટે એક સો વિજ્ઞાનીઓ અખતરા કરી રહ્યા છે. કમનસીબે હૉલનું તો ૧૯૧૪માં અવસાન થઇ ગયું છે, પણ પોતાના પ્રયત્નોનો પરિપાક તેને આ જીવનમાં જ મળી ગએલો. પોતાની પાછળ તે ત્રણ કરોડ ડૉલરની અસ્કયામત મૂકતો ગયો છે.



અમેરિકાના આર્કાન્સાસ પરગણામાં આવેલી બૉક્સાઇટ (જેમાંથી ઍલ્યુમીનિયમ બને છે તે કાચી ધાતુ)ની એક ખાણ. અંદરના લંબગોળમાં ઍલ્યુમીનિયમનાં બનાવેલાં આભૂષણો

વૈજ્ઞાનિક વિકાસ


પૂરતા જથ્થામાં મેળવવું શક્ય બન્યા પછી ઍલ્યુમીનિયમનો વપરાશ કેટલા બહોળા પ્રમાણમાં વધી ગયો છે તે આપણે આજે જોઇએ છીએ. હૉલ–હૅરોલ્ટ પદ્ધતિ ઉપરાંત પેડરસન અને બાયરે શોધી કાઢેલી પદ્ધતિઓ પણ હવે ઉપયોગમાં આવી છે ને પરિણામે તેની પેદાશ એટલી તો વધી ગઇ છે કે આજે તો એ ધાતુ લગભગ ઉપેક્ષિત જેવી બની ગઇ છે.

ઍલ્યુમીનિયમ માટે બૉક્સાઇટ નામની કાચી ધાતુ ખાસ જરૂરી છે. હિંદમાં આરાકાન અને ડચ ગાયનામાંથી તે પુષ્કળ મળી આવે છે. તેના સફેદ ભૂકામાંથી ઍલ્યુમિના કાઢી લેવામાં આવે છે ને તેને શુદ્ધ કરવા રિફાઇનરીમાં મોકલી દેવામાં આવે છે. બે રતલ ઍલ્યુમિનામાંથી એક જ રતલ શુદ્ધ ઍલ્યુમીનિયમ મળે છે અને એ મેળવવા યે એટલી વીજળી જોઇએ છે, કે જેટલી વીજળીથી ૪૦ વૉટનો એક દીવો સાડા બાર દિવસ સતત બાળી શકાય!

પણ એની એ ખર્ચાળતાને જુદીજુદી પદ્ધતિઓથી વિજ્ઞાન પહોંચતુ જાય છે ને પરિણામે તેની વપરાશનું ક્ષેત્ર પણ વિશાળ થતું જાય છે. સવારના ઊઠીને વાપરવાના ટૂથ–પેસ્ટની ટયૂબથી માંડી, રાતે સૂવાના ખાટલા સુધીનો પ્રદેશ તેણે સર કર્યો છે. દીવાસળીનાં માથા જોડતી બનાવટોથી માંડી ડીઝલ મોટરો ને રાક્ષસી ઝેપલિન સુધીની બનાવટોમાં ઘૂસી, તેણે લોખંડને પદભ્રષ્ટ કરા। માંડયું છે. ઘણાઓ માને છે કે તે યુગવૈશિષ્ટ્ય પ્રાપ્ત કરશે.

ઍલ્યુમીનિયમના ઉત્પન્નકર્તા દેશોમાં યુનાઇટેડ સ્ટેટ્સ, જર્મની, કૅનૅડા, નૉર્વે, ફ્રાન્સ, ગ્રેટ બ્રિટેન, રશિયા અને ઇટલી આજે મુખ્ય છે. જાપાન, ઑસ્ટ્રિયા, સ્પેન, સ્વીડન ને હંગેરી તેથી બીજે નંબરે આવે છે. પણ એ બધામાં જર્મની સૌને મોખરે આવતું જાય છે. દુનિયાની વાર્ષિક ૨,૫૦,૦૦૦ ટનની જરૂરિયાતમાંથી ૭૦,૭૦૦ ટન તો જર્મનીએ જ ૧૯૩૫માં પૂરી પાડેલી.

ને જર્મનીએ એ ધાતુનો વૈજ્ઞાનિક વિકાસ પણ એવો જ આદર્યો છે. જર્મન વિજ્ઞાની વિલ્મે ૧૯૧૦માં તેની સાથે તાંબું, મૅંગેનીઝ અને મૅગ્નેશિયમ મેળવી



કળામાં પણ ઍલ્યુમીનિયમે સારું સ્થાન પ્રાપ્ત કર્યું છે ડાબી બાજુ છે તે વૉશિંગ્ટનમાં નૌકાખાતાના સૈનિકોના સ્મરણાર્થે ઊભું કરેલું ઍલ્યુમીનિયમનું શિલ્પ છે. જમણી બાજુ: એ ધાતુ કેટલી હલકી છે તે, પૂલ બાંધવાનો આખો મોટો ગર્ડર એક જ માણસ સહેલાઇથી ઉઠાવી શકે છે એ દર્શાવે છે

એક નવી જ ધાતુ ઉત્પન્ન કરી જે ડ્યૂરેલ્યુમીન (ટકાઉ ઍલ્યુમીનિયમ) કહેવાય છે. પોલાદ જેટલી જ મજબૂત બનવા છતાં એ ધાતુ ઍલ્યુમીનિયમ જેટલી જ હલકી રહે છે. હવાઇ યાનોની બનાવટમાં તો એ એક આશીર્વાદ સમાન નીવડી છે. જર્મનીએ મહાયુદ્ધ કાળે એનો પૂરેપૂરો લાભ ઉઠાવેલો. ત્યાર પછી તો એણે એની એવી પાંચ મિશ્રધાતુઓ શોધી કાઢી છે.

એમ તો ઇંગ્લંડે R R, અમેરિકાએ DO–X, તથા 3 S અને બીજા દેશોએ પણ નં. ૧૯૬, નં. ૧૨, લોટાલ, લોએલ્સ વગેરે અનેક મિશ્ર ધાતુઓ શોધી કાઢી છે. એમની ઉત્પન્નના ૩૫ થી ૪૫ ટકા તો વાહનોની બનાવટમાં જ વપરાય છે, જે પોલાદનું ભવિષ્ય ખરાબ દેખાડે છે.

આજે તો ઍલ્યુમીનિયમ અને તેની બનાવટનો ઉપયોગ ધારી પણ ન શકાય એટલા વિભિન્ન ક્ષેત્રોમાં વધ્યો છે. તેના ઢાળેલા દાગીનાઓથી ઇમારતો ચણાય છે, તેના પારદર્શક રંગો બજારો સર કરતા જાય છે ને તારનાં દોરડાંને ઠેકાણે યે તે વપરાય છે. તેના રંગો બીજા રંગો કરતાં ૨.૫ વર્ષ વધુ ચાલે એટલા ટકાઉ છે. વળી ગંધકવાળાં મિશ્રણોની અસરથી મુક્ત રહેતાં રબરની બનાવટમાં યે તે કામમાં લેવાવા માંડી છે.

અમેરિકાના સરકારી વિજ્ઞાનીઓએ બે જ વર્ષ પર જાહેર કરેલું કે પાંચ દાયકા થયા છતાં વૉશિંગ્ટનમાં ઊભા કરેલા નૌકાસ્મરણસ્થંભના ઍલ્યુમીનિયમ પર વરસાદ કે તડકાની હજુ સહેજે અસર જણાઇ નથી. હાલમાં, ઊંચા ઉષ્ણતામાનમાં પણ ઍલ્યુમીનિયમની મજબૂતી કેમ ટકાવી શકાય તેના અખતરા થઇ રહ્યા છે; એટલે પ્રયોગદશામાંથી પસાર થઇ, હવાઇયાનોથી તે વણાટ સુધીના મોટે પાયે ચાલતા સત્તાવીસ ઉદ્યોગોમાં જમાવટ કરી બેઠેલી આ ધાતુનું આગળનું ભવિષ્ય હજુ એથી યે ઉજળું બને એવો પૂરો સંભવ છે.

'કુમાર'



ઍલ્યુમીનિયમનાં પતરાંમાંથી તેની વરખ જેવી પાતળી પતરીઓ બનાવવાનો સંચો

સજીવ ખોરાકો

કાચો ખોરાક એ જ સાચો ખોરાક છે

એવું પ્રતિપાદિત કરતો આ લેખ નિસર્ગવાદીઓની માન્યતા બહુ સક્ષમપણે મૂકતાં કહે છે કે

બધાં પ્રાણીઓમાં માણસ એ જ એક એવું પ્રાણી છે કે જે પોતાના ખોરાકને ખાતાં પહેલાં અનેક રીતે બગાડી મૂકે છે. અન્ય પ્રાણીઓ કુદરતે જે સ્વરૂપમાં ખોરાક આપ્યો છે એ સ્વરૂપમાં સ્વીકારી લે છે; જ્યારે માણસ તો પોતાના ખોરાકને શેકી, સૂકવી, બાફી, તળી, પીલી, આખરી, આથી, ચાસી, ખાંડી, છીણી ને ઝેરી મસાલાના ઢગ વડે ઢાંકી દીધા પછી જ તે ખાવાયોગ્ય થયો છે એમ માને છે!

લેખક

રમણલાલ એન્જિનીઅર

વીસમી સદી એ પરિવર્તન, ઊથલપાથલ, ક્રાન્તિ અને સંક્રાન્તિની સદી છે. યુગો થયાં નિશ્ચલ મનાતી સંસ્થાઓ, રિવાજો અને રૂઢિઓ તૂટવા માંડ્યાં છે. દરેક ક્ષેત્રમાં નવા વિચારપ્રવાહો વહેવા લાગ્યા છે અને દરેક વસ્તુનું નવું મૂલ્યાંકન થવા માંડ્યું છે.

આરોગ્યના ક્ષેત્રમાં આજ સુધીમાં જંતુવાદ, ત્રિદોષવાદ, વનસ્પતિવાદ ઇત્યાદિ અનેક વાદો હતા. એમાં એક નવો વાદ ઉમેરાયો છે. એ વાદ છે નિસર્ગવાદ.

નિસર્ગવાદનો ઉદ્‌ભવ યુરોપની બ્રાહ્મણ પ્રજા ગણાતી જર્મન પ્રજામાંથી છે. જર્મનીમાંથી નીકળીને એ વિચારપ્રવાહ આખા યુરોપ ઉપર ફરી વળ્યો છે, એટલું જ નહિ પણ સાત સાયર ઓળંગીને એણે અમેરિકામાં પણ થાણાં નાખ્યાં છે.

આ ફિલસૂફીના આદ્ય પ્રણેતાઓ માને છે કે સૃષ્ટિ ઉપર વસતા કરોડો જાતના જીવજંતુ, પશુપક્ષી અને પ્રાણીઓમાં એકલો માણસ જ માંદો હોવાનું કારણ એ છે કે એ પ્રકૃતિનો નાશ કરીને સંસ્કૃતિ રચવા મથી રહ્યો છે. સ્વાભાવિકતાને ગૂંગળાવાને એ સંસ્કારિતાનું સર્જન કરે છે.

તેઓ કહે છે કે પ્રકૃતિ તરફ પાછા ફરો, અંતઃપ્રેરણાને અનુસરો, કૃત્રિમતાનો ત્યાગ કરો, અને તમને તન્દુરસ્તી—જે તમારો જન્મસિદ્ધ હક્ક છે, એ—પાછી મળશે.'

અને આ લોકોએ મોટાંમોટાં આશ્રમો (Colonies) થાણાં સ્થાપ્યાં છે. ત્યાં સ્ત્રીઓ, પુરુષો અને બાળકો મોટી સંખ્યામાં રહે છે. એમણે વસ્ત્રોનો સદંતર ત્યાગ કર્યો છે. ખોરાકને એ રાંધતા નથી. તેઓ જમીન ઉપર સૂએ છે. પુરુષો દાઢીમૂછ મુંડાવતા નથી. હવા, પ્રકાશ ને માટીનો મહિમા એમણે વધાર્યો છે; દવા, દારૂ અને દેવતાના તેઓ કટ્ટર દુશ્મનો બન્યા છે.

આ લોકોની આવી અપૂર્વ રહેણીકરણીથી એમને વિષે ઘણી ગેરસમજ પણ ફેલાવા પામી છે; પણ તેઓ કમઅક્કલ નથી. એમનામાં બૅન્કોના મૅનેજરો, ધનાઢ્ય વેપારીઓ, બાહોશ અમલદારો અને સફળ ધંધાધારીઓનાં ધાડાંનાં ધાડાં છે. એ લોકો કપડાં પહેરીને શહેરમાં જાય છે, ત્યાં છ કલાક સંસ્કૃતિની ફરજો બજાવે છે, અને બાકીના અઢાર કલાક પ્રકૃતિને ખોળે રમે છે. સંસ્કૃતિની અનેક સુખસગવડો અને વિલાસવૈભવો ત્યાગીને તેઓ પ્રકૃતિ તરફ પાછા ફર્યા છે.

વળી એમની નીતિમત્તા પ્રત્યે આશંકા ઉઠાવવી એ યે મોટો ભ્રમ છે. સમાજશાસ્ત્રના અભ્યાસીઓ આપણને કહે છે કે નવસ્ત્રા પ્રજાઓનું નીતિનું ધોરણ વસ્ત્રોથી વીંટળાએલી પ્રજાઓ કરતાં ઘણું ઊંચું હોય છે.

આવા વિચિત્ર વિચારના લોકો મુઠ્ઠીભર હશે એ એક હવાઇ ખ્યાલ છે. થોડા વખત ઉપર હિટલરે જર્મનીમાં વસ્ત્રો પહેરવાની ફરજ પાડી, ત્યારે દુનિયાને ખબર પડી કે એકલા જર્મનીની અંદર જ દસ લાખથી વધારે નવસ્ત્રા નિસર્ગવાદીઓ હતા!

આ લોકોની આવી અગમ્ય રહેણીકરણીનું રહસ્ય શું છે? આ નવા ધર્મના પાયામાં કેવા પ્રકારનું તત્ત્વજ્ઞાન છે? શા માટે એ દુનિયાથી ઊંધા ચાલી રહ્યા છે?—કે પછી દુનિયા એમનાથી ઊંધી ચાલે છે?

જો સહાનુભૂતિપૂર્વક એમનો પરિચય મેળવીશું તો આપણને ઘણું નવું જાણવાનું મળશે. આરોગ્યનાં અન્ય ક્ષેત્રોમાંના એમના વિચારો જતા કરીને, અત્યારે

તો ફક્ત આહારને જ લગતા એમના ખ્યાલો તપાસીએ.

દરેક પ્રાણીના શરીરની રચના અમુક પ્રકારના ખોરાકને જ અનુકૂળ હોય છે. એ ખોરાક ઉપર જ એ શરીર ટકાવે છે, જીવન નભાવે છે અને નીરોગી રહી શકે છે. કેટલાંક પ્રાણીઓ ઘાસાહારી હોય છે, કેટલાંક માંસાહારી હોય છે અને કેટલાંક ફળાહારી હોય છે. માણસ એ ફળાહારી પ્રાણી છે. દરેક પ્રાણીના દેહ માટે કયો ખોરાક અનુકૂળ છે એ સમજવા માટે કુદરતે એનામાં અંતઃપ્રેરણા (instinct) મૂકી છે.

માનવીનો ઉદ્ભવ વિષુવવૃત્ત આગળથી થયો છે. વિષુવવૃત્તના ઉષ્ણ પ્રદેશમાં રહેતો આદિ માનવ લીલાં અને સુકાં ફળ ખાઇને જીવતો. સમશીતોષ્ણ પ્રદેશમાં જતાં એણે ધાન્યો અને શાકભાજી સ્વીકાર્યાં, અને ઠંડા મુલકમાં માંસ અને ચરબીનો એણે ખોરાક તરીકે ઉપયોગ કરવા માંડ્યો.

અગ્નિની શોધથી જ અનાજ, શાકભાજી, માંસ અને ચરબી ખાદ્ય પદાર્થો બન્યા. ત્યાર પછી માણસે ભક્ષ્યાભક્ષ્યનો કશો વિવેક રાખ્યા વિના હજારો પદાર્થો ખાધા અને પીધા. આજે દુનિયાની જુદીજુદી પ્રજાઓનો ખોરાક તપાસતાં, એમાં એટલું વૈવિધ્ય અને સાથેસાથ એટલું વૈચિત્ર્ય માલૂમ પડે છે કે જે જોતાં જ આપણે ઘડીભર છક્ક થઇ જઇએ!

કાચો ખોરાક એ જ સાચો ખોરાક છે. એને પડતો મૂકીને માણસે રાંધેલો ડૂચો ખાવા માંડ્યો ત્યારથી એનું અધઃપતન શરૂ થયું; કારણકે અગ્નિ એ સર્જક શક્તિ નથી, પણ સંહારક શક્તિ છે. અનાજનો જે દાણો વાવતાં એકમાંથી હજાર કણ થાય છે, એને જ શેકી નાખતાં એની સઘળી સર્જક શક્તિ નાશ પામે છે. શેકેલું અનાજ ઊગી શકતું નથી. આમ, શેકવાથી નિર્જીવ થએલો, ઓસાવવાથી નિઃસત્ત્વ બનેલો અને તળીને કુપાચ્ય કરેલો ખોરાક અનેક રોગ ઉત્પન્ન કરે છે.

પાકશાસ્ત્ર અને રોગશાસ્ત્ર એ બંનેની શરૂઆત સાથેસાથે થઇ. जीवो जीवस्य जीवनम् એ સૂત્રનો આજ સુધી ઊંધો અર્થ કરવામાં આવ્યો છે. એ સૂત્ર ઉપરથી માંસાહારનું સમર્થન નથી થતું, પણ ઉલટી ફલાહારની હિમાયત થાય છે. અપક્વ આહાર સજીવ આહાર છે, પક્વ આહાર નિર્જીવ આહાર છે. અને માંસાહાર એ તો મરેલો ખોરાક છે. અતિ માંસ ખાતા કસાઇઓનાં આયુષ્ય ઘણાં ટૂંકાં હોય છે એ તો જાણીતી હકીકત છે.

રસોઇના રસિયાઓની આંખો ઉઘાડે એવો એક કડવો અનુભવ અમેરિકાના ખેડૂતોને એક પેઢી પહેલાં થએલો. એ દેશના એક બાહોશ વેપારીએ પૈસા કમાવા માટે એક યુક્તિ શોધી કાઢી. એણે ઢોરનો ખોરાક રાંધવા માટેનાં વાસણો બનાવ્યાં અને પાળેલાં પ્રાણીઓને રાંધેલો ખોરાક ખવડાવવાથી થતા ફાયદા વિષે સાહિત્ય તૈયાર કર્યું. અને એ લખાણ ખેડૂતોમાં ફેલાવ્યું. ભોળા ખેડૂતો એના ચોપાનિયામાં રજૂ કરવામાં આવેલાં ગપ્પાંથી અંજાઇ ગયા. એણે બેશુમાર કૂકરો વેચ્યા. થોડાં જ વર્ષમાં ખેડૂતો એક કડવો પાઠ શીખ્યા. એમનાં જનાવરોને રાંધેલો ખોરાક ખવડાવવાથી, માણસજાતને થતાં સૌ દર્દો થઇ આવ્યાં! એ પશુઓ કબજિયાત, સળેખમ અને પાયોરીઆથી પીડાવા લાગ્યાં. ખેડૂતોએ ચોપડા તપાસ્યા, કૂકરોને ઉકરડામાં ફેંકી દીધાં. અને ફરી પુરાણી ઢબે જનાવરોને કાચો ખોરાક ખવડાવવાની શરૂઆત કરી.

આ પ્રાણીઓનો ખોરાક રાંધવાથી આટલી ભૂંડી અસર થઇ, એમાં ખાસ તો એ જોવાનું છે કે એ પ્રાણીઓનો તો પોતાનો કુદરતી ખોરાક જ રંધાયો હતો; જ્યારે માણસ તો જે ખોરાક પોતાને માટે નિર્માએલો નથી તે—એટલે કે અનાજ, કઠોળ, શાકભાજી, માંસ ને માછલી—રાંધીને ખાય છે! એટલે એથી પણ ખરાબ પરિણામો ભોગવે છે.

કાચા બટાટા ખાવાનું કોઇને મન નથી થતું, અને કાચી દાળ જોઇને કોઇના મોંમાં પાણી નથી છૂટતું. જે વસ્તુઓ તરફ આપણને નૈસર્ગિક રીતે જ આકર્ષણ નથી, એ વસ્તુઓ તરફ મોહ ઉત્પન્ન કરવા માટે આપણે આપણી ઇન્દ્રિયોને અનેક રીતે છેતરીએ છીએ. કુદરતે આપેલા ત્રણ ચોકીદારો નાક, આંખ અને જીભને ઠગવા માટે રસોઇ, મેળવણી અને મસાલાઓની ત્રિપુટીનો ઉપયોગ થઇ રહ્યો છે.

જો આ ખોરાકોને આ રીતે તૈયાર કરવામાં ના આવે તો આપણે આપોઆપ અનેક ખોરાકોનો ત્યાગ કરીએ ને આહારશાસ્ત્રીનો વિષય ઘણો સરળ થઇ જાય.

બધા પ્રાણીઓમાં માણસ એ જ એક એવું

પ્રાણી છે કે જે પોતાના ખોરાકને ખાતાં પહેલાં અનેક રીતે બગાડી મૂકે છે. અન્ય પ્રાણીઓ કુદરતે જે સ્વરૂપમાં ખોરાક આપ્યો છે એ સ્વરૂપમાં સ્વીકારી લે છે; જ્યારે માણસ તો પોતાના ખોરાકને શેકી, સૂકવી, બાફી, તળી, પીલી, આખરી, આથી, ચાસી, ખાંડી, છીણી ને ઝેરી મસાલાના ઢગવડે ઢાંકી દીધા પછી જ, તે ખાવા યોગ્ય થયો છે એમ માને છે.

રાંધવાથી બેસ્વાદ થએલા ખોરાકને સ્વાદિષ્ટ બનાવવા માટે એમાં મસાલા ઉમેરવાથી, એવા કૃત્રિમ સ્વાદવાળો ખોરાક ખાઉધરાપણાને ઉત્તેજન આપે છે.

રસોઇ, મેળવણી અને મસાલાઓથી બગડેલા ખાદ્ય પદાર્થો અન્નનળીમાં સડો ઉત્પન્ન કરે છે. એમાંથી અનેક પ્રકારના વિષ ઉત્પન્ન થાય છે ને એ જાત-જાતના વ્યાધિઓ માટે ફળદ્રુપ ભૂમિકા પૂરી પાડે છે.

વ્યાધિઓના મૂળ રૂપ આ ખોરાક બદલવાને બદલે રોગો 'મટાડવા' માટે દેશેદેશમાં ઝેરી દવાઓની શોધ થઇ. આ રીતે દુનિયામાં વૈદકની શરૂઆત થઈ. નિર્બળ અને નિસ્તેજ દેહ પાસેથી કામ લેવા માટે કૃત્રિમ ઉત્તેજકોની જરૂર જણાઈ, એટલે ચા, કૉફી, કોકો, દારૂ, અફીણ, તમાકુ, ભાંગ, ગાંજો, ચરસ, કોકેન, અને અન્ય અસંખ્ય રોગવર્ધક વ્યસનોમાં માનવજાત સપડાઇ.

આરોગ્ય અને નીતિ વચ્ચે ઘણો ગાઢો સબંધ છે. અશુદ્ધ આહારથી દેહની વાસનાઓ અને વૃત્તિઓ વિકૃત બની અને એનો પડઘો માનવીની પ્રવૃત્તિઓમાં પડ્યો. અનારોગ્ય અને અનાચારની વૃદ્ધિ સાથેસાથે જ થઇ. પરિસ્થતિ આવી હોવાથી, અગ્નિનિષેધ વિનાની દવા-નિષેધ કે દારૂનિષેધની પ્રવૃત્તિઓનો કશો અર્થ નથી. એ બાબતમાં અમેરિકનોને મળેલી નિષ્ફળતા જગજાહેર છે.

સજીવ ખોરાક અન્ય સૌ પ્રકારના ખોરાકો કરતાં અનેક રીતે ચઢિયાતો છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ એ સંપૂર્ણ છે. એમાં નત્રીલ, કાર્બો હાઇડ્રેટ્સ, ચરબી, ક્ષારો, પ્રજીવકો અને કૂચો પૂરતા પ્રમાણમાં છે. એકે તત્ત્વ ખૂટતું નથી. કુદરતે આપેલા સ્વરૂપમાં જ લેવાથી એના ક્ષાર કે પ્રજીવકોનો નાશ થતો નથી.

આરોગ્ય જાળવવામાં એ અજોડ છે. અનેક રોગોને એ અટકાવે છે, અને કેટલાય રોગો કેવળ આવા જ ખોરાક ઉપર રહેવાથી મટી શકે છે.

માનવીની સુરૂચીને સંતોષે એટલું જ એમાં વૈવિધ્ય છે અને આર્થિક દૃષ્ટિએ પણ એ સોંઘો છે. ઘણાને આ કથન અતિશયોક્તિ ભર્યું લાગશે, કારણ કે આપણે લીલાં સૂકાં ફળોને વિલાસની વસ્તુઓ માનવાને ટેવાયા છીએ. પણ ખેતીવાડી ખાતાના આંકડાઓ કહે છે કે ફળાહાર સોંઘામાં સોંઘો આહાર છે; અન્નાહાર એથી મોંઘો છે અને માંસાહાર સૌથી વધારે ખર્ચાળ છે. હિંદુસ્તાનના લોકો માંસ ઓછું ખાય છે એનાં અનેક કારણોમાંનું એક કારણ એ છે કે, આ દેશની ગરીબ પ્રજાને માંસ જેવો મોંઘો ખોરાક છૂટથી વાપરવાનું પરવડતું નથી.

ફળનો ખોરાક જોઈતા પ્રમાણમાં લેતાં જ માણસની ક્ષુધા શમે છે. એટલે એમાં અત્યાહાર અને એને અંગે ઉદ્ભવતા અસંખ્ય રોગો અટકાવવાનો કીમિયો રહેલો છે. વળી એ સાત્ત્વિક ખોરાક છે. એ માણસની વૃત્તિઓને શુદ્ધ અને શાંત કરે છે. 'ફરાળ' એ શબ્દ 'ફળાહાર'નો અપભ્રંશ છે. શારીરિક, માનસિક, નૈતિક અને સામાજિક શુદ્ધિ માટે, એનો મુકાબલો કરી શકે એવો એક પણ ખોરાક નથી. અહિંસાના ઉપાસકો માટે તો એ આદર્શ ખોરાક છે. છરીથી થતી ઉગ્ર, અને અગ્નિથી થતી સૌમ્ય હિંસાને એ તત્કાલ બંધ કરે છે.

મધ વિષે લેખ . . . ઈનામ રૂા. ૫

થોડા માસ પર 'કુમાર'માં શ્રી રમણલાલ એન્જિનીઅરનો 'આપણા ખોરાકમાંથી આપણે ખોઇ નાખેલું અમૃત—મધ' એ નામનો એક લેખ પ્રસિદ્ધ થયો હતો. તે વાંચીને એક ગૃહસ્થે 'મધના ફાયદા અને ઉપયોગ—વૈદ્યની તથા દાક્તરની દૃષ્ટિએ' એ નામનો માહિતીપૂર્ણ લેખ કોઇ લખી મોકલે તેને રૂપિયા પાંચનું ઇનામ આપવાની ઇચ્છા દર્શાવી છે. ઉપરના વિષય ઉપરાંત ખોરાક તરીકે પણ મધની ઉપયોગિતા તથા ફાયદા અને મહત્તાનો યે લેખમાં સમાવેશ કરી શકાશે. શ્રી રમણલાલ એન્જિનીઅરે બધા લેખો તપાસીને તંત્રીને નિર્ણયમાં સહાય કરવાની સદ્ભાવપૂર્વક હા કહી છે. તંત્રીનો નિર્ણય છેવટનો ગણાશે. લેખો કુમાર કાર્યાલયને સરનામે 'મધની ઇનામી હરીફાઇ'એ શબ્દો કવરને ઉપલે ડાબે ખૂણે લખીને મોકલવા.છેલ્લી મુદત સપ્ટેમ્બર ૧૫મી સુધીની છે.

જીવનનું પરોઢ

પ્રકરણ ૧૫ મું : ટૉલ્સ્ટૉયવાડી

મહાસાગરનો અંત આવ્યો. અમે ફીનિક્સમાં ઘરભેગા થયા, પણ હું તો ન રહ્યો અહીંનો કે ન રહ્યો ત્યાંનો. જૂનું ફીનિક્સ અદૃશ્ય થઇ ગયું હતું. એક મગનકાકા સિવાય ફીનિક્સમાં એવું કોઇ નહોતું રહ્યું, જેનો ખેંચ્યો હું આવેલો. દેવદાસકાકા, રામદાસકાકા, વીલી ત્યાં ન હતા. બાપુજીનું ઘર સૂનું થઇ પડેલું. અને કોર્ડિસશાળા ઉજ્જડ થઇ ગએલી. દૂર દૂર પરેલાં નાનાં નાનાં ઘરોમાં એકલદોકલ માણસો નજરે ચડી આવતાં હતાં ખરાં, છતાં કલ્લોલ ભર્યા ફીનિક્સને બદલે કોઇ નિર્જન અરણ્યમાં આવી પડ્યો હોઉં એમ મને લાગ્યું. જોકે અમારૂં ઘર ભર્યું ભાદર્યું હતું. બે નાના ભાઇ, બે નાની બહેનો, બે કાકા, કાકી, મારી બા, પિતાશ્રી અને હું—એટલાં જણ ઘરમાં હોવા છતાં મને સાવ એકલવાયાપણું લાગવા માંડયું. તેમાંયે જ્યારે સાંભળ્યું કે બાપુજી હાલમાં ફીનિક્સ આવવાના નથી અને દેવદાસકાકા પણ ત્યાં જ રહેવાના છે ત્યારે હું બહુ હતાશ થઇ ગયો. રાજકોટ યાદ આવ્યું. દાદાજી ને દાદીમા સાંભરી આવ્યાં. અને અંગ્રેજી નિશાળમાં ભણવાની તક ખોઇ બેસવા માટે પસ્તાવો થયો.

પણ રાજકોટ પાછા જવાનું કેમ બને? ત્યાં પાછા જવાને બદલે બાપુજી પાસે જ શા માટે ન જવું? દેવદાસકાકા-રામદાસકાકાને બાપુજી અહીં ન મોકલે તો મને પોતાની પાસે કેમ ન બોલાવી લે? એવા અનેક તરંગો મને ઊઠ્યા. પણ મનની વાત છૂટથી કોને ને કેવી રીતે કહું તે સૂઝતું ન હતું.

અધૂરામાં પૂરૂં અમે પહોંચ્યા ને થોડા જ દિવસમાં બાપુજીએ જમનાદાસકાકાને પોતાની પાસે બોલાવી લીધા. મેં પણ તેમની સાથે જવા પ્રયાસ કર્યો પણ હું નિષ્ફળ નીવડ્યો. એક તો ટ્રાંસવાલમાં જવા માટે મારે સારૂ પરમિટ કઢાવવી પડે અને બીજું હું સાવ નાનો એટલે મને ત્યાં અનેકવિધ છોકરાંઓની વચ્ચે એકલો મોકલવાની પિતાશ્રીની મરજી નહોતી થતી. ત્યાંની ચિત્રવિચિત્ર સોબત મારા પર માઠી અસર કરશે એવો તેમને ભય હતો તેથી મારી વિનવણી અને મારી ઉદાસીનતા કંઇ કામ ન આવ્યાં. હિંદુસ્તાનથી આફ્રિકા પહોંચ્યા છતાં હું બાપુજીથી છેટેનો છેટો રહ્યો. ટૉલ્સ્ટૉયવાડી પહોંચી શકયો હોત તો જ મારી એટલી લાંબી મુસાફરી સફળ થાત.

ટૉલસ્ટૉયવાડી એ, અમે હિંદુસ્તાન હતા તે દરમિયાન બાપુજીએ રચેલી નવી સૃષ્ટિ હતી. ૧૯૦૯માં અમે દેશ આવેલાં. '૧૧માં પાછાં ફર્યાં. એ વર્ષો દરમિયાન ટ્રાન્સવાલમાં ચાલતો સત્યાગ્રહ મોળો પડી ગએલો. લોકો થાકી ગએલા. બાપુજીએ તેમનામાં શૂર ભરવા પોતાનું બધું ધ્યાન આ નવા થાણામાં એકાગ્ર કરેલું. ડરબનથી જેમ ફીનિક્સ સોળ માઇલ દૂર હતું તેમ જોહાનિસબર્ગથી લોલી સ્ટેશન ૨૧ માઇલ દૂર હતું. એ સ્ટેશન પાસે મિ. કેલનબેકની મોટી વાડી હતી. ફીનિક્સ કરતાં પણ મોટા પાયા ઉપર ત્યાં ખેતી અને નાના ઉદ્યોગોનું કામ બાપુજીએ આરંભ્યું હતું. જાત મહેનતથી ખેતી કરવા પાછળ પોતાનું જીવન અર્પણ કરનારા રૂસી મહાત્મા ટૉલસ્ટૉયને નામે એ જગ્યાનું નામ બાપુજીએ ટૉલસ્ટૉયવાડી રાખ્યું હતું. વાડીને બદલે અંગ્રેજી 'ફાર્મ' શબ્દ જ ત્યાં રૂઢ થઇ ગએલો. વરસો સુધી 'ફાર્મ' અથવા 'લોલી' નામનો ઉચ્ચાર ફીનિક્સવાસીઓ તેમ જ બીજા હિંદીઓને માટે સ્વર્ગ અને અમરાપુરીના નામથી યે વધુ કર્ણપ્રિય અને ઉત્સાહવર્ધક થઇ રહેલો. ફીનિક્સનો તો જીવ જાણે ઊડીને ફાર્મ પર જતો રહ્યો હોય તેમ, ડગલે ને પગલે ફાર્મની જ ચર્ચા ચાલ્યા કરતી. તેમાં યે મગનકાકા બાપુજીના પ્રયાસો અને પ્રયોગોની વાત ઘરમાં સૌને અવારનવાર સંભળાવતા ત્યારે એ સાંભળી મારા મન પર ઊંડી છાપ પડતી. ચિત્ત એ સાંભળવામાં એકાગ્ર થઇ જતું. નવું કંઇક લાધ્યાનો ઊમંગ ઉપજતો અને એવું એવું કંઇક કરવાનું મન પણ થઇ આવતું.

મારા પિતાશ્રી વિલાયત ગએલા ત્યારથી પોશાકમાં બને તેટલું વિલાયતીપણું આણવાની મને મનમાં નેમ રહેતી. રાજકોટમાં ભણવા જતાં બાંકડા ઉપર લગભગ છેલ્લે નંબરે બેસનારો હોવા છતાં પિતાશ્રીની વિલાયતની વાતો સંભળાવીને,સહપાઠીઓ વચ્ચે પોતાનો દરજ્જો ઊંચો કરી લેતો. સ્ટીમરમાં વિલાયતી ઢબનો રંગ પાકો થાય એમાં નવાઇ જ શી? આવી મનોદશામાં ફીનિક્સ પહોંચતાં જ્યારે મગનકાકાને મોઢે સાંભળ્યું કે બાપુજીએ બૂટ-મોજાં પહેરવાનું છોડી દીધું છે ત્યારે એ ત્યાગની સચોટ છાપ મને પડી. આગળ જતાં બાપુજીના લાંબા લાંબા ઉપવાસો અને મહાવ્રતોની અસર મન પર ઓછી નથી થઇ પણ આ બૂટ-મોજાંના ત્યાગની વાતની અસર એક રીતે સૌથી વિશેષ થઈ. બાપુજી મારા પિતાના કાકા છે, ઘરના મોટેરા છે એ તેમના પ્રત્યેનો ભાવ ઓસરી જઇ તેઓ દુનિયાના લોકોથી અનેરા છે, સાધારણ માણસોની જેમ દેખાવ અને શૉખમાં તણાઇ જનારા નથી, સારામાં સારી વાત શોધી કાઢી બધાને તે શીખવનારા એવા સૌથી સારા પુરુષ છે, ઇત્યાદિ ભાવો એમના પ્રતિ જાગ્યા. આજે જે રીતે એ ભાવો વ્યક્ત કરું છું એ રીતે એ વેળા હું એ ભાવોને વ્યક્ત ન કરી શકત. પણ એ પ્રસંગે બાપુજીની જે ભવ્યતા મારા દિલમાં ઘર કરી ગઇ હતી, એ અસાધારણ હતી, અત્યંત પ્રેરણાત્મક હતી અને તેમના ચરણોમાં હું ખેંચાઈ રહ્યો હતો એ ચોક્કસ વાત છે.

બાપુજી વિષે બીજી એક વાત સાંભળી કે તેમણે ચા છોડી દીધી છે અને ઘઉંને શેકી, તેનો ભુક્કો ચાની જગાએ વાપરવાનું શરૂ કર્યું છે. આ સાંભળી હું મનમાં ને મનમાં શરમાઇ ગયો. કારણ, સ્ટીમરમાં રોજ રોજ સવારસાંજ બબ્બે પ્યાલા ચા લેવા સારૂ બા પાસે હું વધારે કરાવતો. મને પહેલીવાર ખબર પડી કે બહુ ચા પીવી સારી નથી. ત્રીજી વાત સાંભળી કે બાપુજી અને મિ. કેલનબેક સવારથી બપોર સુધી હબસીઓની હારોહાર મજૂરી કરે છે. ફળઝાડ રોપવા માટે ત્યાંની કઠણ માટીમાં બબ્બે ફૂટ ઊંડા ને એટલા જ લાંબા પહોળા ખાડા હબસીઓ મુશ્કેલીથી ત્રણચાર ખોદી શકે બાપુજી પણ લગભગ એટલા જ ખાડા ખોદે છે. બહુ થાકે છે; ખોરાકના પ્રયોગોને લીધે શરીરમાં નબળાઇ જણાય છે, પણ કામ છોડતા નથી. કેટલીકવાર તો તમ્મર આવી, પડી જવા જેવું એમને થાય છે; છતાં કામ ચાલુ રાખે છે, એટલું જ નહિ પણ હબસી મજૂર જેટલું જ કામ કરવાનો આગ્રહ રાખે છે. કેલનબેક સાહેબ વળી બાપુજીથી યે વધુ કામ કરે છે. તેમને કામ કરવામાં કોઇ ન પહોંચે.

જમનાદાસકાકાના ફાર્મ પર પહોંચ્યા પછી ઉપરાઉપર એમના કાગળો આવતા અને ફાર્મની વાતો જાણવાને મળતી. એમાં વિશેષે કરીને **salt-less** અને **sugarless**ની વાતો આવતી. બાપુજી સાથે ઘણા લોકો અલૂણું કરતા અને ખાંડ ખાવાનું પણ છોડી દેતા. કોણે કોણે અલૂણું શરૂ કર્યું, કોણ કોણ ફાવ્યા, કોણ થાકયા, અલૂણું કરનાર શું ખાય છે, બાપુજી શું લે છે એની ચર્ચાઓ એ પત્રો પરથી થતી રહેતી, અને જમતી વખતે અમારે ત્યાની વાનગીમાં શો સુધારો વધારો થવો જોઇએ તેનો નિશ્ચય થતો. પરિણામે, થોડા મહિનામાં અમારા ઘરની રસોઈમાં પહેલાં કરતાં મોટો ફેરફાર થઇ ગયો. મગન કાકા વચ્ચે વચ્ચે મીઠું લેવાનું છોડી દેતા પણ મને હજુ એવી હિંમત નહોતી આવી. છતાં અમારા ખોરાકમાં સાદગી અને સાત્વિકતા વધ્યે જતાં હતાં.

એક વાર જમનાદાસ કાકાના કાગળમાં ખબર આવ્યા કે 'હાલમાં લાકડા ફાડવાનું કામ ચાલે છે. બપોર સુધી બાપુજી અને મિ. કેલનબેક સાથે અમે કુહાડા લઇ મોટાં મોટાં લાકડાં ચીરીએ છીએ. બધાં યે પોચાં પોચાં અને ફાડવામાં સહેલાં લાકડાં ગારે છે અને ગાંઠો વાળો ભાગ પડતો મૂકી ચાલ્યા જાય છે, એટલે એ ફાડવાનું કામ બાપુજીએ પોતાને માથે રાખ્યું છે. એ ફાડતાં તેઓ પરસેવે રેબઝેબ થઇ જાય છે. બીજાઓ કુહાડો છોડી આઘાપાછા થાય, પણ આવી ગાંઠોમાં યે બાપુજીનો કુહાડો તો ચાલ્યા જ કરે.

ફાર્મથી જે ખબરો આવતી તેનો અમલ કરવાનો રિવાજ મગનકાકાએ રાખેલો. ઉપલા કાગળ પછી અમારે ત્યાં યે લાકડાં ફાડવાનું કામ શરૂ થયું ફીનિક્સ-ની આસપાસ 'વૅટલ્સ' નામના વિલાયતી બાવળનું વાવેતર હતું. તેમાંથી બાળવાનાં લાકડાં આવતાં. વળી જેવાં એ ગોળ લાકડાં બાવળથી યે કઠણ હતાં. કુહાડો મારતાં સામો ઉછળતો. સવારે નાસ્તા પહેલાં

પિતાશ્રી અને મગનકાકા વારાફરતી લાકડાં કાપતા. કેટલે ઘાએ દરેક કટકો છૂટો પડે છે એ ગણવાનો રસ મને આવતો.

કેટલાયે દિવસ સુધી લાકડાં ફડાતાં મેં જોયાં. પછી એક વાર મગનકાકા મારે માટે ડરબન-થી સુંદર વિલાયતી કુહાડી લઈ આવ્યા. એ એટલી હળવી ને સતેજ હતી કે જ્યાંત્યાં એનો ઘા કરવાની મને હોંશ થતી. મગનકાકા લાકડાં ફાડવા જાય ત્યારે મને પોચાંપોચાં લાકડાં કાપી લાવવાનું સોંપે. એકવાર બકાનના ઝાડ પર ચડી મેં ખૂબ ડાળો કાપી. પછી નીચે ઊતરી એક ડાળના કટકા કરવા તાકીને ઘા કર્યો. એ ત્રાંસો પડ્યો ને મારા ડાબા પગનો અંગૂઠો છૂટો પડી જતાંજતાં બચ્યો. વચ્ચેના હાડકા સુધી કાપ પહોંચી ગએલો. વગાડ્યા ઉપર કોઈ મને વઢ્યું નહિ. પાટાપિંડી કરી તેથી એ ઘાનું મારું દુઃખ અરધું થઈ ગયું. પંદર દિવસ સુધી મારે પગ ઊંચો ને ઊંચો રાખી બેસવું ને સૂવું પડ્યું ત્યારે ઘા ભરાયો. પણ આ પછી કુહાડાનો ઘા કરતાં મને આવડ્યું ખરું.

આવી રીતે બાપુજીના શરીરશ્રમ અને અસ્વાદ-વ્રતના અખતરાઓનો પડઘો અમારે ત્યાં પડતો હતો અને ટૉલ્સ્ટૉય ફાર્મ ન જઈ શકવા છતાં મને ત્યાંનું વાતાવરણ પોષી રહ્યું હતું. એક તો મને જ ફાર્મના અખતરાઓની હોંશ થતી અને બીજી તરફ ઘરમાં સૌને મારી પાસેથી કામ લેવાની એ ગુરુચાવી થઈ ગઈ હતી; 'તારે ફાર્મમાં જવું હોય તો આટલું શીખી જા, આટલું આવડી જશે કે તને ફાર્મમાં મોકલીશું' એમ સૌ કોઈ કહેતું. પરિણામે ફાર્મ પર જવાની હોંશે હું એ ઉંમરમાં ઠીકઠીક કામ કરતાં શીખ્યો. મોટાંમોટાં કપડાં નીચોવી સૂકવવાં, વાસણ માંજવાં, નાની નાની રોટલી વણવી અને એવાં બીજાં નાનાં નાનાં કામ કરવાનો મને કંટાળો ન રહ્યો.

પણ એવામાં જમનકાકા ફાર્મ પર થોડા મહિના ગાળી પાછા આવ્યા. થોડા દિવસ ગાળી એ પાછા ગયા પણ આ બીજી વાર પણ હું એમની સાથે ફાર્મ પર ન જઈ શક્યો. ફાર્મ વિષેના એમના અનુભવો સાંભળી ફાર્મ પર મોકલવાનો મુરબ્બીઓનો સંકોચ વધ્યો છે એમ મેં જોયું. હું બહુ કચવાયો. ઘર મને અળખામણું થઈ પડ્યું. જમતી વખતે બધા સાથે બેસવું પણ આકરું પડતું; પોતાને અસહાય અને પરતંત્ર અનુભવતો. લાંબોલાંબો દિવસ કેમે ય પૂરો ન થતો. ફાર્મ પહોંચવાનો કોઈ દિવસ વારો આવશે ખરો? કેટલા વરસનો થઈશ ત્યારે ત્યાં જવાનું થશે? એ બળતરા મનમાં રહેતી. બાપુજી ઉપર પણ ચીડ ચડતી કે તેઓ પણ એક આંટો ફીનિક્સ નથી આવતા. કઈ રીતે બાપુજીને મારા મનની જાણ થાય એ મને ન સૂઝતું. મને ખાત્રી હતી કે તેઓને મારી ઇચ્છાની ખબર પડે તો તેઓ જરૂર મને ફાર્મ પર તેડાવી લે.

મનનો આ વલોપાત હું મોટેરાઓને ઝાઝો કહી ન શકતો. પણ મારી ઉદાસીથી તેઓની કાળજી વધી. ફાર્મ પર ન જવા દેવાને કારણે મારું મન ભાગી ગએલું તેને ઉત્સાહિત કરવાને તેમણે ઉપાયો લેવા માંડ્યા.

મગનકાકાએ મને સોડમાં લીધો. જેટલો વખત તેઓ ઘરમાં રહે તેટલો બધો વખત પોતાની સાથે ને સાથે રાખવા લાગ્યા. પહેલાં તેમની પાસે જતાં મને ડર લાગતો એવું હવે ન રહ્યું. જો કે તેઓ પાસે કલ્લોલ તો ન જ કરી શકતો. તેમણે મને જમીનમાં જુદો કટકો કાઢી આપ્યો. તેમાં ક્યારીઓ કરી વા-વવાનું મને શીખવ્યું. પાણી લાવવા માટે નાનો બાગો અને ઘાસતેલના પોણિયા ડબ્બા બનાવી આપ્યા. ગુલાબવાડીની ક્યારીનું ને ખીલેલાં ફૂલો કાતરથી કાપી લેવાનું બતાવ્યું. દેવદારનાં પાટિયાંમાં પોતે સુતારી-કામ કરે ત્યારે પાટિયાં પકડવા કરવાનું કામ મારી પાસેથી લેવા લાગ્યા. હારમોનિયમ ઉપર 'સા-રી-ગ-મ' પણ બતાવી અને પોતે ઉછેરેલા બધાં ફળઝાડોની કેવી રીતે સંભાળ રાખવી જોઈએ એ પણ શીખવ્યું. મને ભણાવવા એટલે વાચતાં લખતાં શીખવવા પ્રત્યે તેમણે નહિ જેવું જ ધ્યાન આપ્યું પણ સવારસાંજ બબ્બે કલાક ઉપર મુજબની તાલીમ આપી મારા જીવનનો પાયો તેમણે સાબૂત કર્યો.

સવારસાંજ તો બગીચામાં અને આવા રસભર્યા ઉદ્યોગોમાં વીતે, પણ લાંબોલાંબો દિવસ કેમ ખૂટે? દિવસનો મોટો ભાગ પિતાશ્રી અને મગનકાકા છાપ-ખાનામાં વીતાડે, ઘરમાં બા ને કાકી પોતાના ઘર-કામમાં ગુંથાએલાં રહે અને મારા ભાઈઓ કેશુ કૃષ્ણ પોતાની રમતોમાં રહે. મારું સોબતી તો કોઈ નહિ. આથી પિતાશ્રીએ મારે લાયક સાહિત્ય એકઠું કરવા

માંડ્યું. હિંદુસ્તાનથી દર મહિને પઢિયારનાં અને સસ્તા સાહિત્યનાં થોકડાબંધ પુસ્તકો આવતાં અને નાતાલ–ટ્રાન્સવાલના ગુજરાતીઓને ફીનિકસથી પાર્સલો થતાં. 'સાચું સ્વર્ગ', 'સ્વર્ગનો ખજાનો', 'સ્વર્ગની સીડી' વગેરેની રસભરી ચર્ચા કોઇકોઇ વાર મોટેરાંઓ પાસેથી કાને પડતી. પણ સ્વર્ગની જેમ મને એ પણ ગૂઢ અને પોતાથી જ્યાં ન પહોંચાય એવું લાગતું.

પિતાશ્રીએ શ્રી પઢિયારનું 'બાળકોનો આનંદ' અને 'સદ્દગુણી બાળકો'નું પુસ્તક મારા હાથમાં મૂક્યું. પહેલું મને લૂખું અને મહામહેનતે વંચાય એવું લાગ્યું, બીજામાં મોટે ભાગે અંગ્રેજ બાળકોનાં પરાક્રમો વાંચી મન પર ભારે અસર ન થઇ. સ્વર્ગનું સાહિત્ય તો ન ગમ્યું પણ 'શિશુસદ્દબોધમાળા'ના ચાર ભાગ મારા સંગાથી બન્યા. એ પુસ્તકનું નામ કેમે ય કરી સમજાતું નહોતું, પણ ઝીણા ટાઇપમાં છપાયા છતાં તેમાંની પૌરાણિક આખ્યાયિકાઓ વાંચતાં મને થાક જ ન લાગતો. અમારી ગુલાબવાડી પાસે બકાનના ઝાડ નીચે બેસી બપોરના ત્રણેક કલાક હું 'શિશુ-સદ્દબોધમાળા'નું પારાયણ કરતો. પાછળથી 'વનરાજ ચાવડો' અને 'સધરા જેસંગ'ની વાર્તાઓ બહુ એકાગ્ર-પણે વાંચતો. તેઓનાં જંગલમાં ભૂલાં પડવાના વર્ણનોથી હું તીવ્ર સમવેદના અનુભવતો અને ફીનિકસના એ-કાકીપણામાં પોતાને તેમના જેટલો જ અસહાય એકલો અને સંકટગ્રસ્ત માનતો.


ગુજરાતી વાચન ઉપરાંત પિતાશ્રીએ હિંદી માસિક 'સરસ્વતી'ની ફાઇલો ઉથલાવવાની ગોઠવણ પણ કરી આપેલી. તેમાંનું હિંદી મને ભાગ્યે જ સમજાતું. છતાં ક્યાંક વાર્તા જેવું મળે તો વાંચતો અને ચિત્રો જોતો. રાત્રે સૂતા પહેલાં પિતાશ્રી થોડા દાખલા અને શ્રુતલેખન કરાવતા. શ્રુતલેખનમાં પાર વિનાની ભૂલો પડતી અને સાંજે દાખલામાં પણ ભૂલો કરતો. એકેક વાર તો આ ભૂલોને કારણે ઉપરાઉપર દસબાર તમાચા પિતાશ્રીના હાથે ખાવા પડ્યા. પણ આથી મારૂં શ્રુતલેખન કે ગણિત સુધર્યું નહિ, ઊલટું સાહિત્ય વાંચવાનો શૉખ વધી ગયો.

આટલું છતાં મારૂં એ વરસ–સવા વરસ બહુ કંટાળાભરેલું વીત્યું. પંદરેક મહિનાનો એ ગાળો અત્યારે પણ મારા મગજમાં દોઢબે દાયકા જેટલો લાંબો ભાસી રહ્યો છે. કોઇ કાવ્ય કે નવલકથાના નાયકની વાર્તા જોડવા હું આ નથી લખતો, પણ દસેક વર્ષના બાળકને સોબતી-સંગાથી વિનાનો કરી મૂકવામાં તેની અવદશા કેટલી બધી થાય છે એનો ખ્યાલ આપવા લખું છું. મને ભણવાનાં અને શીખવાનાં સાધનોની છોળ હતી એમ કહેવાય, પણ ટૉલ્સ્ટૉયફાર્મ જવાની બંધીએ મારૂં આખું જીવન ખારૂંખારૂં કરી નાખ્યું હતું. મારૂં દુઃખ હું કોઇને કહી ન શકતો; મનમાં જ શમાવવું પડતું એથી વધુ ત્રાસ થતો. બપોરના વખતમાં વાંચતાં વાંચતાં ચોપડી પડતી મેલી મૂગું રૂદન કરી લેતો. એવામાં કોઇ પંખી માથા પરની ઝાડની છાયામાં કલ્લોલ કરતું ને મને રાહત આપતું. પંખીનાં ગીત સાંભળી મનઃક્લેશ ઓસરી જતો અને મનમાં ને મનમાં બબડતો, 'હે ભગવાન! બીજો જનમ મને છોકરાનો નહિ પણ પક્ષીનો આપજે.' થોડા દિવસ પછી કોઇ બીજું પક્ષી ગમી જતું તો વળી ભગવાનને સંબોધી, 'પેલા જેવું નહિ, આના જેવું પંખી મને બનાવજે' એમ વિનવતો અને ફરી પાછો વિમાસણમાં પડી જતો કે અત્યારે ને અત્યારે મને પાંખ મળે તો કેવું સારૂં? ઊડીને સીધો ટૉલ્સ્ટૉયફાર્મ ચાલ્યો જાઉં અને અનેક છોકરાઓ વચ્ચે બાપુજી પાસે રહું. પરંતુ છેવટે આવી કલ્પનાઓથી વધુ દુઃખ જ મારા ભાગ્યમાં રહેતું.

આવી રીતે મારો વખત પસાર થતો હતો ત્યાં ટૉલ્સ્ટૉયફાર્મથી મણિલાલ કાકા આવ્યા. ચારેક દિવસ રહ્યા ને પાછા ગયા. તેઓ ફીનિકસ રહ્યા તેટલો વખત એક ક્ષણ પણ મેં એમનો પીછો ન છોડ્યો. એમની સાથે ને સાથે ફર્યા કર્યું. બહુ આશા રાખી કે એમની સાથે મારે જવાનું થશે જ, પણ ન જઇ શકાયું. હું સમજ્યો કે મને ફાર્મ મોકલવાના વાયદા નિરર્થક છે. મારે ફીનિકસમાં જ ગોંધાઇ રહેવાનું છે.

આ પછી મારૂં મન સાવ કરમાઇ ગયું. મારી અકળામણ મુરબ્બીઓને પણ અસહ્ય લાગી. તેમણે મને ઘરના વર્તુળથી બહાર કાઢવાની ગોઠવણ કરી. મિ. વેસ્ટને ત્યાં મને મોકલવા માંડ્યો, અને એમાંથી ફીનિકસમાં ફરી એક નિશાળ શરૂ થઇ. અગાઉની કોર્ડિસશાળામાં અને આ વેસ્ટની નિશાળમાં ઘણો ફેર હતો. એની અંગ્રેજી-ઢબની તાલીમથી વાત હવે પછી.

પ્રભુદાસ છગનલાલ ગાંધી



ચોરસ ખાનાં પ્રમાણે તૈયાર થએલા ચિત્રને કોરા કાગળ પર ઉતારવાની પદ્ધતિ નં. ૧ પ્રથમ પ્રત; નં. ૨ છાપકાગળ; નં ૩ કોરો કાગળ.

ચિત્રકળામાં સ્વશિક્ષણ


ગયા હપતામાં દર્શાવેલી પદ્ધતિ પ્રમાણે ખાનાં કરીને ચિત્ર કરવાની તમને સમજ પડી ગઈ હોય એ મુજબ તમારાં ખાનાંઓમાં તમે ચિત્ર ઉતાર્યું હોય અને તેની ચોખ્ખી લીટીઓ બીજા કાગળ પર લેવા જેવી તૈયાર થઇ હોય તો હવે નીચે બતાવેલી વિધિ પ્રમાણે જ આગળ ચાલો.

જે કાગળ ઉપર તમે ચોરસ ખાનાં આંકીને ચિત્ર દોર્યું હોય તેને આપણે પ્રથમ પ્રત તરીકે ઓળખીશું. આ પ્રત માટે બહુ ઊંચા કાગળની જરૂર નથી. જરા પાતળો કાગળ હોય તો યે ચાલે. તે ઉપરનું બધું કામ માત્ર પેન્સિલથી જ કરવું.


તમને લાગે કે એ પહેલી પ્રત પરનું ચિત્રકામ બરોબર થયુ છે એટલે તેને ચોખ્ખા કાગળ પર ઊતારવાની તૈયારી કરો. આ માટે તમારે એક 'ટ્રાન્સ્ફર શીટ' (છાપ ઉતારનાર કાગળ) તૈયાર કરવો પડશે. એક પાતળા કાગળની એક બાજુ કાળી કે વાદળી પોચી પેન્સિલ ઘસીને આખી સપાટી ભરી કાઢો. વાદળી પેન્સિલ વધુ પસંદ કરવા યોગ્ય છે. આગતેમ ચારે બાજુ ઘસીને એકસરખી રંગીન ભોંય બની જાય એમ કરવું. કપડાં ધોવામાં વપરાતી ગળી પણ થોડી ભભરાવીને હાથથી કે કપડાથી ફેલાવી ચોપડી શકાય. કાળી પેન્સિલનો ભૂકો યે ચાલે. જેના પર ભારથી પેન્સિલ ફેરવતાં નીચે રેખા પડી શકે તેવું ગમે તે સાધન ચાલે. માત્ર ટાઇપરાઇટરના કાર્બન પેપર અથવા દુકાનોમાં બીલની નકલ માટે વપરાતા કાર્બન પેપર ન જ લેતા; કેમકે તેની ચિકાશ નીચે લાગતાં તે કોઇપણ રીતે નીકળવી મુશ્કેલ થશે.

હવે મથાળાના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે તમારી પાસે ૩ જાતના કાગળ થયા. નં. ૧ તમારી પ્રથમ ચિત્રપ્રતિ; નં. ૨ તે તમારો છાપકાગળ (ટ્રાન્સ્ફર પેપર); નં. ૩ તે તમારો ચોખ્ખી પ્રતનો કાગળ, કે જેની ઉપર તમારે નં ૧ નું ચિત્ર ઉતારવું છે.

હવે એ ત્રણે કાગળોને સાથે રાખવા આ પ્રમાણે ક્રમ કરો. ડ્રૉઇંગના પાટિયા ઉપર પ્રથમ નં. ૩ નો ચોખ્ખો કાગળ રાખો; તે ઉપર નં. ૨ વાળા છાપકાગળની રંગ ઘસેલી બાજુ આવે તેમ તેને ઊંધો નાખો; અને છેલ્લે સૌથી ઉપર, તમારી પ્રથમ પ્રતિ, ચિત્ર ઉપર રાખીને મૂકો. ત્રણે કાગળોને હવે મથાળેથી એક સાથે સરખા રાખી બે ડ્રૉઇંગ પિન કે ખીલીઓથી પાટિયા ઉપર જ જડી લો. બરોબર સીધા રહે અને ઉપરથી ખસેચસે નહિ તેની ખાત્રી કરજો. જુઓ નીચેનું ચિત્ર.



હવે તમે ૧ નંબરની કઠણ અણીવાળી પેન્સિલ લઇ ચિત્ર



ખાનાં આંકવાનો જેને કદી મહાવરો ન હોય તેમને માટે થોડીક ગતો ઉપર આપી છે. દરેકમાં લીટીઓ અને અંતરની ચોકસાઇ ચીવટથી પાળવી

ઉતારવાનું કામ શરૂ કરો. એ વખતે ચોરસ ખાનાંનો બીલકુલ વિચાર કરવાનો નથી; માત્ર ચિત્રની જ રેખાઓ ઉપર. ધીરજથી એકધારી પેન્સિલ ચલાવો. ચાલતા કામે તમે નં. ૧ અને ૨ વાળા કાગળ ઊંચકીને નીચે કેવું છપાય છે તે તમે તપાસી શકશો.

આ કામ તમે ચીવટપૂર્વક અને ચોકસાઇથી કર્યું હશે તો નીચેના કોરા કાગળ ઉપર એક સ્વચ્છ સાફ ઝાંખી રેખાકૃતિમાં ચિત્ર પરેલું જોશો. વાદળી કે કાળો જેવો છાપકાગળ, તે પ્રમાણે એ ચિત્રની રેખા હશે. હવે જરૂર વગરનો ભાગ તેમાંથી રબર વડે તમે ઘસી પણ શકશો. કોઇપણ જાતની ભૂલચૂક પેન્સિલથી કે પીંછીથી સુધારવાની તમને તક રહેવાની જ.

આ રીતે નકલ ઉતારવાથી તમારા ચિત્રના ખાસ કાગળને નકામા લીટા કે ડાઘથી તમે બચાવી શકશો. બીજો લાભ એ છે કે કદાચ તમારૂં એ ચિત્ર બગડે તો તેની મૂળ આકૃતિ તમારી પાસે પ્રથમ પ્રત ઉપર તૈયાર જ હશે, એટલે નવી પ્રત કરતાં આગસ કે વાર થવાની નહિ. વળી તૈયાર ચિત્ર કોઇને મોકલો કે આપી દ્યો તોપણ તે અસલ પ્રત તમને બીજીવાર કામની થઇ પડવાની. આમ, પ્રથમ પ્રતની રીત રાખવાના લાભ ઘણા છે અને તે વિના કોઇ ડ્રૉઇંગ ભાગ્યે જ કરવાં ઘટે એમાં વધુ વખત જાય છે એમ ઘણાને લાગે, પણ ખરી રીતે સરવાળે તેમાં બચાવ છે અને કામ સારૂં થાય છે. કામ સારૂં હોવાનો આગ્રહ કોણ નહિ રાખે?

જેમને કદી ખાનાં આંકવાનો મહાવરો ન હોય તેમના માટે આ પાછળ આખા પાના પર કેટલીક ગતો આપી છે તે કરવાથી ઠીક તાલીમ મળશે. એવડાં જ અથવા એથી થોડાં મોટાં ખાનાં કરી જોવાં. દરેકમાં લીટીઓ અને અંતરની ચોકસાઇ ખૂબ ચીવટથી પાળવી.

પેન્સિલકામ ઉપર શાહીની પાકી લીટીઓ અને ઘાટ કરવા 'ઓ ૯' નંબરની ટાંકો સસ્તી અને સરળ થઇ પડશે. તમારી ટાંક હમેશાં સાફ રાખજો. તે પર કચરો પડવા કે તેને ઠરડાવા દેશો નહિ. કામ કરતી વેળા જરા ભિનાશવાળું કપડું પાસે રાખજો અને જરૂર પડ્યે લૂછતા રહેજો. ઘણીવાર ચિત્ર પર લેતાં પહેલાં એકાદ નકામા કાગળ પર તેને ચલાવી જોજો. **ર.મ.રા.**

તમારી યાદશક્તિની કસોટી



ભલે તમે ડિટેક્ટિવ ન બનો, પણ એક વખત પરિચયમાં આવેલી વ્યક્તિને ગમે ત્યારે ને ગમે ત્યાં તમે તુરત પિછાની લો એટલી આવડત તો જરૂરની છે જ. એનો પ્રાથમિક પાઠ અહીં આપ્યો છે. આ ચિત્રમાં બેઠેલા મગનભાઇ અને તેમનાં સગાં તથા આડોશીપાડોશીઓના ચહેરા તમે યાદ રાખી લો અને પછી પૃ. ૩૯૧ પરના તેમના થોડાક વધુ સંબંધીઓના ચેરામાંથી એ બધાને ઓળખી લો. જેને જેને ઓળખતા જાઓ એનું નામ એ ચિત્ર નીચેના ક્રમમાં લખતા જાઓ અને પછી આ ચિત્ર જોડે એ મેળવી ખાત્રી કરો કે તમે કેટલા સાચા છો. તમારી યાદશક્તિની પણ એ કસોટી થશે.



ગયા માસમાં ડભોઈમાં શ્રી સુન્દરમ્‌ના પ્રમુખપણા નીચે મુસ્લીમ ગુજરાતી કવિઓનો મુશાયરો ભરાયો હતો. મુસ્લીમ કવિસંમેલનોમાં કવિતાવાચનનો રસાસ્વાદ શ્રોતાવર્ગ બહુ રસપૂર્વક કરે છે અને એ સંમેલનો અત્યંત જીવંત બને છે. એનું કારણ એ છે કે એ કવિતાઓ જનરંજની શૈલીની, સરળ અને ચોટદાર હોય છે. ગુજરાતી મુસ્લીમ કવિઓમાં શ્રી 'શયદા'નું વિશિષ્ટ સ્થાન છે; એમણે ભાવપૂર્વક 'કુમાર' માટે મોકલેલું કાવ્ય આ નીચે અમે પ્રકટ કરીએ છીએ તે એ શૈલીનો પરિચય આપી રહેશે.

આંસુનો વેપાર

• ગઝલ •

નવો કોઈ કરવાને વેપાર, લેશો ?
હું વેચું છું લ્યો આંસુની ધાર, લેશો ?
ઝવેરી જુઓ એને ઝીણી નઝરથી
અમૂલાં છે આ મોતી બે ચાર, લેશો ?

નહિ થાય એની કદી જ્યોત ઝાંખી,
અચળ એનો જુદો છે ચમકાર, લેશો ?
અનેરી ચમક, એનું પાણી અનેરૂં,
અનેરો થશે એથી શૃંગાર, લેશો ?

જુઓ પાણી જોઈ થયું પાણી પાણી,
અરે તેજનો આ છે અંબાર, લેશો ?
ભરી એ મહીં છે દુઃખી દિલની આશા
નિરાધારનો કોઈ આધાર, લેશો ?

હઝારો રીબાતાંની છે હાય એમાં,
તૂટેલા હૃદયના છે આ તાર, લેશો ?
નિરાશા ને આશાની એમાં છે ખાણો,
નવી ભાવનાનો છે ભંડાર, લેશો ?

નથી લાવ્યો હું કાંઈ આંસુ નકામાં,
છે એમાં જીવનનો જીવનસાર, લેશો ?
કદી આપશે આપને હૂંફ ઊની,
છુપાયો છે જળમાંહી અંગાર, લેશો ?

જુઓ આખું બ્રહ્માંડ એમાં તરે છે,
કહો કોઈ એને કળાકાર, લેશો ?
તમે જો કહો છો તો લ્યો ભેદ ખોલું,
નિરાકારનો એ છે આકાર, લેશો ?

નથી માગતો એનું હું મૂલ ઝાઝું
દિલાસા બદલ એને દાતાર, લેશો ?
હું 'શયદા' લઈ આંસુ જ્યાંત્યાં ફરૂં છું,
નથી કોઈ એનો ખરીદાર, લેશો ?

'શયદા'

તાંડવ

ઋતુનાં નૃત્ય સાથે તાલ દેતું આ જીવનકાવ્ય છે, અને એને ઉચિત એનો છન્દ મળી ગયો છે.

• ઝૂલણા •

મૃત્યુની શુષ્કતા આજ ઘેરે ધરા
નીર આજે થતાં ક્ષીણપ્રાણ !
અંગપ્રત્યંગને પૃથ્વીના બાળતાં
આવતાં આભથી અગ્નિબાણ !

ધૂર્જટી ઊઠતા; મુક્ત કરતા જટા,
વાદળાંથી બધું આભ છાય;
ક્ષીણતા શિર પરે એક પદ ચાંપીયો
શુષ્કતા અવર પદથી હણાય.

મેઘ-મહાદેવ તાંડવ કરે આભમાં
ગર્જને ગર્જને ડમરૂ બાજે;
ઘૂમતા વીજના સૌ મણિ ચમકતા
અંગના સર્પને શિર્ષ રાજે.

દીનતા-બંધનો તાંડવે તૂટતાં,
થાય પૃથ્વી તણો મુક્ત પ્રાણ;
સપ્તરંગી તહીં આભમાં ઓપતી
જીવનની એ મહા જયકમાન.

પ્રહ્‌લાદ પારેખ

યાત્રિકને

• ઉપજાતિ–સ્રગ્ધરા •

ભરી ઉરે ભૂત અનુભવોને
ઘૂમી નવા જોમથી વર્તમાને
ને માંડી દૃષ્ટિ ગૂઢ઼ ઓ ભવિષ્યે
વીંધી દિક્કાલ બન્ને દૂર દૂર દૂર ત્યાં પંથી આગે ધપ્યે જા.

'અનામી'

રડતાં ખં·ડિ·યે·ર · · ·

આજે તો એનું નામોનિશાન મટી ગયું છે. માત્ર નાનાં ગામડાં જેવાં હંપી અને કંપિલા તેની જેવી-તેવી યાદગીરી ટકાવી રહ્યાં છે. પણ વીરબલ્લાળ સ્થાપિત એ વિજયનગર, દખ્ખણમાં એક વખત રાજકારણમાં સર્વોત્કૃષ્ટ સ્થાન ભોગવતું હતું. વિંધ્યથી તે સીલોન સુધી અને અરબી સમુદ્રથી તે બંગાળના ઉપ-સાગર સુધી વિસ્તરેલું, ઑસ્ટ્રિયા કરતાં યે મોટું એ હિંદુ સામ્રાજ્ય પંદરમી-સોળમી સદીમાં દુનિયાભરમાં સૌથી સમૃદ્ધ ગણાતું હતું. ઇબ્ન બતુતાહ, ફિરિસ્તા, અને તૈમુરના પુત્ર સુલતાન શાહરૂખે ઠેઠ હેરાતથી એલચી તરીકે મોકલેલા અબ્દુર્રઝાક જેવા મુસ્લીમ તવારીખનવેશોએ જ નહિ, પણ ડોમિંગોઝ પાએઝ, નૂનીઝ તથા નિકોલો કૉંટી જેવા ફિરંગી ઇતિહાસકારોએ પણ એની સમૃદ્ધિ ને પ્રતાપનાં ભારોભાર વખાણ કર્યાં છે. ફક્ત એ જ એક હિંદુ સામ્રાજ્યે જો મધ્ય યુગની શરૂઆતથી હિંદુ જાતિમાં વ્યાપેલા પરસ્પરના દ્વેષ અને સ્વાર્થથી વિમુક્ત રહી પોતાની હસ્તી ટકાવી રાખી હોત તો એની ચતુરંગ સેના ને અતુલ સમૃદ્ધિ જોતાં, હિંદના કપાળે મુગલાઇ જડાઇ હોત કે કેમ એ એક સવાલ રહેત.


હિંદુપત ત્યારે હિંદનું સાર્વભૌમત્વ હારી બેઠી હોઇ ઇસ્લામની રેલ સારા યે દેશ પર ફરી વળી હતી. દખ્ખણમાં એને ફરી વળતી અટકાવવા થોડો કાળ તો વિંધ્યે તે સામે ટક્કર ઝીલી, પણ પછી તે યે કમતાકાત નીવડયો ને એવા જ જોસથી એ રેલ દખ્ખણ પર પણ ફરી વળવા માંડી. ખૂની અલાઉદ્દીન જબરા લશ્કર સાથે ઊતર્યો. દેવગિરિના રામચંદ્રદેવને હરાવી ૫૦ મણ સોનું, ૭ મણ જવાહિર અને બીજી બેશુમાર લૂંટ લઇ તે પાછો તો ફર્યો, પણ પોતાની લાલચુ નજરમાં એ પટ સમાવતો ગયો. અને પછી કાકાનું ખૂન કરી એ ગાદીએ બેઠો કે તરત ગુજરાતને તારાજ કરનાર એના નામચીન સેનાપતિ મલિક કાફુરને ફરી એણે દખ્ખણમાં મોકલ્યો. લૂંટફાટ ને આગ ફેલાવતો, દેવગિરિ ને વરંગળનાં હિંદુ રાજ્યો નાબૂદ કરી, હોયસળને પરાસ્ત કરી એ મલિક કાફુર ઠેઠ રામેશ્વર પહોંચ્યો ને ત્યાંનાં મંદિરોનો ધ્વસ કરી મસ્જિદો ચણાવી, માલિકના નામે સવાબ હાંસલ કર્યો.

ખિલજીવંશ ખૂનની પરંપરામાં જ આથમ્યો ને તઘલખવંશે દિલ્હીની ગાદી હાથ કરી ત્યારે દખ્ખણનાં મૃતપ્રાયઃ રાજ્યોએ ફરી પગભર થવા પ્રયાસ કરી જોયો; પણ મહમદ તઘલખે તે ઊગતો જ દાબી દીધો. વરંગળ તાબે કરી, ફરી તેણે હોયસળને પરાસ્ત કર્યું ને પાંડ્ય સુધી પહોંચી, મદુરામાં મુસલમાન સત્તા સ્થાપી.

આમ, ઇસ્લામની આંધી દખ્ખણના એકેએક પ્રાંત ને તેની સીમાઓ પર ફરી વળવા માંડી ત્યારે દખ્ખણના એક ધીર વીર રાજાએ તેને શિકસ્ત આપવાનો પેંતરો રચવા માંડયો. એ રાજા તે હોયસળનો વીરબલ્લાળ. મલિક કાફુરે હળેબિડ અથવા દ્વારસમુદ્ર પર



શેષનાગથી વિભૂષિત, વીસ ફૂટ ઊંચી નરસિંહની મૂર્તિ. મુસ્લીમોની કુહાડીએ એના ચહેરાની દુર્દશા કરી છે ને એના ખોળામાંની લક્ષ્મીજીની મૂર્તિને તદ્દન ઉદ્ધવસ્ત કરી દીધી છે.



હંપીનાં ખંડેરો ક્યાં આવ્યાં? તે બતાવતો નકશો (મદ્રાસ એન્ડ સધર્ન મરાઠા રેલ્વે)

ચડાઇ કરી ત્યારથી જ ઇસ્લામની ચડતી કળા પામી જઇ, અગમચેતી વાપરી એણે મહમદ તઘલખ સાથે સંધિ કરીને એનું સાર્વભૌમત્વ સ્વીકારી લીધું. એ ધોરણ તો જો કે ઘણું નમ્ર ગણાય, પણ એનો અસ્વીકાર નાશને જ નોતરે એમ હતું.

પછી મહમદ દિલ્હીના તખ્ત ઉપર બેઠો એટલે દખ્ખણમાં તેના મૂકેલા સૂબાઓએ સ્વતંત્ર થવાની પેરવી કરવા માંડી. સિંધ, ગુજરાત ને બંગાળમાં પણ બળવા જાગ્યા ને એના શમનમાં પરોવાએલો મહમદ દખ્ખણ આવી શકે એમ ન રહેતાં દખ્ખણના સૂબાઓને સ્વાતંત્ર્ય મેળવવામાં વધુ સગવડ મળી. સૌ પહેલાં મદુરાના સૂબા જલાલુદ્દીન અસરશાહે ઈ. ૧૩૩૫માં બંડ પુકાર્યું.

અત્યાર સુધી નતમસ્તક રહેલા વીરબલ્લાળે પણ પ્રમાણ્યું કે નામોનિશાન મટતું અટકાવવાની એ જ સોનેરી તક હતી. આ બખેડાનો લાભ લઈ તુરત એણે સરહદની નાકેબંધીની શરૂઆત કરી. તુંગભદ્રાના કિનારા પરના હંપી ને કંપિલાના કિલ્લાનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને એથી યે મજબૂત ને વિશાળ એક કિલ્લો છાની રીતે તેણે ચણવા માંડ્યો. શૃંગેરી મઠના ત્યારના શંકરાચાર્ય મધ્વ અથવા વિદ્યારણ્યસ્વામીના આશીર્વાદ સાથે જેનું ખાતમુહૂર્ત થયું એવો એ કિલ્લો તે વિજયનગર, જેનું સામ્રાજ્ય સંઘર્ષમાં જન્મી, સંઘર્ષમાં જ વિલાયું.

એ કિલ્લા સાથે જ વિજયનગરના મહારાજ્યનો ઉગમ થયો ગણી શકાય. છાની રીતે બાંધ્યો હોવાથી એ કિલ્લાની ચોક્કસ સાલ નથી મળતી, પણ ઈ. ૧૩૨૮થી તે વીરબલ્લાળ મરણ પામ્યો એ સાલ ૧૩૪૨ સુધીના ગાળામાં એ બંધાએલો હોય, અત્યારે સર્વાનુમતે ૧૩૩૬ની સાલ તે માટે સ્વીકારાઇ છે. ને એ ગણત્રીએ ગઇ સાલમાં એની સ્થાપનાને છ સો વર્ષ પૂરાં થતાં હિન્દે તેની ષટ્સંવત્સરી ઊજવી એનું તર્પણ કર્યું છે.

મુસલમાનોના આગમન પહેલાં દખ્ખણમાં ચાલુક્યોનું રાજ્ય હતું. તેઓ પોતાના સિક્કા પર વરાહની છાપ મારતા, જે પાછળથી કલ્યાણીના ચાલુક્યોએ પણ અપનાવી હતી. પાછળથી એ સામ્રાજ્યના ટુકડા પડી ગયા—સેઊણ, હોયસળ અને કાકતીય. તેમાંના હોયસળની ગાદી પર વીરબલ્લાળ થયો.

મદુરાનું બંડ જાહેર થતાં જ આ વીરબલ્લાળે વિજયનગરની હસ્તી જાહેર કરી દીધી ને પોતાના પુત્ર વીરવિજય વિરૂપાક્ષને ગાદી સોંપીને મદુરાના જાહેર થએલા સુલતાન સામે ચડી ગયો. પરંતુ ત્રિચિનોપલ્લી પાસેના કાનાનૂરના યુદ્ધમાં તે સુલતાનના હાથે કેદ પકડાયો ને ઘાતકી રીતે મોતને શરણ થયો. મુસલમાન સત્તાના દખ્ખણમાંથી ઉચ્ચાટનની તેની મહત્ત્વાકાંક્ષા આમ અધૂરી જ રહી ને તે છેવટ સુધી ન પૂરાઇ. આમ છતાં જ્યારે એની ષટ્સંવત્સરી ઊજવાઇ, ત્યારે તે ન્યાય્ય છે કે નહિ તે આપણે જોઇએ.

વીરબલ્લાળના મૃત્યુ પછી ચાલેલી કાવાદાવાખોરીને લીધે વિજયનગરનો વર્ષો સુધીનો ઇતિહાસ અંધારામાં જ રહ્યો છે. પછી તૈમુરની સવારીએ દિલ્હીની સત્તા ખળભળાવી મૂકી ને ગુલબર્ગમાં બ્રાહ્મણી રાજ્યની સ્થાપના થઈ ત્યારે એની સત્તા સંગમયાદવના પુત્ર હરિહર, બુક્ક, કંપ વગેરે પાંચ ભાઇઓના વર્ચસ્વ નીચે નજરે પડે છે.


બ્રાહ્મણી સત્તા આ પાંચ ભાઇઓના વખતમાં ચડતી કળાએ પહોંચી. ચીનના શહેનશાહ તાઇ-ત્સુ સુધી એમણે એલચીઓ મોકલાવી રાજપ્રકરણી લાગવગ વધારી હતી. પણ હરિહરના મૃત્યુ બાદ બુક્કે મૂર્ખાઇ કરી, બ્રાહ્મણી સત્તાની ચડતી કળાનું વરંગળના રાજકુમાર સાથે મળીને નિયંત્રણ કરવા દિલ્હીના સુલતાન ફિરોઝ તઘલખને મદદ આપવાનું કહેણ મોકલ્યું. પરિણામે રોષે ભરાએલા મુહમ્મદશાહે વિજયનગર

પર ચડાઇ કરી ને ગર્ભિણી તથા છાતીએ વળગેલાં બચ્ચાં સહિતની સ્ત્રીઓ, પુરુષો ને બાળકોની કત્લ ચલાવી. ફિરિસ્તાના લખવા પ્રમાણે આ કત્લની સંખ્યા પાંચ લાખની હતી. ને આ કત્લ જ્યારે ચાલતી હતી ત્યારે જીવ બચાવવા ઉદનીના કિલ્લામાં ભરાએલો બુક્ક, મદિરા ને નર્તિકાઓની મોજ માણી રહ્યો હતો. અસીમ દોલત ખંડણીમાં આપી એણે તો મુહમ્મદશાહથી સંધિ કરી, પણ વરંગળનું હિંદુ રાજ્ય બ્રાહ્મણી સત્તામાં ઉમેરાઇ ગયું. મુહમ્મદશાહ પછી મુજાહિદે ચડાઇ કરી, હિંદુ મંદિરો બાળી, હનુમાનની વિશાળ મૂર્તિનો નાશ કર્યો ને સાઠથી સિત્તેર હજાર કેદીઓ (મોટા ભાગે સ્ત્રીઓ) લઇ જ્યારે તે પાછો ફર્યો ત્યારે પણ આ બુક્ક રામેશ્વર નાસી ગએલો.


મુસલમાનોની હજારોની સંખ્યા સામે લાખોની સંખ્યાનું સૈન્ય ખડું કરી બહાદૂરીથી પીછેહટ કરતા વિજયનગરના આવા સમ્રાટો માટે ફિરિસ્તાએ આ શબ્દો ઉચ્ચાર્યા છે (અને તે મુસલમાનોની ખુશામદ નહિ પરંતુ નક્કર સત્ય જ જણાશે) કે, 'બ્રાહ્મણી રાજાઓ માત્ર પરાક્રમથી જ પોતાનું સ્થાન જાળવતા; બાકી સત્તા, સમૃદ્ધિ અને વિસ્તારમાં તો વિજયનગરના રાયો તેમનાથી અનેકગણા ચડીઆતા હતા.'

ઇ.૧૩૭૮માં બુક્કનો પુત્ર કંપ 'હરિહર બીજો' નામ ધારણ કરી, 'ચાર વર્ણ અને આશ્રમના આધાર'ની પદવી સાથે વિજયનગરના સિંહાસને આરૂઢ થયો. આ બીજો હરિહર વિજયનગરના હિંદુ સામ્રાજ્યનો પહેલો સમ્રાટ ગણાય છે.

એકાદ સૈકા સુધી એના વંશે પોતાની હસ્તી ટકાવી રાખી. નહિ કે એ પ્રબળ હતો તેથી, પણ બ્રાહ્મણી રાજ્યોમાં શરૂ થએલી ફાટફૂટના મળેલા લાભને લીધે. પછીથી કપિલેશ્વરે જેવી કલિંગ (આસામ)ની ગાદી પચાવી પાડી કે તરત જ તેણે વિજયનગર તરફ મોરચા માંડયા ને પોતાના પુત્ર પુરુષોત્તમ સાથે તિરુવણ્ણમલાઇથી તે આર્કટ સુધીનાં મહત્ત્વનાં બધાં સ્થળ સર કરી લીધાં. ઠેઠ વિજયનગર સુધી તેના આવી પહોંચવાની સંભાવના ઊભી થઇ ત્યાં સુધી યે સમ્રાટ વિરૂપાક્ષની ઊંઘ જ્યારે ન ઊડી, ત્યારે તેના મોટા પુત્રે તેનું ખૂન કર્યું ને ગાદી હાથ કરી. પણ એ કંઇ કરી શકે તે પહેલાં તો તેના નાનાભાઇ પાંડયરાવે તેનું ખૂન કરી



નિઝામ રાજ્યના અનેગુંડીથી તે હોસપેટ સુધીનાં નવચોરસ માઇલમાં વેરવિખેર પડેલા ખંડિયેરોમાંના એક શ્રી વિઠ્ઠલ મંદિરનો કોતરેલો પાષાણરથ



એ જ ખંડિયેરોમાં અચ્યુતરાયનું મંદિર

નાખ્યું, એટલે રાજગાદી માટે પાછી રસાકસી ચાલી. એ રસાકસીમાં છેવટે નરસિંહ નામનો એક બીન-રાજવંશી ફાવ્યો ને વિજયનગરની ગાદી ઉપર બીજા રાજવંશની શરૂઆત થઈ. (ઈ. ૧૪૯૦)

નરસિંહના બીનરાજવંશી હોવા માટે રૈયતે શોર ઉઠાવ્યો, પણ એણે કપરે હાથે એ દબાવી દીધો. બસ. એટલા પૂરતી જ એની શૂરવીરતા. બાકી સમ્રાટસુલભ વિજિગિષાને વશ થઈ સાત લાખના લશ્કર સાથે રાજમહેંદ્રીને એણે ઘેરો ઘાલ્યો ત્યારે આદિલશાહ એ ઘેરો છોડાવવા આવવાના સમાચાર સાંભળતાં જ એ 'મહામંડલેશ્વર મેદિનીશ્વર ગંદનકટારી સાલુવ ધરણીવરાહ નરસિંહરાય ઉદેયાર'ને મલૂર નાસી જઇ જીવ બચાવવામાં જ શૂરવીરતાની પરાકાષ્ટા જણાઇ હતી!

ઈ.૧૫૦૯માં એનું અવસાન થતાં એનો ભાઇ કૃષ્ણદેવરાય સમ્રાટપદે આવ્યો. વિજયનગરના આખા ઇતિહાસમાં ગણના યોગ્ય કોઇ નામ હોય તો એ નું જ. એના શાસનકાળ દરમિયાન જ ફાટફૂટને લીધે બ્રાહ્મણી રાજ્યના પાંચ

હિંદુપતની ઢાલ બનવાના ગૌરવાન્વિત આદર્શે એ ઊભું થએલું, પણ રાજલિપ્સાની સતત કાવાદાવાખોરી કદી એની કરોડ ટટાર ન રાખી શકી, ને પરિણામે મુસ્લીમ આક્રમણના એક જ જબરા જુવાળથી એ મહાન હિંદુસામ્રાજ્ય નેસ્તનાબૂદ થઈ ગયું

ટુકડા પડી ગયા ને એ પરિસ્થિતિનો લાભ લઇ, ફિરકોળ બંડ શમાવી, એણે સીધા કલિંગ સામે મોરચા માંડ્યા. પૂર્વનો બધો મુલક પાછો મેળવી, કૃષ્ણા નદી સુધી રાજ્યની હદ વધારી તેણે કલિંગ પાસેથી પોતાનું વર્ચસ્વ માન્ય કરાવ્યું. મુસલમાનોથી લડી રાયપુર દોઆબ પણ ખાલસા કર્યું વિજયનગરનો એ પહેલો જ સમ્રાટ હતો જેણે મુસલમાનોને શિકસ્ત આપી હોય ને જેણે લશ્કરની જાતે સરદારી લીધી હોય. પાએઝ પોતાની ફેરિસ્તમાં તેને માટે 'gallant and perfect in all things' શબ્દો વાપરે છે.

મ્હૈસુરના ગંગરાજાને હરાવી, તેણે શિવસમુદ્ર ને શ્રીરંગપટમ જેવા કિલ્લા હાથ કર્યા હતા. ઓરિસા પર ચડાઇ કરી ત્યાંના રાજાની કાકીને તે કેદ પકડી લાવ્યો હતો અને ઉદયગિરિના મંદિરમાંથી કૃષ્ણની મૂર્તિ ઉપાડી લાવી વિજયનગરમાં તેની પ્રતિષ્ઠા કરી હતી. કોંડાપલ્લી ને રાજમહેંદ્રી પણ જ્યારે જીત્યાં ત્યારે ઓરિસાના રાજાએ પોતાની કુંવરી પરણાવી તેની જોડે સંધિ કરી. આદિલશાહની તો એણે એવી ખુવારી કરી હતી કે તેના જીવતાં સુધી તેણે વિજયનગર સામું ફરી કદી માથું ઊંચકયું નહોતું. મુસલમાનોએ તોડી પાડેલાં અનેક મંદિરો એણે ફરી ઊભાં કર્યાં. પોર્ટુગીઝ ઇજનેર જોઆઓ ડ લા પૉન્ટીની મદદથી વિજયનગરના નિર્માણમાં તેણે ઘણી નવીનતાઓ દાખલ કરી. દક્ષિણ હિંદુસ્તાનમાં ઠેરઠેર નજરે પડતાં મોટાં ગોપુરો પણ એનાં જ બંધાવેલાં છે. દખ્ખણમાં હિંદુ ધર્મનો પુનરુદ્ધાર તેને હાથે જ થયો. વેદોનાં ભાષ્યોના મુખપાઠોને એણે પુસ્તકોમાં ઉતરાવ્યા. પોર્ટુગીઝ ગવર્નર અલબુકર્ક સાથે સંધિ કરી, બ્રાહ્મણી રાજ્યોનો પોર્ટુગીઝો સાથેનો વેપાર તોડી પાડી, એણે વિજયનગરનો વેપાર ખૂબ વધાર્યો. એ વેપારે વિજયનગરની સમૃદ્ધિ પર કળશ ચડાવ્યો અને તે 'પૂર્વની મહારાણી' તરીકે જગતખ્યાત બન્યું. વિદ્વાનો એ ખૂબ રસિયો હતો ને ઘણા કવિઓને એણે પોષ્યા હતા. એની પોતાની સ્ત્રી પણ કવિ હતી. એમ તો વિજયનગરના ઇતિહાસમાં ઘણીયે રાણીઓ વિદ્વાન અને કવિ થઇ ગઇ છે અને એમનાં લખેલાં સંસ્કૃત કાવ્યો હજુ દખ્ખણમાં પ્રચારમાં છે. ચીનાદેવી અમ્મા, તિરુમલ્લાદેવી અમ્મા, ગંગાદેવી અને રામભદ્રમ્બાનાં નામો તેમાં મુખ્ય ગણી શકાય.

દેવરાયના વખતમાં વિજયનગરમાં વહાણો નાંગરવાનાં જે ૯૦ બારાં હતાં તેની સંખ્યા કૃષ્ણદેવરાયના વખતમાં ૩૦૦ એ પહોંચી. વિજયનગરના વેપારીઓ ત્યારે એકલા હિંદનાં જ બંદરોથી નહિ, પણ કંતાન, સોકોત્રા, અરબસ્તાન ને મિસર સુધી વેપાર ખેડતા હતા. ને વેપારમાં લક્ષ્મી વસે છે એ તથ્યાનુસાર લક્ષ્મીની એ મહારાજ્ય પર પૂરી મહેર જામી હતી. એ વેપારને પ્રતાપે જ કૃષ્ણદેવરાય પોતાની માની સંવત્સરી પ્રસંગે એકેએક બ્રાહ્મણને સોનાનો આંબો ભેટ આપી શકયો હતો. એના વખતમાં બંદરો માટેનો ખાસ દારોગો નીમવામાં આવ્યો હતો. કેટલાકનો મત એવો છે કે તેના અમલથી દસ વર્ષ પહેલાં આવીને પોર્ટુગીઝોએ હિંદનો કિનારો સર કર્યો નહોત તો એ નૌકાસૈન્ય પણ ઊભું કરત.

પરંતુ મુસલમાનોને હરાવી બહુ ઉદ્ધત થવા ઉપરાંત એક બીજું પણ પાપ એણે પોર્ટુગીઝોનો વિશ્વાસ કરવામાં કર્યું હતું. એણે જ તેમને ભાટકલમાં કિલ્લો બાંધવાની મંજૂરી આપી હતી અને પાંચ સો પોર્ટુગીઝોને પોતાના અંગરક્ષકો નીમ્યા હતા. આમ સત્તા પર આવેલા એ પોર્ટુગીઝોએ એ રાજ્યના જ હિંદુઓને ઉખેડી નાખવાની પ્રવૃત્તિ આદરી અને ભાટકલની રાણીએ પોર્ટુગીઝ શહેનશાહનું રક્ષણ સ્વીકારવાની ના પાડતાં ઍફોન્ઝો ડી સોઝાએ આખા શહેરને બાળી નાખી હિંદુઓની કત્લ ચલાવી. મુસલમાનોથી હિંદુઓને બચાવવા નીકળેલો કૃષ્ણદેવરાય પોર્ટુગીઝોની આ કિન્નાખોરી સામે તદ્દન લાચાર નીવડ્યો હતો.

ઇ.૧૫૨૫ લગભગ એ માંદો પડ્યો કે એવો જ એ કમનસીબ સામ્રાજ્યની ઓહાગત પ્રપંચખોરોએ પાછો દેખાવ દીધો. એના પુત્રને ઝેરથી મારી નાખવામાં આવ્યો. પ્રધાન સાલુવ તિમ્મ ઉપર આ બાબતનો એને શક ગયો એટલે પોર્ટુગીઝોની મદદથી તેને, તેના ભાઇને

એ જીવ્યું, પાડોશી રાજ્યોની ને પોતાની પ્રજાની નબળાઇ પર; એ નષ્ટ થયું પોતાનાં જ પાપોના ગંજ પર. નવ નવ ચોરસ માઈલનો પટ રોકી ઊભેલાં એનાં ખંડિયેરો આ જ સુધી યે રડી રહ્યાં છે,—પોતાના સર્વતોમુખી વિધ્વંસ પર નહિ: હિંદુપતની ભીષણ કારુણિકા પર

અને પુત્રને પકડી મગાવી, તેમની આંખો ફોડાવી નાખી.

પણ આથી તો અવ્યવસ્થા ઊલટી વધી. સરદારોએ એક પછી એક બંડ ઉઠાવવા શરૂ કર્યાં ને એ શમાવવા અશક્ત એવા કૃષ્ણદેવરાયે પોતે જમાવેલા સામ્રાજ્યની પીંખાવટ જોતાંજોતાં જ દેહત્યાગ કર્યો એના પછી એનો ભાઇ અચ્યુતરાય ગાદીએ આવ્યો, પણ થોડા જ સમયમાં એનું અવસાન થયું, એટલે કુમળીવયના એના પુત્રને ગાદીએથી ઉઠાડી મૂકી રામરાજા નામના સરદારે સદાશિવરાય નામના એક રાજકુટુંબીને બીજા સરદારોની મદદથી ગાદીએ બેસાડયો ને પોતે પ્રધાન બન્યો.

આ રામરાજાએ બ્રાહ્મણીરાજ્યોની ફાટફૂટનો ખૂબ લાભ ઉઠાવવા માંડ્યો. પ્રસંગ જોઇ એ એક યા બીજા રાજ્યની મદદે પહોંચી જતો ને સારો જેવો બદલો મેળવતો. આને લઇને બ્રાહ્મણી રાજ્યોની સત્તા દિન પર દિન ઘટવા લાગી. પણ એ સ્થિતિ ઝાઝો સમય ન રહી. રામરાજાની ઉદ્ધતાઇએ બ્રાહ્મણી રાજ્યોને એ પરિસ્થિતિનું વહેલું ભાન કરાવી આપ્યું ને બ્રાહ્મણી સત્તાના એ પાંચે ફણગાઓએ એકત્ર થઇ વિજયનગર સામે મોરચા માંડ્યા. ઇ ૧૫૬૫ના જાન્યુઆરીની ૨૩મી તારીખે વિજાપુર સરહદમાં આવેલા તાલિકોટ મુકામે ભયંકર યુદ્ધ થયું ને તેમાં વિજયનગરનો પરાજય થયો. લાખો હિંદુઓની કત્લથી આખી તુંગભદ્રા લોહીથી રંગાઇ ગઇ. નાસતો રામરાજા અહમદનગરના નિઝામશાહના હાથમાં પકડાતાં તેણે તેનો શિરચ્છેદ કરાવી નાખ્યો. વિજયી મુસલમાન લશ્કર યુદ્ધભૂમિથી વિજયનગર તરફ ઊપડ્યું. ૭ મહિના સુધી એકધારું એ શહેરને તેણે લૂંટયે રાખ્યું. એ લૂંટ એટલી તો વિપુલ હતી કે એકેએક સૈનિક માલેતુજાર બની ગયો. કશું તેમના હાથે ન બચવા પામ્યું. ખૂબ મજબૂત પત્થરથી બંધાયા સિવાયનાં બધાં મકાનો, મંદિરો, મૂર્તિઓ વગેરેનો નાશ થયો ને શહેરીઓની ભયંકર ખૂનરેજી થઇ.

૭ મહિના પછી કંઇક ધરવ થતાં મુસલમાનોએ વિજયનગર છોડ્યું કે પેનુકોંડા નાસી જઇને જીવ બચાવનાર, રામરાજાનો વચલો ભાઇ તિરુમલ આગળ આવ્યો. લાગવગ જમાવી, સદાશિવરાયને પદભ્રષ્ટ કરી એણે ગાદી હાથ કરી. એના અવસાન પછી એના પુત્ર શ્રીરંગ, રામ અને વ્યંકટે રાજ્યના ત્રણ ટુકડા પાડી નાખ્યા. એમાંનો શ્રીરંગ અવસાન પામ્યો કે વડેયર નામના સરદારે બંડ જગાવ્યું, બીજા ભાઇ રામરાજાને મારી નાખ્યો ને શ્રીરંગપટમની આજુબાજુનો મુલક જીતી લઇ પોતાનું સ્વતંત્ર રાજ્ય ઊભું કર્યું. આ વડેયર તે મ્હૈસુર રાજ્યનો આદ્ય સ્થાપક.

સરદારોના બળવા અને ઉત્તરેથી મુસલમાનોની ચડાઇઓનો ત્રાસ સહેતાં સહેતાં જ ત્રીજા ભાઇ વ્યંકટે પણ ઇ.૧૬૧૪માં જીવન સમાપ્ત કર્યું. ને એનું અવસાન થતાંજ જગ્ગરાય નામના એકસરદારે આખા રાજકુટુંબની કત્લ ચલાવી રાજગાદી હાથ કરી ને રાજવંશમાંના એક શ્રીરંગને 'શ્રીરંગ ત્રીજા'ના નામે ગાદીએ બેસાડી પોતે પ્રધાનપદ લીધું. એ જ અરસામાં મદુરા અને જિંજીના સરદારોએ પણ પોતાને સ્વતંત્ર જાહેર કર્યાં.

આ શ્રીરંગના વખતમાં વિજયનગરની ખવાઇ ગએલી કરોડ સાવ તૂટી ગઇ. વિજાપુર ને ગોવળકોંડાએ એ આથમતું સામ્રાજ્ય પોતપોતામાં વહેંચી લેવાનું તહનામું કર્યું ને હલ્લા શરૂ થયા. શિવાજીનો બાપ શાહજી વિજાપુરનો સેનાપતિ હતો. પહેલી વખત ચડાઇ કરી, શ્રીરંગને પરાજય આપી, મ્હૈસુરની પૂર્વનો બધો મુલક તેણે ખાલસા કરી દીધો ને બીજી વખત આવી જિંજી સુધીનો બધો મુલક ખાલસા કર્યો. પરાજિત શ્રીરંગ પહેલાં તો મ્હૈસુરના આશ્રયે રહેલો, પણ પછી તેનું શું થયું એ અજ્ઞાત જ છે. શિવાજીએ તેની રાણીને નિર્વાહ માટે રૂપાલેખ કરી આપેલો એ મળી આવ્યો છે. આ શ્રીરંગ વિજયનગરનો છેલ્લો સમ્રાટ.

હિંદુત્વના રક્ષણ માટે ઊભા થએલા વિજયનગરના સામ્રાજ્યનો આ ટૂંક ઇતિહાસ. હિંદુ ધર્મ માટે એણે કંઇ ઉચ્ચતર કાર્ય કર્યું હોય તો મંદિરો ને ગોપુરો બંધાવવા કે વેદ ઉપરનાં ભાષ્યો પ્રસિદ્ધ કરવાં. એ સિવાય હિંદુ ધર્મે એની મારફત કશો સવારો મેળવ્યો નથી. ફિરંગીઓના જુલ્મ સામે હિંદુઓને એણે કશી

રાહત આપી નહોતી. હિંદુઓને વટાળનારા ફિરંગીઓ અને પચીસ હજાર ઉપરાંત મુસલમાનોને તેણે લડવા માટે લાંચ આપીને પણ પોતાના લશ્કરમાં રાખ્યા હતા એ તેનું કયું હિંદુત્વ સૂચવે છે? અરે, એનો છેલ્લો રાજા તો રાજ્ય ટકાવવા માટે શાહજાદા સહાય આપે તો મુસલમાન બનવા પણ તૈયાર થયો હતો! અને એક રાજા તો આદિલશાહથી હાર્યો ત્યારે પોતાની કુંવરી તેને પરણાવી સંધિ કરી હતી!!

અને હિંદુપણાને જવા દઇએ તો માત્ર પૈસાને ખાતર જ અંગ્રેજો ને પોર્ટુગીઝોને જમીન ને વેપારના કાયમી પટા લખી આપીને એ સામ્રાજ્યે હિંદુસ્તાનનો ઓછો દ્રોહ કર્યો છે? હા, એણે એક વાતનો દ્રોહ નહોતો કર્યો ને તે બ્રાહ્મણોના વર્ચસ્વનો. એ વર્ચસ્વ વધારવા બ્રાહ્મણોએ ત્રણસો ઘાંચીઓને જનોઇ આપીને બ્રાહ્મણ બનાવી દીધા તેનો પણ એણે વિરોધ નહોતો કર્યો. બ્રાહ્મણોએ પણ દક્ષિણાના સ્વાર્થે સામ્રાજ્યનો વિરોધ ઠેઠ સુધી કરેલો જણાયો નથી.

એની એક વાત સૌથી આગળ તરી આવે છે અને તે, જેની પરદેશી મુસાફરોએ પણ વાહવાહ પોકારી છે એ સમૃદ્ધિની. પણ એ સમૃદ્ધિ કયા માર્ગે સંચિત થએલી હતી? રૈયત પાસેથી રૂપિયે સાડા તેર આના મહેસુલ વસુલ કરીને! ભરવાડ, ગોવાળ, સાધુ સંન્યાસી, વેરાગી અને ગોંસાઇઓ સુદ્ધાં પાસેથી પણ કર ઉઘરાવીને. કરથી પ્રત્યક્ષ રીતે મુક્ત હોય એવો એકે માણસ એ સામ્રાજ્યમાં નહોતો. અને એટલે જ એનો આખરી ફેંસલો થતાં સુધીમાં પ્રજાએ એ સામ્રાજ્ય તરફ કદી ચાહ દેખાડેલો નથી. તાલિકોટના એક જ આઘાતથી નહિતર સામ્રાજ્ય આખું ભાંગી ભુક્કો થઇ જાય એ શકય છે? મરાઠાઓના સામ્રાજ્યને તો ઠેઠ ઔરંગઝેબના વખતથી સ્મૃતિશેષ બનાવવાના પ્રયત્નો થતા આવ્યા હતા; પાણીપતના મેદાનનો એ આઘાત એમને માટે ઘોર હતો; છતાં એ જીવતું. એનું કારણ, એની જમાવટ પાછળ પ્રજાની જે ઊંડી ઊર્મિશીલતા હતી એનો આ હિંદુ સામ્રાજ્યમાં બીલકુલ અભાવ હતો.

અને એનું લશ્કર જોઇએ તો સંખ્યામાં તો આજ પણ આપણને છક્ક કરી દે તેવું હતું. હાથી, ઘોડા, બળદ અને પાયદળ એવી ચતુરંગી તો એની સેના હતી. પણ એવા જબરા લશ્કરને નામે, કૃષ્ણદેવરાયે આદિલશાહને હાર આપી એ સિવાય કયો મહત્ત્વનો બનાવ ચડ્યો છે?

સંવત્સરી પ્રસંગે શ્રીરામની અયોધ્યા સાથે આ સામ્રાજ્યની સરખામણી કરવામાં આવી છે! બાર બાર હજાર સ્ત્રીઓને રણવાસમાં પૂરનારા એના શાસકો કયા અર્થમાં રામ જેવા હતા એ તો એના તુલનાકારો જાણે! ને અંતઃપુરમાંની એ દરેક રાણી માટે પાછી હીરા, મોતી ને સોનાનાં આભૂષણોથી સજ્જ ૬૮ છોકરીઓ તહેનાતમાં રહેતી હતી!! આવા સમ્રાટોને, એમણે હિંદુઓનાં મંદિરો ને ગોપુરો બંધાવ્યાં અને વેદોના ભાષ્યોનો ઉદ્ધાર કર્યો એટલા જ ખાતર હિંદુત્વના તારણહાર બનાવવા આપણે નીકળ્યા છીએ!

એ પ્રવૃત્તિ માટે એમણે યોજેલા આવકના પ્રવાહો તો ઉપર જણાવી દીધા છે. એટલું જ બસ નહોતુ. પ્રજાની સહીસલામતી માટે પોલીસનું ખર્ચ એ દરેક વેશ્યા પાસેથી મહિને બે દિવસની કમાણી જપ્ત કરીને કાઢતું હતું! અને જે વેશ્યા એ આપવાની ના પાડે તેને એક હજાર ફટકાની સજા ફરમાવવામાં આવતી. આ પદ્ધતિ મૌર્યસામ્રાજ્યમાં હતી ને કૌટિલ્યે તે સ્થાપેલી. વિજયનગરે બધી બાબતો જેમ રાજનીતિની આ પદ્ધતિનું યે અનુકરણ કર્યું! પાછળથી મુગલ સમ્રાટોમાં શાહજહાંએ પણ પદ્ધતિ સ્વીકારી હતી. વળી એ જ કૌટિલ્યની નીતિને અનુસરી, હજારોની સંખ્યાની રાણીઓ ઓછી પડતી હોય તેમ વિજયનગરનો સમ્રાટ તેતાળીસ વેશ્યાઓ પોતાની તહેનાતમાં હાજર રાખતો. એના મોટા ભાગના શાસકોની સક્રિયતા રણવાસ પૂરતી જ હતી. દુશ્મન આવશે તો ખંડણી આપી પાછો વાળી દઇશું એ એમનું માનસ!

વીરબલ્લાળનો આદર્શ એ સામ્રાજ્ય પૂરો ન કરી શક્યું. એ સિવાય એના જીવવાનો કશો અર્થ ન હતો, અને થવો જોઇતો હતો એમ જ એનો અંત થયો. પણ આજ છસો વર્ષ પછી એ સામ્રાજ્યનાં, મોરનાં આંસુ જેવાં રોદણાં રડી આપણે કયો અર્થ સાધવા માગીએ છીએ?

આપણા લાગણીપ્રધાન હિંદુ માનસને એ લુપ્તનામા સામ્રાજ્યના અવશેષ રૂપે આજ ઊભેલાં હંપા ને કંપિલાનાં ખંડિયેરો કદાચ 'રડતાં ખંડિયેરો' નું સૂચક લાગે; પણ એમનું એ રડવું ગતવિભવસ્ફુરિત શોકગીત છે કે નિર્માલ્ય ને પોકળ જીવનાંત પરના મરસીઆ રૂપે છે એ જાણવા એમનું અંતર કોણ ઊકેલી શકે? **'અનિકેત'**

ફોટોગ્રાફી

કૅમેરા વાપરનારાઓ ફિલ્મને એક્સ્પોઝ કરતાં અજાણતાં કેટલીક સામાન્ય ભૂલો કરી બેસે છે. એવી ભૂલોને લીધે આવતાં પરિણામો ઉપરથી પોતે ક્યાં ભૂલ કરી છે તે સૌને સહેલાઇથી સમજાતું નથી. એટલે એ પ્રકારના દોષો તરફ ધ્યાન ખેંચી તેવી ભૂલો થતી અટકાવવાની જરૂર છે. માટે

આટલું તો ધ્યાનમાં રાખો

(૧) તમારો કૅમેરા સરખો—સપાટ—Levelમાં રાખો.

લગભગ બધા જ બૉક્સ કૅમેરા તેમજ ફોલ્ડિંગ રોલફિલ્મ કૅમેરાઓમાં વ્યૂ ફાઇન્ડર નાનાં હોય છે. બૉક્સ કૅમેરામાં આડાં ચિત્રો માટે આડું અને ઊભાં માટે ઊભું એમ બે વ્યૂ ફાઇન્ડરની ગોઠવણ હોય છે; જ્યારે ફૉલ્ડિંગ કૅમેરામાં આડું ચિત્ર લેવું હોય ત્યારે વ્યૂ ફાઇન્ડને તેની મૂળ સ્થિતિમાંથી કાટખૂણે ફેરવવાની રચના હોય છે.

માટે નાના વ્યૂ ફાઇન્ડરની મદદથી ચિત્રો પાડતી વેળાએ પાડવાનો વિષય તેમજ કૅમેરા બંને એક જ પ્લેનમાં છે કે કેમ તે જોવું જોઇએ. કૅમેરા ઢળતો હશે તો ચિત્ર ઢળતું આવશે, અથવા તો સપાટ જમીન ઢોળાવવાળી હોય એવો ભાસ થશે. જુઓ આ સાથેનું ચિત્ર નં (૨). તે ઉપરાંત કૅમેરા બરાબર સરખો નહિ હોય અને જમણી કે ડાબી તરફ નમતો હશે તો વિષયનો અમુક ભાગ પણ કપાઈ જવાનો.

ફોલ્ડિંગ રોલફિલ્મ કૅમેરાનાં એક્સ્પોઝર કરતાં પહેલાં વ્યૂ ફાઇન્ડરની સ્થિતિ બરાબર તપાસી જોવી. વ્યૂ ફાઈન્ડર તેના ચોક્કસ સ્થાનમાંથી સહેજસાજ ફરેલું હોય તેવી સ્થિતિમાં તેમા દેખાતા દૃશ્ય ઉપર આધાર રાખીને છબી પાડશો તો પણ આવું જ ખામીવાળું પરિણામ આવશે. જુઓ આ સાથેનું ચિત્ર નં. (૩).

(૨) નજીકથી છબી લેતી વખતે પહેલું ફોકસ મેળવવાનું યાદ રાખો.

બૉક્સ કૅમેરા અને બીજા ફિક્સ્ડ ફોકસ કૅમેરામાં આઠ ફૂટથી બહારના બધા વિષયો ફોકસમાં જ હોય છે અને તેથી દૂરના વિષયોની છબી પાડતાં બધી જ ઝીણવટ આવે છે. પરંતુ નજીકના વિષયની છબી પાડતી વેળા ફોકસ મેળવવાનું રહે છે. જેમાં ફોકસિંગ કરવાની ગોઠવણ ના હોય તેવા કૅમેરામાં લેન્સની આગળ પોર્ટ્રેટ ઍટૅચમેન્ટ (Portrait Attachment) ના નામથી ઓળખાતો એક વધારાનો લેન્સ (કાચ) લગાડવો પડે છે. આ સાથેનું ચિત્ર નં. ૧ જુઓ. એમાં બાળકનું મોં ફોકસની બહાર (out of focus) હોવાથી રેળાઈ ગએલું લાગે છે; જ્યારે તેની આંગળી અને સ્લેટમાં લખેલા એ. બી. સી અક્ષરો બરાબર ફોકસમાં હોવાથી ચોક્ખાં આવ્યાં છે.

હરીફાઈનું પરિણામ

પહેલું ઇનામ: "અમદાવાદી સોની"—ભાઈ મફતલાલ દૂધીઆ (અમદાવાદ); બીજું ઇનામ: "મયૂર"—ભાઇ સી. પી. ખરવર (કોબે-જાપાન); ત્રીજું ઇનામ: "મેં ડાલ ડાલ ઉડ જાઉં"—ભાઈ જશવંત ઠક્કર (ભાવનગર); ઉત્તેજના: "પ્રણિપાત"—કુ. તારા જેરાજાણી (બોરીવલી); નોંધપાત્ર (ગુણ પ્રમાણે)–૧: "ગોષ્ઠી" ભાઇ ઇબ્રાહીમ એન્જીનીયર (મુંબાઇ); ૨: "બમાળિયાનું નાકું"—ભાઇ બાબુ જેરામ આસર (કોચીન–મલબાર); ૩: "બારીમાંથી"—ભાઇ એમ. એસ. પથરાવાળા (અમદાવાદ).

"અમદાવાદી સોની"ના ફોટોચિત્રમાં ભાઇ દૂધીઆએ અમદાવાદી સોનીને હૂબહૂ આંખ સામે ખડો કર્યો છે. સોનીના કામમાં જરૂરી તલ્લીનતા પણ ઠીક ઊતરી છે. સોનું ઘડવાનો હિંદનો વર્ષોજૂનો ઉદ્યોગ બીજા હાથઉદ્યોગો સાથે ઘસાતો ચાલ્યો છે; કદાચ ચિત્રમાં નજરે પડતો સોનીનો સરંજામ થોડાં જ વર્ષો બાદ શોધ્યો નહિ જડે. નહિ જેવાં ઓજારો વડે સોની તેની કૃતિમાં અજબ કારીગરી અને કલાકૌશલ્ય



ઉપર: 'કક્કો'—ભાઇ એસ. એન. કાદરી (અમદાવાદ). નીચે: 'પ્રભાત'—ભાઇ પ્રવીણ એમ. પટેલ (અમદાવાદ); 'પ્રણિપાત'—બહેન તારા જેરાજાણી (બોરીવલી), ઉત્તેજના ઇનામ.

દાખવે છે, એ વિચારતાં ભાઇ દુધીઆનું ફોટોચિત્ર સંઘરી રાખવા જેવું ગણાય. દેશી કારીગરના ફોટોચિત્રમાં કોલસાથી ભરેલું ઇનામલનું વાસણ અજુગતું ગણાય. વળી, તેનો વર્ણ સફેદ હોવાથી પણ તે આંખને ખૂંચે છે ને ચિત્ર નબળું પડે છે

પક્ષીસંગ્રહાલયમાં લીધેલા 'મયૂર' ના ફોટોચિત્રમાં ટેક્નીક ઠીક છે; પણ ચિત્રને આજુબાજુથી ખૂબ કાપવાની જરૂર હતી. ઉપરની ધારથી એક ઇંચ અને ડાબી બાજુથી તેમજ નીચેથી અરધો ઇંચ કાપીને અમે છાપેલું ચિત્ર ઉપાજાવ્યું છે. ત્રીજું ઇનામ જીતનાર ભાઇ જશવંત ઠક્કરના ફોટોચિત્રમાં પણ કાતરનો છૂટથી ઉપયોગ કરી, છાપતાં અગાઉ ચિત્રને ડાબી બાજુની ધારથી પોણો ઇંચ અને ઉપરથી બે ઇંચ કાપ્યું છે. એથી ચિત્રનું લક્ષ્ય કેન્દ્રિત થાય છે અને ઝાડનાં થડોની અટવામણ દૂર થતાં ચિત્રરચના સાદી અને આકર્ષક બને છે. વિષયનાં હાસ્ય અને ભાવ સુંદર રીતે ઝડપાયાં છે. ફોકસિંગ સહેજ વધારે સારું હોત અને ચિત્રમાં કૉન્ટ્રાસ્ટ (Contrast) હોત તો તે ઉત્તમ કોટિનું ચિત્ર બનત. 'પ્રણિપાત'ની ફોટોગ્રાફી સારી છે, પરંતુ છાયાચિત્રને અનુકૂળ પાત્રની ગોઠવણી નથી.

'ગોષ્ઠી'ના પાડનારે બહુ જ સાનુકૂળ સંજોગોમાં બરોબર યોગ્ય પળે ચાંપ દાબીને ભાવયુક્ત છબી ઉતારી છે, પરંતુ એકસ્પોઝર વધુપડતું હોવાથી વર્ણભેદ ઊડી ગયો છે. ભાઇ આસરે વિષયને પ્રતિકૂળ પ્રકાશમાં એક્સ્પોઝર કરેલું છે. દરવાજા ઉપર જ ઝાડનો પડછાયો પડે છે અને વિષયનાં નૈસર્ગિક અંગો ચિત્રમાં ઉતારી શકાયાં નથી. 'બારીમાંથી' ફોટોચિત્રની ટેક્નીક નબળી છે; ચિત્રસંયોજનમાં ડોઝાઇનનો અભાવ છે. **બલવન્ત ભટ્ટ**



કિર્લોસ્કરનાં કટાક્ષચિત્રો (ક્રમાંક ૪) **અમોઘ અંકુશ**

(ચિત્રકાર · શંકરરાવ કિર્લોસ્કર . . . લેખક · પ્રોફેસર ના. સિ. ફડકે)

સ્વાતંત્ર્ય મેળવવાનું સાચું હથિયાર તે સ્વતંત્ર વિચાર! આ લક્ષમાં લઇને દરેક જણે પોતાની જિંદગીના પ્રશ્નોનો સ્વતંત્ર બુદ્ધિએ વિચાર કરવો જોઇએ. અમુક વ્યક્તિ આમ કહે છે અથવા અમુક ગ્રંથ તેમ કહે છે એટલે અમુક બાબત કરવી જ જોઇએ એવું માની લેવાની ટેવ છોડી દો. શક્ય એટલી પોતાની જ વિવેકબુદ્ધિ વાપરો. એની તીક્ષ્ણતા કદી કટાવા ન દેતા. 'હું જે કરું છું તેને રૂઢિનો અગર પરંપરાનો ટેકો નથી' એવા ભયથી ગભરાવાનું છોડી દો. કારણ કે પરંપરાને પૂછડે વળગેલા કોઇની આજસુધી કશી પ્રગતિ થવા પામી નથી. દુનિયા એ કોઇ અજસ્ર ગજરાજ સમી છે. તેને પાછી વાળવા રૂઢિ અને પરંપરા હમેશાં પડાપડી કરી રહી છે. જેને દુનિયાની પ્રગતિ ઘડવાની છે તેણે તો એ પૂછડું છોડીને સ્વતંત્ર વિચારનો અંકુશ જ દુનિયાને ભોંકતા થવું જોઇએ.

અંકુશનો મર્મભેદ થતાં હાથી જેમ આગળ ચાલે છે, તેવી જ રીતે તમારા સ્વતંત્ર વિચારોથી સમાજનું મર્મસ્થાન તમે સાધ્યું એટલે તે જાગૃત થઇ આગળ વધવાનો જ.

મારી નજરે (અનુસંધાન પાછળના પાન ૩૪૨થી)



જાપાનના જાણીતા નૃત્યાચાર્ય મિ. જુસુકે હીનાયાગી અને તેમનાં પત્ની

જાપાનનાં નૃત્યો

● ટોકિયોમાં અંગત માલિકીની નૃત્યશાળા જોવાની અમારી બહુ ઇચ્છા હતી, એટલે અમારા ગાઇડ મિ. આપાનોને તેનું સરનામું મેળવવા કહેલું. તેણે તરત કહ્યું કે પોતે એક જાણીતા નૃત્યકને પિછાણે છે. એ માણસે જાપાની ઢબે લગભગ ૧૦૦ નવાં નૃત્યો સર્જ્યાં છે અને તેની ગ્રામોફોન રેકર્ડો ઘરો તેમજ શાળાઓમાં વપરાય છે. એ નૃત્યો પર તેણે એક ગ્રંથ પણ બહાર પાડ્યો છે. ટેલીફોનથી તેને પૂછતાં તરત આવવા કહ્યું. અમે ત્યાં પહોંચ્યા ત્યારે જાપાનમાં ભાગ્યે જ નજરે પડે એવો એક રૂપાળો ગૃહસ્થ અમને મળવા ઊભો થયો. તે જાપાનના જાણીતા નૃત્યાચાર્ય જુસુકે હાનાયાગી હતા. તેમનાં પત્ની ઠાવકાં, બેઠા ઘાટનાં, પણ બહુ સલજ્જ—જાણે કોઈની સાથે આંખ મેળવતાં પણ કંપતાં હોય એવાં સન્નારી. પણ મેં જાપાનના નૃત્યલેખોમાં એ બંનેનાં નામ અગ્રપાને મૂકાએલાં વાંચ્યાં હતાં. એ બંનેએ ભાવથી અમારૂં સ્વાગત કર્યું અને પછી ઉપરના નૃત્યગૃહમાં લઈ ગયાં.

જાપાની નૃત્યગૃહની કલ્પના આપણા માટે જરા મુશ્કેલ છે. એક જ ઓરડામાં જરા દૂર એક ફૂટ ઊંચું પાટિયાનું પ્લૅટફોર્મ કરેલું અને ભીંતો પણ પાટિયાની વારનીશ કરેલી લીસી સાફસુફ હતી. ત્યાં કેટલાંક વિદ્યાર્થીઓ રોજના સમય પ્રમાણે શીખવા આવેલાં તે રાહ જોતાં હતાં. તેમાં સારા ઘરનાં ફૂટડાં બાળકો, બાળકીઓ અને તરુણો પણ હતા. બધાએ જાપાની કિમોનો પહેર્યા હતા. અમારી ખાતર એક તરુણ કન્યાએ નૃત્ય આરંભ્યું. સાજમાં માત્ર બેત્રણ તારનો એક જાપાની સતાર તે સાથે વગાડનાર નૃત્યનો પ્રસંગ ગાવા લાગ્યો ત્યારે તદ્દન જૂનો જમાનો જાગતો થતો લાગ્યો. પણ નૃત્યકારોની ચીવટભરી હીલચાલો, ગંભીરાઈ અને તાલબદ્ધ છતાં છટાદાર અંગભંગીઓ જોતાં કલા અને રસિકતાનું નવું જ દર્શન થયું. જે પાત્ર નેપથ્યમાં રહેવાનું હોય તે ભીંત પાસે અવળું મોં રાખી બેસી રહે છે. તેનો પ્રસંગ આવે એટલે તે આગળ આવીને નૃત્યમાં 'પૂર્તિ' આપે છે. જાપાનમાં આ નૃત્યો ઘરમાં, સમાજમાં, ગમે ત્યાં આનંદ અને ઉલ્લાસ પ્રેરી રહ્યાં છે. ખરી ખૂબી તો એ છે કે જાપાનના શિક્ષણમાં તે ઓતપ્રોત થઇ ગયાં છે.

ર. મ. રા.

પંડિત અજોધ્યાપ્રસાદ

(અનુસંધાન પાછળના પાન ૩૪૨થી)

ને મારા કમનસીબે પંડિત અજોધ્યાપ્રસાદ મદ્રાસી નથી. એમણે મદ્રાસ માટે ઉદાર દિલે આ માન જતું કર્યું ન હોત તો આવું જોખમદારીભર્યું પદ એમને સુયોગ્ય રીતે જ અર્પણ કરવામાં હું કૃતકૃત્યતા માનત.'

પણ એ પ્રશસ્તિના પડઘા શમે એ પહેલાં તો ઇ. ૧૮૯૨ના જાન્યુઆરીના ૧૧મીએ પંડિતજીનું અવસાન થયું ઇંગ્લંડમાં હિંદ માટેની અથાક લડત ચલાવનાર હિંદામિત્ર ચાર્લ્સ બ્રાડલૉની ગમગીની હજુ હિંદ ભૂલ્યું ન હતું ત્યાં લાગેલો આ આઘાત જબરો ગણાય. 'ઇન્ડીઅન મિરર' નામના બંગાળી પત્રે એમને 'the very pillar of strength who overwhelmed the whole country from Mount Everest to Cape Comorin' એ શબ્દોથી અંજલિ આપી. અલ્લાહાબાદ અને કલકત્તા યુનિવર્સિટીએ શિક્ષણના આવા મહારથીની ખોટ પર આંસુ સાર્યાં અને અલ્લાહાબાદના ચીફ જસ્ટીસ ઓન. મિ. નૉકસે પણ એવા ચુનંદા કાયદાબાજના અવસાન પર દિલગીરી પ્રદર્શિત કરી.

પણ પંડિતજીના અવસાનથી આખા દેશને લાગેલા મર્મચ્છિદ આઘાતનો સાચો ક્યાસ કોણ કાઢી શકે? નાગપુર પછીની બેઠકનું પ્રમુખપદ એમને જ આપવાનું સર્વાનુમતે નક્કી થયું હતું. પણ એ સુધન્ય અવસર માણવાનું સદ્ભાગ્ય એમને ન મળ્યું.

એ વધુ જીવ્યા હોત તો કૉંગ્રેસમાં પાછળથી જન્મેલી ઝિંદાદિલી એમણે વહેલી જન્માવી હોત એ નિઃશંક છે.

અશોક હર્ષ

આ મહિનો (જુલાઈ) . . . અને એની પ્રતિભા

તા. ૭ શ્રી દાદાભાઇ નવરોજજી વિલાયતના સેન્ટ્રલ ફિન્સબરી પાંત તરફથી પાર્લામેન્ટનાસભ્ય ચૂંટાયા—ઈ.૧૮૯૧

તા. ૮ હિંદુસ્તાન આવવા તૈયારથએલા પોર્ટુગીઝ કાફલાની સરદારી લઇ. વાસ્કો ડા ગામા હિંદ આવવા ઊપડ્યો—ઈ. ૧૪૯૭ * * મ્હૈસુર સાથે અંગ્રેજોના બીજી વારના કોલકરાર—ઈ ૧૭૯૯

તા. ૯ નંગા પર્વતનું આરોહણ કરવા આવેલા જર્મન સાહસિકો ડૉ. અલરિશ વાઇલૅન્ડ, હેર વિલીમર્કૅલ અને ડૉ વેલ્ઝેન બૅક એ આરોહણમાં જ નડેલી હોનારતમાં મોતને ભેટ્યા—ઇ. ૧૯૩૧

તા. ૧૧ શ્રી બહેરામજી એમ. મલબારીનું અવસાન—ઇ. ૧૯૧૧

તા. ૧૨ યુરોપની યાદવાસ્થળીનાં મંડાણ—ઇ. ૧૯૧૪

તા. ૧૬ ગુજરાતના વિખ્યાત રસાયણશાસ્ત્રી શ્રી ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગર્જ્જરનું અવસાન—ઇ ૧૯૨૦ * * કાનપુરમાં અંગ્રેજોની કત્લ—ઈ ૧૮૫૭

તા. ૧૯ કાશ્મીરના મહારાજાએ ગિલજીત વઝારત બ્રિટિશ સરકારને સોંપી દીધી—ઇ. ૧૯૩૫ * * હિંદુસ્તાનમાં ઈન્કમટૅક્સ શરૂ થયો—ઇ. ૧૮૬૦

તા. ૨૦ લૉર્ડ કર્ઝને બંગાળાના ભાગલા પાડી એ પ્રાંતની રાષ્ટ્રીયતા પર કાપ મૂકવાનો પ્રયાસ આદર્યો—ઈ. ૧૯૦૫

તા. ૨૧ લોકમાન્ય બાલગંગાધર તિલકનું મુંબાઇ મુકામે અવસાન—ઇ. ૧૯૨૦

તા. ૨૩ લોકમાન્યનો જન્મ—ઇ. ૧૮૫૬ * * શ્રી જતીન્દ્રમોહન સેનગુપ્તનું અવસાન—ઇ. ૧૯૩૩

તા. ૨૫ ગુજરાતના પહેલા સમાજસુધારક શ્રી કરસનદાસ મૂળજીનો જન્મ—ઈ. ૧૮૩૨

તા. ૨૬ ઇંગ્લંડના સમર્થ નાટકકાર જ્યૉર્જ બર્નાર્ડ શૉનો જન્મ—ઈ ૧૮૫૬ * * બંગાળના સિંહ શ્રી સુરેન્દ્રનાથ બૅનરજીએ શ્રી આનંદમોહન બોઝ વગેરે સાથે મળીને કલકત્તામાં 'ઇંડીઅન એસોસીએશન' સ્થાપી—ઇ. ૧૮૭૬

તા. ૨૮ ઔરંગઝેબે મુગલાઇનું તખ્ત પચાવી પાડવા સારૂ મોટા ભાઇ દારાનો વધ કર્યો—ઇ. ૧૬૫૯

તા. ૨૯ પહેલવહેલું ગુજરાતી દૈનિક વર્તમાનપત્ર 'સમાચાર દર્પણ' શરૂ થયું—ઇ. ૧૮૪૯. ઇ. ૧૮૬૮માં એ 'અખબારે સોદાગર' સાથે જોડાઇ ગયું.



આ માસની વિભૂતિ

લોકમાન્ય બાલ ગંગાધર ટિળક

ઇ. ૧૮૫૬ જુલાઈ માસની ૨૩ મી તારીખે રત્નાગિરિ મુકામે જન્મ. ભારતસ્વાતંત્ર્ય અર્થેના રણજંગની એ આગલી સાલ. એ રણજંગની આગ તો હોલવાઇ ગઇ, પણ શ્રી બાલ ગંગાધર ટિળકે એને બીજા સ્વરૂપે પ્રકટાવી ને એટલી સાન્નિધ્યતાથી તે જલતી રાખી કે ભારતના એ 'લોકમાન્ય' બની ગયા.

ઇ.૧૮૭૮ બી એ.ની પરીક્ષા પસાર કરી. ઇ. ૧૮૭૯ એલ. એલ. બી ની પરીક્ષા પસાર કરી પણ વકીલાત ન આદરી ભારતની અધોગતિ મિટાવવાનું એમણે ધ્યેય સ્વીકાર્યું હતું ખૂબ વિચારને અંતે શિક્ષણનો અભાવ એ જ એનું મોટું કારણ લાગતાં પૂનામાં 'ન્યૂ ઇંગ્લીશ સ્કૂલ ખોલી, જે પાછળથી 'ફર્ગ્યુસન કૉલેજ' તરીકે પ્રખ્યાત થઈ.

વકીલાતનું ભણતી વખતે જ ટિળકને એક એવી વસ્તુ મળી જે સંસારમાં દુર્લભ છે: અને તે હતો એક સન્મિત્ર. એનું નામ શ્રી આગરકર. બંને યુવાન હતા, બુદ્ધિશાળી હતા, ભારતભક્ત હતા ને ઉત્સાહના સ્રોત હતા. બંનેએ સાથે પ્રતિજ્ઞા કરી કે જીવનનું બધું બળ ઠાલવી, ભારતનું ઉત્થાન સાધવું.

કશાં સાધનો વગર, જ્યારે બધા યે એમની મજાક કરતા હતા ત્યારે એમણે કાર્ય શરૂ કર્યું. એમની ભારતભક્તિ લોકોનું દિલ હલાવ્યા સિવાય ન રહી શકી. હળવે હળવે સહાય ને સંગાથીઓ પણ મળતા ગયા ને 'મરાઠા' અને 'કેસરી' એ બે પત્રો તેમણે બહાર પાડવા માંડ્યા. ઇ. ૧૮૯૭ પૂનામાં ત્યાંના રેસિડન્ટ મિ. રૅન્ડનું ખૂન થયું. એ ખૂન પાછળ 'કેસરી'નાં લખાણો કારણભૂત હોવાના કારણે લોકમાન્યને પકડવામાં આવ્યા ને માંડલે દેશનિકાલ કરવામાં આવ્યા. એ જેલનિવાસમાં જ એમણે એમનું જગપ્રસિદ્ધ 'ગીતારહસ્ય' લખ્યું.

ઇ. ૧૯૧૪ જર્જરિત શરીરે જેલમાંથી છૂટ્યા. પત્નીનો દેહાંત થઈ ગયો હતો. છતાં તેમનો ઇરાદો પૂછવામાં આવ્યો ત્યારે તેમણે જવાબ આપ્યો, 'જે હતો એ જ ઇરાદો! હવે તો એ વધુ દૃઢ થયો છે.'

ને ત્યાર પછી એ દૃઢ ઇરાદાને વળગી રહીને જ એમણે ભારતને અનેકવિધ સેવા આપેલી. પૂનાનાં પ્લેગ વખતે દીનદુઃખીઓ માટે એમણે સેવાસમિતિ સ્થાપી હતી, બનારસમાં ઇન્ફ્લુએન્ઝા વખતે પોતાના હાથે એમણે મુડદાં ઉપાડ્યાં હતાં. એમની ભારતભક્તિ સંક્ષેપમાં વર્ણવવી અશક્ય જ છે.

ઇ. ૧૯૨૦ના જુલાઇ માસની ૨૧મી તારીખે ભારતવર્ષના રાજનૈતિક આકાશનો આ તેજોજ્જ્વલ સિતારો અસ્ત પામ્યો. કદી કોઇ કાર્યે ભાગ્યને ભરોસે ન છોડનાર, પોલાદ સમાન દૃઢ એ નેતાનું જીવન કર્મયોગીની એક સાચી પ્રતિમૂર્તિ સમું છે. એણે બતાવી આપ્યું છે કે એક દિવસનો શિક્ષક, બીજા દિવસનો સંપાદક ને ત્રીજા દિવસનો જેલયાત્રી પણ આખા દેશનો લોકમાન્ય થઇ શકે છે.

સંસારના આપણી નજરે સમાચાર

'કુમાર'ના ૧૪માં અંકમાં આવેલી 'હેમલામૂત'ની વાર્તા જેમના સ્મરણ બહાર ગઇ હોય એમને તેની યાદ આપીને એક દુઃખદ સમાચાર જણાવવાના છે. તેના મૂળ કહેનાર પ્રસિદ્ધ કવિ મુંશી અજમેરી ગઇ તા. ૨૫મી મેના રોજ અવસાન પામ્યા. તેઓ વિખ્યાત હિંદી કવિ મૈથિલીશરણ ગુપ્તના લંગોટિયા મિત્ર હતા અને જાતે–ધર્મે મુસલમાન હોવા છતાં સંસ્કૃતિએ હિંદુ હતા. એમની કવિતાઓ જૂની હિંદી શૈલીની છે. લોકવાર્તાઓ ને વિનોદી ટુચકાઓની તે ખાણ-રૂપ હતા અને એ માટે એમણે સાહિત્યિક પ્રયત્નો પણ કરેલા.

ગુજરાતી સાહિત્ય પરિષદનું તેરમું સંમેલન કરાંચી ખાતે ચાલુ વર્ષના ડીસેમ્બરની છેલ્લી તારીખોમાં ભરાશે. તેમાં પ્રગતિવાદી અને જૂના સાહિત્યનાં ચિરંજીવ તત્ત્વોનો સુમેળ શક્ય બને તે માટે લેખકોને પોતપોતાનાં નવાં દષ્ટિબિન્દુ લખી મોકલવાને તેની કારોબારી સભાએ જાહેર નિમંત્રણ કર્યું છે. સંમેલનના સર્વાંગી પ્રચાર માટે 'સુહાગી' નામક એક માસિક પત્રિકા જુલાઇથી ડીસેમ્બર સુધી બહાર પાડવામાં આવશે ને તેનું લવાજમ પો. ખ. સહિત એક રૂપિયો રહેશે. આગામી સંમેલન, તેના મંત્રીઓના નિવેદન મુજબ સાહિત્યનાં શુદ્ધ–લોકભાગ્ય અંશોનું, ઊંચી અભિરુચિવાળાં નૃત્ય–નાટ્ય પ્રયોગોનું અને સંસ્કૃતિમેળાનું રૂપ ધરી રહેશે. કારોબારી સભાનું સરનામું—યાકુબખાન રોડ, રણછોડ ક્વાર્ટર કરાંચી.

સત્તર વર્ષની નાની ઉંમરમાં એક પરદેશી બૅંકમાં તદ્દન સામાન્ય જગ્યાએથી જીવનની શરૂઆત કરી, ત્રીસ જ વર્ષની વયે સેન્ટ્રલ બૅંક ઑવ ઇન્ડીઆ જેવી હિંદની પ્રથમ શુદ્ધ રાષ્ટ્રીય બૅંકની સ્થાપના કરનાર સર સોરાબજી પોચખાનાવાલાનું તા. ૫મી જુલાઇના રોજે અવસાન થયું છે.

નવસારી પ્રાંતમાં સોનગઢ પ્રાંતની દક્ષિણે આવેલા કેટલાક પહાડોમાં ઝાંખરી નદીના મૂળ આગળ એક વિશાળ સરોવર તૈયાર કરી, તેમાંથી નહેરો વાળી, એનાં પાણી વડે ગાયકવાડી પ્રદેશને સમૃદ્ધ કરવા શ્રીમંત સયાજીરાવે બે કરોડ રૂપિયાની યોજના તૈયાર કરી છે.

લાઠીના ઠાકોર સાહેબે હરિજનસુધારણા માટે આદરેલા પ્રયાસોમાં તાજેતરમાં એક ઉમેરો કર્યો છે; અન્નક્ષેત્રના નામથી ઓળખાતું સાર્વજનિક મંદિર પોતાના હસ્તે હરિજનો માટે ખુલ્લું મૂક્યું છે. એ ઉદ્‌ઘાટન ક્રિયાને દિવસે સવર્ણો અને હરિજનોનું સંયુક્ત સરઘસ કાઢવામાં આવ્યું હતું.

ડુમરાનના મહારાજા તથા બિહારના ધુરંધર વેપારી શેઠ રામકૃષ્ણ દાલમીઆ વચ્ચે, બિહારના વડા પ્રધાનની દરમિયાનગીરીથી થએલી ગોઠવણ અનુસાર પાંચ કરોડ રૂપિયાની મૂડીથી એક કંપની સ્થાપવામાં આવી છે. સીમેન્ટ, કાગળ, કળી ચૂનો વગેરે બનાવવા માટે એ કંપનીએ બિહારમાં આવેલા શહાબાદનો વિસ્તાર પસંદ કર્યો છે ને ભવિષ્યમાં ઔદ્યોગિક મહત્ત્વની દૃષ્ટિએ જમશેદપુરથી બીજા નંબરનું મહત્ત્વ તે મેળવે એમ મનાય છે.

આગ્રાની દયાલબાગ સંસ્થાના સ્થાપક સર સાહીબજી મહારાજ આનંદસ્વરૂપનું તા. ૨૪મી જૂનને રોજ મદ્રાસ મુકામે અવસાન થયું છે.

ગુજરાતના પ્રથમ નાટ્યકાર શ્રી રણછોડભાઇ ઉદયરામની શતાબ્દી ઊજવવાનો નિર્ણય ગુજરાત સાહિત્ય સભાએ કર્યો છે. ત્રણ દિવસની એ ઊજવણીમાં, ગુજરાતનાં નાટકો, રંગભૂમિની રચના અને ચિત્રપટ વિષેની ચર્ચાઓ પણ કરવામાં આવશે.

તેલના ઉદ્યોગના રાજા ગણાતા મિ. જોન ડી. રૉકફેલર (સીનિયર)નું ૯૭ વર્ષની વયે ડેયટન મુકામે અવસાન થયું છે.

ચીનમાં ભીષણ દુષ્કાળને કારણે લાખો માણસો ભૂખે ટળવળી રહ્યાં છે ને હજારો લેખે મરતાં જાય છે. એક પરદેશી રાહત કમિટીના જણાવ્યા મુજબ ઘણાંઓ તો ઘાસ, ઝાડની છાલ ને માટી પર ગુજરો કરી રહ્યાં છે. એવી પરિસ્થિતિમાં યે જાપાને ફરી એ દુર્ભાગી દેશ સામે મોરચા માંડ્યા છે.

બનારસ વિશ્વવિદ્યાલયના એમ. એ. ઉપાધિધારી એક જુવાનને ક્યાંઇ નોકરી ન મળવાથી તેણે અલ્લાહાબાદના પોલીસ સુપરિન્ટેન્ડન્ટની દયા યાચતાં રૂા. ૧૩) માસિકની સિપાઇની નોકરી તેને આપવામાં આવી છે!

પંજાબ સરકારની ઔદ્યોગિક યોજનાના એક વિભાગ તરીકે, લખનૌમાં તાજેતરમાં જે જંગી પ્રદર્શન ભરાયું હતું તેથી યે મોટું પ્રદર્શન રૂા. સવા લાખના ખર્ચે આ સાલમાં ભરવામાં આવનાર છે.

હિંદ સેવક સમાજના સભાસદ શ્રી પી. કોદન્ડરાવ ત્રણ વર્ષમાં આખા જગતનો પ્રવાસ કરી પૂના ખાતે પાછા આવી ગયા છે.

શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને પૌષ્ટિક ખોરાક બરાબર મળે તે માટે સીલોનની સરકારે દસ લાખ રૂપિયા જેટલી રકમ મંજૂર કરી છે.

ચીનની સરકારે દરેક ચીનાને સુશિક્ષિત બનાવવાની યોજના અમલમાં મૂકી છે. હવેથી જેને જેને વાંચતાં લખતાં નહિ આવડતું હોય તેની પાસેથી રોજનો એક પૈસો દંડ વસુલ કરવામાં આવશે.

સિન્યોર મુસૉલિનીએ આબીસીનિયાના વિકાસ માટે દોઢ અબજ રૂપિયાના ખર્ચની એક છવાર્ષિક યોજના ઘડી કાઢી છે, જેને ઈટલીના પ્રધાનમંડળે બહાલ રાખી છે.

મારી સફર.

ભટકતો ભિખારી બનવા નહિ પણ મારી ધગશ ઠંડી કરવા સાબરમતીના પુણ્યતીરે કફની ધારી-ને સંતસમાજનો એ પુણ્યપોષાક દીપાવવાનો સંકલ્પ કરી, હું જીવનયાત્રાના જે પથે પડું છું તેનો

પહેલો દિવસ

જીવન-યાત્રાનો પથ ન કળી શકાય એટલો લાંબો છે. એનો યાત્રી કેવળ આગળ જ ધપી શકે છે; યાત્રા પૂરી કર્યા વિના પાછો તો નથી જ ફરી શકતો, પણ પાછું વાળીને ય નથી જોઈ શકતો. જે રસ્તેથી આવ્યો તે રસ્તે હવે કદી પાછો જઈ શકશે જ નહિ. એણે તો આગળ ને આગળ જવું જ રહ્યું. માટે જ જન્મો વીતવા છતાં એનો જીવન-પથ તો નવો જ રહે છે; ગયું તે ફરી પાછું આવવાનું નથી, જોયું તે ફરીને જોવાનું નથી

જીવન-યાત્રાનો પથ મહા વિકટ તો છે જ. એની દિશાઓ અનંત છે. પળેપળે એ દિશા બદલાયા કરે છે. પથની ચારે કોર વનો, પહાડો, કોતરો, ઝરણો, નદીઓ મહા વિકટ દૃશ્ય ખડું કરે છે. ક્યારેક તો એ બધાં જીવન-પથને એવો સાંકડો બનાવે છે કે યાત્રી જરાકે ય અસાવધાન રહ્યો, કે ધોધમાર વહી જતી નદીનાં કાળાં ભમ્મર અથાગ જળમાં, ઊંડી ખીણમાં, જાળ સમી અઘોર ઝાડીમાં કે ભીષણ ઝરણના વમળમાં ઊછળી જ પડ્યો જાણો. પછી ફરી ક્યારે પથ પર આવે એ કહી ન શકાય. એવા અસંખ્ય પથચ્યુત યાત્રીઓની અકળામણના કરુણ, ભીષણ, રોમાંચક અને દુ:ખભર્યા અવાજો જીવનપથની આજુ-બાજુ અસ્પષ્ટ રીતે સંભળાયા કરે છે, પણ યાત્રી પોતાનો રસ્તો કાપવામાં એવો તો લીન બન્યો હોય છે, કે એને એ અવાજો નથી સંભળાતા. જરા થોભે, જરા વિચારે, જરા અંતર્મુખ બને તો જરૂર સાંભળી શકે-પણ એટલો વખત ક્યાં,? ધૈર્ય ક્યાં, શાંતિ ક્યાં, જિજ્ઞાસા ક્યાં?

મારી યાત્રાની પગદંડીની ચારે બાજુ ઘણુંઘણું હશે પણ મને એ કશું સંભળાતું કે દેખાતું નહોતું.

સૂર્યનાં કુમળાં કિરણો, સાબરમતીનાં પ્રાત:કાળનાં ઠર્યાં જળથી તરબોળ થએલા મારા શરીર પર પ્રતિબિંબિત થયાં. પૂર્વાભિમુખ ઊભા રહીને મેં હાથમાં પાણી લીધું. ઠંડીથી શરીર કાંપતું હતું. દાંત કટકટતા હતા. 'હે પ્રભો!' બોલ્યો કે ઠંડા પવનનો એક સૂસવાટો મને કંપાવીને ચાલ્યો ગયો. કદાચ મને ચેતવણી આપવા જ આવ્યો હશે કે, ચેતજે! પ્રતિજ્ઞા એ વ્યાવહારિક શોભા નથી. ભાષાની સુંદરતા વધારનારું એ ભાષણ નથી. એને જીવંત રાખવા માટે જીવનનું સત્ત્વ નીચોવી પાવું પડે છે. પણ મેં એની કશી યે પરવા ન કરી; પ્રતિજ્ઞા બોલ્યો; અક્ષરશ: આ જ નહિ, પણ આ જ ભાવની:

'પ્રભો' આજથી હું સંતસમાજનો પુણ્ય પોષાક કફની ધારણ કરીશ. વનમાં જતાં રામે અને લક્ષ્મણે એ કફની પહેરી હતી. આજ હું એ પહેરું છું. મારામાં શક્તિ ભરજે, ધૈર્ય અને શાંતિ પૂરજે. હું એ કફનીને શોભાવું એવી બુદ્ધિ આપજે. હું ભટકતો ભિખારી નથી બનવા ઇચ્છતો. હું તો મારી ધગશ ઠંડી કરવા તલપું છું.'

સૂર્યને પ્રતિજ્ઞા-અર્ઘ્ય આપીને કાંઠે આવ્યો. કફની પહેરી. પોટલું બગલમાં દબાવ્યું અને ચાલતો થયો.

સાબરમતીને કાંઠે કાંઠે ઉત્તર દિશામાં ચાલવા માંડ્યો. યાત્રાનો કાર્યક્રમ વિચાર્યો નહોતો. ચાલતાં ચાલતાં એ પ્રશ્ન ખડો થયો. જવાનો માર્ગ તો નક્કી કરવો જ જોઇએ પણ થોભવા જેટલી હિમ્મત નહોતી. હજી અમદાવાદની હદ હતી. કોઈ ઓળખીતો મળી જાય તો રેવડી થવાનો ડર હતો. જે સામે મળતુ તે નજર થંભાવીને મને જોતું હોય એવું લાગ્યું. મને થયું, કદાચ મારો વેશ બંધબેસતો નહિ હોય. એટલે તો ઉતાવળે પગલે ચાલવા માંડ્યો. વારેવારે કફની પહેરેલ લક્ષ્મણની મૂર્તિ યાદ આવતી. મને કફની એવી શોભતી હશે કે નહિ તે વિચારતો જતો.

શહેરનું વાતાવરણ વટાવી ગયો એટલે એક ઝાડ તળે બેઠો. અભ્યાસનાં પુસ્તકો સાથે લીધાં હતાં. નકશાપોથી કાઢીને કાશીનો માર્ગ જોવા બેઠો. અમદાવાદથી કાશીનો રસ્તો પૂછવો એ તો મૂર્ખાઇ જ લાગી. દિશા નક્કી કરીને જ આગળનું ગામ પૂછતા જવું.

અમદાવાદમાં દૂધ વેચીને આવતી ત્રણ ચાર સ્ત્રીઓ સાથે થઇ. આગળ કયું ગામ આવશે એ મેં પૂછ્યું. રબારણોએ મને તો બનાવવા જ માંડ્યો. ખડખડાટ હસતી જાય ને પૂછતી જાય. હું કંઇ જવાબ ન આપું તો બદલામાં બીજી રબારણ જવાબ આપીને વ્યંગ કરે.

'મા'રાજ, ભગવાંન મલ્યા કે?' એકે પૂછ્યું. 'તપ કરી કરીને મા'રાજ થાચ્યા જ્યા સ્ તે ભગવાંન ન મલે 'લી?' કહીને બીજી હસી 'હેં મા'રાજ! ચ્યમ, નાહી આયા સો?' 'મા'રાજને આયો વેરાગ. મા'રાજ જાય સ્ હેમાળે તપ કરવા.'

હું તો ડઘાઈ જ ગયો. કાંટો વાગ્યાનો ડોળ કરીને પાછળ રહી ગયો. મારો વેશ ઠીક નથી એ તો નક્કી થઇ ગયું. ગમે તેમ પણ હવે તો નિભાવી જ લેવાનો નિશ્ચય વધારે દૃઢ થયો. પરિસ્થિતિને નિભાવી લેવામાં સફળતાનો અંશ સમાએલો છે. મૂળ ઉદ્દેશ તરફ એક ડગલું આગળ વધાય છે. પરિસ્થિતિથી કાયર બની જનારે સફળતાની ખાસ આશા ન રાખવી જોઇએ. મારામાં આ વખતે આ બધી વિચારસરણી નહોતી; મારા ખ્યાલમાં એ આવી શકે એવી સ્થિતિ પણ નહોતી. છતાં અજાણતાં એ ગ્રહણ થઇ ગયું.

લગભગ અગિયાર વાગતાં એક ગામને પાદર નીકળ્યો. સામે જ કૂવો હતો. સ્ત્રીઓ પાણી ખેંચતી હતી. પાંચ સાત છોકરાઓ રમતા હતા. કૂવા પાસે થઇને હું નીકળ્યો કે કેટલીક સ્ત્રીઓ ખડખડાટ હસી પડી. છોકરાઓનું ધ્યાન મારા તરફ ખેંચાયું. પોતાના જ જેવડો એક કફની ધારીને 'મહાત્મા'નો વેશ લઇ જતો જોઇ ખુશીમાં આવી ગયા. 'હેય 'લ્યા! આ કોણ!' કહેતા બધા છોકરા દોડી આવીને મને ઘેરી વળ્યા. હસે ને તાળાઓ પાડે. હું તો શૂન્ય થઇને ઊભો રહ્યો. અજાણ્યું કૂતરૂં ગામનાં કૂતરાં વચ્ચે ઘેરાઈ જતાં જે સ્થિતિમાં મૂકાય છે, એવું જ મારૂં થયું. હજી યે જ્યારે કોઇ અજાણ્યા કૂતરાને ઘેરાએલું જોઉં છું, ત્યારે એ પ્રસંગ મને યાદ આવે છે. પાંચેક મિનિટ આ ખેલ ચાલુ રહ્યો. ગામમાંથી ભેંશ હાંકીને આવતા એક પ્રૌઢ માણસે છોકરાઓને 'શું છે 'લ્યા' કહીને દૂર હાંકી કાઢ્યા. છૂટતાંની સાથે જ હું તો ઝપાટાભેર ચાલતો થઇ ગયો.

હવે તો મને વિશેષ ખાત્રી થઇ કે મારો વેશ મને શોભતો નથી. મારા વિચારો ભલે ઘરડા રહ્યા પણ હું હજી નાનો જ છું. છતાં હાર્યો નહિ. મને વધારે દૃઢતા ધારણ કરી.

સૂરજ ઢળી ગયો. હું બેચાર ગામ વટાવી ગયો. થાક લાગ્યો અને ભૂખ પણ લાગી. બાવા—સાધુ—કફનીધારીને બધે માગ્યું મળે એવો મને પહેલેથી જ ખ્યાલ હતો. એ પણ એક કળા છે અને ધંધાદારી કુશળતા એમાં પણ જોઇએ એનું જરા યે ભાન નહોતું. ઘણાંઘણાં ચોકઠાં બાંધ્યાં ને તોડી નાખ્યાં. ગામમાં જઇને માગી લાવવાનો વિચાર કરૂં, પણ ગામ આવે એટલે માગવા જવાની હિંમત ખસી જાય. એમ સાંજ પાડી દીધી. પગ ઢીલા થઇ ગયા. બધું ધ્યાન પેટ ઉપર એકઠું થયું. પાણી પી પીને થાકી ગયો. હવે આવતા ગામમાં જવું અને માગી લાવી, પકાવી, ખાઇને પેટ ભરી લેવું એવો ફરીફરીને દૃઢ વિચાર બાંધ્યો. ગામ આવ્યું. હિંમતે નાસવાનો પ્રયત્ન કર્યો, પણ તેને પકડી ઝાલી. ગામ નાનું હતું. દરવાજામાં તો પેઠો. બેચાર કૂતરાં ભસ્યાં. થોડે દૂર ગયો ત્યાં એક દુકાન જોઇ. વળી નવું આક્રમણ થયું. શરમે મને દબાવી દીધો. એના દબાણ નીચેની હિંમત ઊભી થઇ શકી નહિ. ગજવામાંથી એક આની કાઢી અને દુકાનદાર તરફ ફેંકી. 'નવટાંક ચણા આપો.' દુકાનદારે ચણા તોળ્યા અને બે પૈસા કાપી લીધા.

'નવટાંકના બે પૈસા?'

'હા, હા.'

'એક પૈસો જ હોય.'

બે ચાર ઘરાક ઊભાં હતાં. સૌ મારી સામે જોઇ રહ્યાં.

'લેવું હોય તો લે, નહિ તો ચાલતો થા. સાધુડાં ચણ્યા ખાશે?' વાણિયાએ કહ્યું.

મને માનહાનિ જેવું લાગ્યું. 'લો, ત્યારે' કહીને પડીકું પાછું આપ્યું. વાણિયાએ એક આની ફેંકી દીધી. લઇને હું ગામ બહાર નીકળી ગયો. સાધુ ઉપર વાણિયાને ભક્તિભાવ કેમ ન થયો એ મને નવાઇ જેવું લાગ્યું. પેટ તરફ મન વળ્યું, એટલે ચણા ન લીધા એ મૂર્ખતા જેવું લાગ્યું. પણ હવે તો ગામ બહાર નીકળી ગયો હતો. માંડમાંડ અંદર ઘૂસેલો હવે પાછો વળું જ શાનો?

ભૂખ્યોતરસ્યો બીજે ગામ જવા ચાલ્યો. મૂંઝવણ હવે વધવા લાગી. તેમાં ય શરમાળ સ્વભાવને લઇને ધારેલું કામ કરવામાં ફાવી શકતો નહિ, એ મોટી આફત. સાધુના સ્વાંગમાં ફરનારે કોઇ પણ રીતે સાધનો મેળવી લેવાની કળાનો હવે મને જરા જરા ખ્યાલ તો આવવા જ લાગ્યો. પણ તે પહેલા દિવસ જેટલો બાલિશ હતો. વિચારમાં ને ધૂનમાં એક વાડી પાસે પહોંચ્યો. સૂરજદેવ વાડીની રીંગણી ઉપર છેલ્લો પ્રકાશ ફેંકતા હતા. નાની વાડ કૂદીને રીંગણીએ પહોંચી શકાય અને કુમળાં રીંગણાં તોડી ખાઇને ભૂખ શાંત કરી શકાય એવો ઊડતો ખ્યાલ આવી ગયો. વાડ પાસે ઊભો રહ્યો. જાણે કે રીંગણી મને બોલાવવા લાગી અને કુમળાં રીંગણાં તોડાઈ જવાના ભયથી પાંદડાં નીચે લપાવા લાગ્યાં.

મન બોલ્યું: 'કોઇ નથી. ખેડૂત દેખાતો નથી. લપકીને જા.રીંગણીની આડમાં રહીને રીંગણા તોડી ખા.'

ભૂખે કહ્યું: 'જા, જા, ઠીક છે.'

ચિત્ત બોલ્યું: 'નહિ; ચોરી? પકડાઇશ તો? તારી આ કફનીની શી કિમ્મત? ના,ના; ન જઇશ.'

સ્તબ્ધ થઇને ઘડીક ઊભો રહ્યો. મનને માર્યું અને ચાલતો થયો. સૂર્ય ભગવાને વિદાય લીધી. સંધ્યા તો જગત પર શાંતિ પાથરવા માંડી હતી, પણ મારી ભૂખની વ્યથા ભૂલી ન શકાય તેવી હતી. આગળ જતાં મેં પંદર અને તેથી પણ વધારે દિવસોના કડાકા કર્યાં છે, પણ આવું કષ્ટ એ વખતે અનુભવ્યું નહોતું. સ્વેચ્છાએ સ્વીકારેલા કષ્ટમાં અને ન છૂટકે સહવા પડતા કષ્ટમાં વેદનાનું સ્થાન કેવું છે તે સમજી શકાયું.

સંધ્યાના રંગો ઉપર રાત્રિના આગમનનો સૂચક ઝાંખો કાળો પડદો ઊતર્યો અને હું એક ગામના દરવાજા પાસે જઇ ઊભો. ગામ નાનું હતું. નામ યાદ નથી. ત્યાંથી પેથાપુર થોડે જ છેટે છે. મારી એ વખતની નોંધપોથી એક મિત્ર પાસે રહી ગઈ અને મિત્રનો પછી પત્તો જ ન મળ્યો. એવાં કેટલાં યે સ્મરણ તેમાં રહી ગયાં છે. વિચાર્યું, કે ગામમાં ઠાકોરમંદિર હશે ત્યાં જાઉં. કોઇ સાધુ તો ત્યાં હશે જ. પૂજારી હશે. મને ખાવાનું તો પૂછશે જ. એક જણ ઢોર હાંકીને ગામમાં જતો હતો તેને પૂછ્યું.

તેણે કહ્યું: 'ગામમાં મોટું મંદિર તો સ્વામીનારાયણનું છે; પણ તમે કેવા સાધુ છો?'

'રામાનંદી' મેં કહ્યું. મને આ જ નામ યાદ હતું.

'તો તમે રામજીમંદિરમાં જાઓ. સ્વામીનારાયણના મંદિરમાં રામાનંદીને ઊતરવા નહિ દે.' તેણે કહ્યું.

મેં મનોમન કહ્યું, ભૂલ થઇ. સ્વામીનારાયણિયો બન્યો હોત તો 'પરશાદ' તો જરૂર મળત!

રામજીમંદિરને પૂછતો ગયો. ઊંચા ઓટલા ઉપર એક કાળોભમ્મર વૃદ્ધ જેવો પુરુષ બેઠો હતો. એક-બે બીજા બેઠા હતા. એ હતું રામજીમંદિર. વારંવાર ગોખી રાખેલું 'જે રામજી કી'નું વાક્ય બોલીને પગથિયું ચડયો.

'ક્યેવા સો?' સાધુ-પૂજારીએ પૂછયું.

'રામાનંદી સાધુ.' મેં કહ્યું.

'બેસો.'

'રાત રહેવું છે.'

સાધુ કંઇ બોલ્યો નહિ. આરતી વખત થયો. સાધુ અંદર ગયો. આરતી પૂરી થતાં જ ખૂઝાઇ જવાનો કોલ કરીને સળગેલી બત્તી લઇને તે આરતી માટે તૈયાર થયો. હું પણ રામજીની મૂર્તિ સામે હાથ જોડીને ઊભો રહ્યો. બેઠેલા ત્રણમાંથી બે જણ જતા રહ્યા અને એકને જતો રોકીને ઝાલર વગાડવા બાવાજીએ રોકયો હતો તે ઝાલર પર ડંકા દેવા માડયો. 'આધા મેં આધા ઘડી' બોલીને બાવાજીએ આરતી પૂરી કરી. હું પણ ડોળ કરવા મંડી પડયો અને જરા ઊંચે અવાજે 'ત્વમેવ માતા ચ' નો શ્લોક બોલી ગયો. ચરણામૃત આપીને બાવાજી બહાર ઓટલે જઇને બેઠા. હું રામજી સામે ધ્યાન ધરીને બેઠો. એમાં બહાર નહિ બેસવાની મારી શરમ છુપાઈ હતી. થોડી વારે બાવો આવ્યો.

'અહીં જ સૂવું છે કે?' બાવાએ કહ્યું.

'હા.' મેં જવાબ દીધો.

બાવાએ એક ખૂણામાંથી શણનું ફાટેલું ગુણિયું લઇને મને આપ્યું.

'લો, સૂઇ રહો પેલા ખૂણામાં.' કહીને બાવાજી ઓટલે જઇ બેઠા.

હું તો બાવો 'કંઇ ખાવું છે કે?' એમ પૂછે એનું રટણ કરતો રામજીની મૂર્તિ સામે ધ્યાનસ્થ થઇ

(અનુસંધાન આગળ પાન ૩૮૪મે)



વરસની વહેંચણી

મહારાજ! મારે તો ઘણું ઘણું કરવું છે ને તમે તો મને ટૂંકા શી જિંદગી આપી એમાં તો કાંઇ ગે ન થાય; માટે લાંબો આવરદા આપો.' માણસે સરજનહાર બ્રહ્મા પાસે માગણી કરી.

બ્રહ્માએ આ સૃષ્ટિ રચતી વેળા વિધાતાની સલાહ લીધી. બંને જણે મળીને નક્કી કર્યું કે સૌને સરખો આવરદા આપવો. માણસ, પશુ, પંખી, જળચર, વનચર, સૌ સરખાં. કોઇ વહાલું નહિ કે કોઈ અળખામણું નહિ. બેઉ જણે મળીને સૌનો આવરદા ચાળીસ વરસનો નક્કી કર્યો.

સરજનહાર બ્રહ્માએ સૃષ્ટિ રચી. જાતજાતનાં ને ભાતભાતનાં પશુપંખી, ઝાડપાન, ફળફૂલ, જળચર, વનચર ને ખેચર પ્રાણીઓ બનાવ્યાં. માણસજાત પણ સરજી.

થોડી વાર થઇ ત્યાં તો ઉપર પ્રમાણે પોતાના ટૂંકા જીવતર માટે ફરિયાદ કરતો માણસ બ્રહ્મા પાસે આવ્યો.

બ્રહ્માએ એની ફરિયાદ સાંભળીને જવાબ આપ્યો: 'અમે તો સૌને સરખી વહેંચણી કરી છે, પણ તું જરા થોભ. વખતે કોઈ લાંબા આવરદાની ફરિયાદ કરતો આવશે તો એનાં વરસ તને આપીશ.'

એ સાંભળી માણસને સંતોષ થયો.

એટલામાં બળદ આવ્યો. એણે પોતાનું માથું નમાવીને અરજ ગુજારી: 'મહારાજ! ચાળીસ વરસ મને વધારે પડે છે. એટલી લાંબી જિંદગી ગદ્ધાવૈતરું કરીને કાઢતાં મને નવનેજાં થશે, માટે મારાં વરસ ઘટાડો.'

'ભલે!' બ્રહ્માએ કહ્યું: 'તારાં વીસ વરસ ઓછાં કરીને માણસને આપું છું.'

એ સાભળીને બળદ રાજી થયો ને બ્રહ્માનો આભાર માની એ ગયો.

માણસને વીસ વરસ વધારે મળ્યાં. પણ એટલાથી એને સંતોષ ન હતો. એને હજુ વધારે વરસ જોઇતાં હતાં, એટલે એ ઊભો રહ્યો.

થોડી વારે કુતરો આવ્યો અને બ્રહ્માને વિનંતિ કરી: 'મહારાજ! તાબેદારી કરીને મારે જિંદગી ગુજારવાની છે, માટે મારાં વરસ ઓછાં કરો; નહિતર ભસાભસીને મારું ડાચું દુખી જશે. મારે આટલી બધી લાંબી જિંદગી નથી જોઇતી.'

બ્રહ્માએ એનાં વીસ વરસ ઘટાડ્યાં. તે ઉપરથી ગેલમાં આવીને એ ભસતોભસતો દોડી ગયો.

એનામાં આવ્યો બગલો. એણે પણ અરજ ગુજારી: 'બાપજી! નદીમાં ખડે પગે ઊભા રહેતાં મારો આવરદા નહિ ખૂટે. મારાં થોડાં વરસ ઓછાં કરો.'

'બ્રહ્માએ એનાં યે વીસ વરસ ઘટાડ્યાં.' બગલો એ સાંભળી રાજી થઇને ઊડી ગયો.

માણસનો આવરદા સો વરસનો થયો.

પહેલાં ચાલીસ વરસમાં માણસે ખાધુંપીધું, ધંધોધાપો કર્યો ને મોજમજાહ કરી.

પછીનાં વીસ વરસ બળદનાં આવ્યાં, એમાં એને આખા કુટુંબનો ભાર ઉપાડવો પડ્યો. સંસારની ધૂંસરી ઉપાડતાં એની બિચારાની ડોક રહી ગઇ. જેમતેમ કરતાં સાઠ વરસ થયાં.

તે પછીનાં વીસ વરસ કુતરાનાં આવ્યાં. ઘરડી અવસ્થા થઇ. છોકરાઓની વહુવારૂના હાથમાં કારભાર

ગયો. તેમનાં છૈયાંછોકરાં એનો ખોળો ખૂંદવા લાગ્યાં એને ખભે ચઢીને ચોટલી ખેંચવા લાગ્યાં. એ બૂમ-બરાડા પાડતો રહ્યો, પણ કોઇએ એને દાદ આપી નહિ. આમ દુઃખેપાપે એંશી વરસ વીતી ગયાં.


છેલ્લાં વીસ વરસ આવ્યાં. બગલાનાં ચૂંચી આંખો, બોખું મોઢું, સફેદ માથું અને લથડતું શરીર. સૌકોઇ સતાવે. મોઢામાં દાંત નહિ, તેથી જે આવે તે બગલાની પેઠે ગળી જાય. આ રીતે એ સો વરસનો થયો.

વરસની વહેંચણીમાં પારકાનાં વરસ લઇને પોતે નાહકનો દુઃખી થયો એમ વિચાર કરતોકરતો એ મરણ પામ્યો.

લોભી માણસને બ્રહ્માએ વધારાનાં વરસ આપીને સુખી કર્યો કે દુઃખી તે કોણ કહી શકે?

'હાથીનું નાક' એ નામની, શ્રી નાગરદાસ ઇ. પટેલે સંપાદિત કરેલી, બાળકો માટેની સુંદર, રંગબેરંગી છાપવાળી ચોપડીમાંથી

(મળવાનું ઠેકાણું જનરલ બુકડીપો મુંબાઇ ૦-૧૨-૦)



આઠ સિંહ!

સરકસ જોઈ એક દિ' સરવે, બાળક હરખે ઘેર જતાં;
હાથી, ઘોડા, વાઘ, સિંહ ને વાનરના ત્યાં વાદ થતા.

કોઈ કહે મેં વાનર જેવું દીઠું ત્યાં ના એકે કામ;
હાથીના ખેલોની પાસે, કોઈ કહેતું ધૂળ તમામ.

ઘોડાની તોલે ના કોઇ, જેને માથે સાત સવાર;
'વાઘ-બકરી' તો એથી સારું, કુદરતને પણ પેલે પાર.

તેના કરતાં વનનો રાજા માથે રાખી કરવી ગેલ;
તેના જેવું કામ નહિ કો', જેમાં થાતા મૃત્યુ-ખેલ.

'એક સિંહને બીતાં બીતાં માથે લેવો તેમાં શું?'
બાબુ કહે 'હું આઠ સિંહની રજાઈ ઓઢી ઊંઘું છું.'

જયંતીલાલ શાહ

મારી સફર

(અનુસંધાન પાછળ પાન ૩૮૨થી)

બેસી રહ્યો. એક કલાક ઉપર વખત વીતી ગયો. બેચાર વખત બહાર કોઇએ બાવાજીને પૂછ્યું કે 'કેમ બાવાજી, જમી બેઠા કે?' ત્યારે 'ના રે ભાઇ!' કહીને બાવો ચૂપ રહેલો, તેથી મારી શ્રદ્ધા વધી કે બાવાજી જમવા જતી વેળા મને જરૂર પૂછશે. એથી હું વધારે ધ્યાનમગ્ન બનતો ગયો. છેલ્લે મારો બધો ભ્રમ ભાંગી ગયો.

કોઇએ પૂછ્યું, 'કેમ બાવાજી! ખાઇપીને બેઠા કે?'

'શું કપાળ ખાય?' બાવાએ કહ્યું.

'કેમ, હજી સુધી?'

'કેમ તે એમ; જુઓને . . .' કહીને બાવાએ મારા તરફ આંગળી ચીંધી. મારી પીઠ તેના તરફ હતી પણ ત્રાંસી આંખે તેનો ઓળો હું જોઇ શકતો હતો.

'કોણ છે?' પૂછનારે કહ્યું.

'હશે કોઇ રખડતા રામ! એ સૂએ તો જમું ને? રોજ ને રોજ એવા ચાલ્યા જ આવે છે.'

'ભલેને બેઠો. તમે તમારે જમી લો ને?'

બાવાજીને સલાહ આપીને તે ભાઇ ચાલ્યા ગયા. બાવાજી કંઇ નિર્ણય ન કરી શક્યા હોય તેમ બેસી રહ્યા.

ઓહો! બાવા પણ આવા? એ નિરાશાભર્યા પ્રશ્ન સાથે હું ઊઠ્યો અને બાવાજીને ધર્મસંકટમાંથી છૂટા કરવા ખૂણામાં નાખેલા ગુણિયા ઉપર જઇ, પોટલું ઓશીકે મૂકીને સૂતો કે તરત જ બાવો ઊઠ્યો અને ઠાકોરજીની બાજુમાં જ આવેલી તેની ઓરડીમાં ઘૂસી ગયો. મારા તરફ નજર ફેંકીને કમાડ અધૂકડાં વાસી દીધાં. મને તો ઊંઘ આવે જ શાની? બાવાએ ઓડકાર ખાધા ત્યારે તો મારે મન એ ઓડકારની મિઠાશ ખૂબ અંકાઇ.

થાક અને ભૂખ, નિરાશા અને વિચારના બોજ તળે મોડી રાતે દબાયો અને ઊંઘ આવી ગઇ. જાગ્યો ત્યારે બાવાજી તૈયાર થઇને ઊભા હતા.

'લો, ત્યારે નીકળો બહાર; મારે ગામમાં જવું છે.' કહીને બાવાજીએ તાળું હાથમાં લીધું.

હું તો નાસવા જ માગતો હતો. આંખો ચોળીને પોટલું બગલમાં દબાવ્યું. નીચે માથે ગામ બહાર નીકળી ગયો. નજીકમાં કયું ગામ તે પૂછ્યું તો પેથાપુર સંભળાયું. મારગ પૂછીને ચાલતો થયો.

જીવરામ જોષી



મધુકરી

અજાણ્ પથમાં વહી જીવન આ જતું, સંશયો
ઉઠે મનમહીં ઘણા 'જીવનપંથ શું સત્ય આ
હશે? અગર ઊલટી દિશ વહેણ આ મુજનાં?'

. . . . . .

કદી સરિત કોઈ ના ઉદધિપંથને ભૂલતી,
કરૂં ફિકર શીદ હું? જીવન છો વહેતું જતું;
વહે સરલ ભાવથી જીવન છો સરિતા સમું
હું યે સરિતના સમો સરળ થૈ તજું સંશયો. જેઠાલાલ ત્રિવેદી

(પ્રસ્થાન)

કોશકાર રાનડે

મને કોણ એમને ત્યાં લઇ ગએલું તે અત્યારે યાદ નથી આવતું. કોઇ સિંધી મિત્ર સાથે ત્યાં ગએલો એવું કંઇક સાંભરે છે, પણ વધુ વિચાર કરતાં એ ભ્રમ જ લાગે છે. વિદ્યાર્થી અવસ્થામાં વિદ્વાનો પ્રત્યે આદરભાવ કંઈક વિશેષ હોય છે. એમની પાસે જવામાં નિષ્કારણ ભય લાગે છે. એ કેવી ઉચ્ચ કોટિના પ્રાણી, તેમની પાસે આપણે તદ્દન પામર એવો વિચાર કેમે કર્યો મનમાંથી જતો નથી. કેટલાક વિદ્યાર્થીઓની ધૃષ્ટતા જોઇ મને અત્યંત આશ્ચર્ય થતું એટલું જ નહિ, હું ભયભીત પણ બની જતો. કોઇ માણસ ગગડી પડે અથવા ક્રોધાવેશમાં વિવેકભ્રષ્ટ બની ગાળો ચોપડાવે ત્યારે જેમ આપણે અસ્વસ્થ થઇ જઇએ છીએ તે જ પ્રમાણે કોઇ વિદ્યાર્થી ગુરુજનો કને જ્યારે ધૃષ્ટતાથી બોલવા લાગે ત્યારે હું સ્વતઃ જ ભયભીત થઈ જતો. આજ પણ તે ભીતિ —અથવા ક્ષોભ માનો—મારામાંથી સંપૂર્ણતઃ ગઇ નથી. સ્વભાવનો એવો ક્ષોભ મને સાલે છે; પરંતુ એ નીકળી જવો સારો છે એવું મનને નથી લાગતું.

પ્રો. નીલકંઠ બાબાજી રાનડે ઠાકુરદ્વારમાં એક નાનાશા ઘરમાં રહેતા. બહુધા તે પૈસાફંડ જમાવવા માટે સ્વયંસેવકો મેળવવાની ખટપટમાં જ રહેતા. ફર્ગ્યુસન કૉલેજમાંથી પૈસા-ફંડ એકઠું કરવામાં મારો ઉત્સાહ અને કસબ સારી રીતે વખણાઇ ગયાં હતાં એટલે મારૂં નામ એમને કોઇએ સૂચવી દીધું હતું.

દાદર ચઢી હું તેમની ખોલીમાં પેઠો. છાતી એકસરખી ધબકી રહી હતી. ખોલીમાં પુસ્તકોનો ઢગ પડ્યો હતો. વ્યવસ્થિતપણાનું નામસરખું ક્યાંઈ ન હતું. એકબે મદદનીશ ખોળામાં મોટામોટા કોષ લઇ, ઝીણી આંખે પાનાં ફેરવી રહ્યા હતા. એક ખીંટી પર લાલ પતરાનું બસ્તિપાત્ર (એનીમા) ટાંગેલું હતું. તેની રબરની નળી કાળજીપૂર્વક મૂકાએલી ન હતી. રાનડે પોતે એક ટેબલ નજીક ખુરસી માંડી બેઠેલા હતા. એમનું શરીર મજબૂત, બાંધો ઠીંગણો ને ગરદન ગોળ હતી.

કૉલેજના પ્રોફેસરોની માફક આ મહાશય પણ કેમ જાણે બીજા પર ઉપકાર કરી રહ્યા હોય એવા ભાવે જ મારા સાથે બોલશે એવું મને લાગતું હતું. પણ તેમ ન કરતાં તેમણે કંઇક આદરભાવથી બોલવા માંડ્યું. જાણે મારી પાસેથી કશો અનુગ્રહ મેળવવાના હોય એ રીતે તેમણે બોલવું શરૂ કર્યું. મને આશ્ચર્ય થયું ને હું મૂંઝવાયો. બોલવું શરૂ થયા સુધી તો ક્ષોભ લાગ્યો, પણ થોડા પ્રશ્નોત્તર બાદ, આપણે અલ્પજ્ઞ છીએ ને સામે બેઠેલા વિદ્વાન ભૂરિશ્રવા છે એ જાણ જ મનમાં ન રહી.

એવે વખતે અતિવિવેકમાં રહેતાં અવિવેક થઈ જાય છે, જે બંને વિચિત્ર અને કૃત્રિમ લાગે છે. પણ મારા પૂરતા તો બંને સ્વાભાવિક હોઈ, મારો ઈલાજ ન હતો. એ સ્થિતિ આજે પણ બદલાઇ નથી. મંદિરમાંની મૂર્તિ જ્યાંસુધી બોલતી નથી ત્યાંસુધી જ આપણે તેને દેવ માનીને સ્વીકારીએ છીએ. મૂર્તિ જ્યારે બોલવા લાગે ત્યારે થોડો વખત તો ચમત્કાર માનીને આપણે ચકિત થઇએ, પણ પછી તેનામાં ઈશ્વરભાવ રહેવાનો નહિ. આ પ્રકાર પણ એવો જ હતો. બોલવાનો વિષય કયો હતો એ આજે નથી સાંભરતું, પણ મારી ધૃષ્ટતા પણ એમણે સહી લીધી હતી એટલું માત્ર યાદ આવે છે.

પ્રોફેસર રાનડે એક અંગ્રેજી-મરાઠી કોષ તૈયાર કરતા હતા. કોષકાર મનુષ્ય સર્વજ્ઞ હોય છે એ સમજૂત કૉલેજનું શિક્ષણ પૂરૂં કર્યું હોવા છતાં મારામાંથી ગઇ નહોતી. જે માણસને એકેએક શબ્દની જાત માલૂમ છે, તેના પૂર્વજ કોણકોણ તે જે શોધી કાઢે છે, દરેક શબ્દના નિકટસંબંધી-

ઓનો હિસાબ જેની પાસે તૈયાર હોય છે અને અમુક શબ્દ ક્યાંથી નીકળ્યો છે ને તેથી તેનો સ્વભાવ કેવો છે એ જેને માહિત છે એવા માણસની ચોમુખી વિદ્વત્તા અસાધારણ જ ન લાગે? અંગ્રેજી શબ્દો માટે મરાઠી પર્યાય શોધી કાઢવા ને એ ન મળે તો પોતાની ટંકશાળમાંથી તે તૈયાર કરવા એ કેવું વિકટ કામ છે! પોતે તૈયાર કરેલા શબ્દ સમાજ સ્વીકારશે કે નહિ એ વિષયમાં એમને 'આત્મનિઅપ્રત્યય' નહિ થતો હોય શું?

આ મુલાકાતની ફળનિષ્પત્તિ શું થઇ તે હાલ યાદ નથી. પરંતુ નીલકંઠ બાબાજી વિદ્યાર્થીઓના મિત્ર હતા એ વાત તો એ જ પળે મારા અંતઃકરણમાં જડાઇ ગઈ.

卐 卐 卐

એક દિવસ સાંજે હું ચોપાટી પર ફરવા ગયો હતો. સૂર્યાસ્ત અને ડોલતા જહાજોની શોભા તથા ભરતીનાં મોજાંનું ખડક સાથે ચાલતું અસમાન યુદ્ધ જોવામાં હું એટલો લીન થઇ ગયો હતો કે હું ક્યાં છું એ પણ વીસરી ગયો હતો. ભરતી જોરજોરથી આવી ખડક પર હલ્લો કરી તેને ચારે બાજુથી ઘેરી લેતી. પરંતુ ખડકની સ્થિર શાંત પર તેનું કશું પરિણામ નહોતું આવતું. ભરતી કંટાળીને માર્ગ આપે ત્યારે તે ખડક હસતો નહિ કે વિજયોન્માદથી છલકાઇ ન જતો. ભલે નખશિખાંત ભીંજેલો છતાં અંતર તો કોરું પાષાણ જ!

એવામાં રસ્તા પર કશોક અવાજ સંભળાયો. ભાનમાં આવ્યા સિવાય જ હું એ માર્ગે વળ્યો. લાલ રેશમી ફેંટો ઘાલેલા કોઇ સદ્‌ગૃહસ્થ મારું લક્ષ દોરવા મારા તરફ લાકડી ધરી રહ્યા હતા એવું મને દેખાયું. મને ઓળખાણ ન પડતાં હું શૂન્ય દૃષ્ટિએ તેમની નજીક પહોંચ્યો 'કેમ છો? હમણાં ક્યાં છો? ફરવા આવ્યા છો?' વગેરે પરિચયસૂચક શબ્દો સાંભળી મને ગોંધાઇ ગયા જેવું લાગ્યું. કંઇ અસ્પષ્ટ, અર્થશૂન્ય જવાબ મોમાંથી નીકળી ગયા. સામેના માણસે કળી લીધું કે અહીં કંઇ પ્રેમનું પાનું દેખાતું નથી એટલે થોડાક વિરસ થઇ ચાલી નીકળ્યા. એ ગયા પછી મને યાદ આવ્યું કે એ તો કોશકાર રાનડે હતા! એમના ઘેર એમણે પહેરણ જ પહેરેલું હતું આવા સંપૂર્ણ પોષાકમાં મેં એમને કદી જોયા ન હતા. મને પસ્તાવો થવા લાગ્યો. હું કેવો બાલિશ કે આવા મહાન માણસને ઓળખી ન શક્યો. એમને મારા વિષે શું લાગ્યું હશે? એમને ત્યાં જઇને માફી માગી આવું? પણ તે યે કૃત્રિમ દેખાય; અને માફી માગવા જતાં કોણ જાણે શા યે શબ્દો મોંમાંથી બહાર પડે! ઊલટી ફજેતી થાય તો? તે વખતે ને તે રાતે પણ મેં મારી ખૂબ નિંદા કરી. જગતમાં આપણા માટે સ્થાન નહિ, સામાન્ય સમયસૂચકતાનું યે ઠેકાણું નહિ, આપણા હાથે શું થવાનું છે? એવા અનેક વિચારો મનને કોરી ખાવા લાગ્યા ને ચિત્ત અગસન્ન થઈ ગયું છેવટે ઊંઘની ભરતીએ આ આત્મનિંદાનો ઊભરો હઠાવી દીધો ને વિદ્યાર્થીનો નિત્યક્રમ શરૂ થઇ ગયો.

લોકમાન્ય તિલકને સરકારે પકડ્યા છે! હાઇકોર્ટમાં એક સરખા છ દિવસથી તેઓ પોતાનો બચાવ કરી રહ્યા છે! સારા મુંબઇમાં એથી જાણે અદ્‌ભુત વિદ્યુત્‌સંચાર થયો છે. મિલમજૂરો પ્રક્ષુબ્ધ થઇ દંગા શરૂ કરવા લાગ્યા છે. રક્તપિપાસુ બની અમે તેમને ચાનક આપી રહ્યા છીએ. પોલીસ અમને ત્યાં જવા દેતી નથી 'ભાગો અહીંથી, નહિ તો નાહકના પકડાઇ જશો' એવી તાકીદ ગોરા અમલદારો સંભળાવી રહ્યા છે. ગોળીબાર શરૂ થઇ ગયો છે. આખા રસ્તા પર મુડદાં પડેલાં છે ઇસ્પિતાલમાં જખમાએલાંની સંખ્યા વધતી જાય છે. તેમની સેવાચાકરી કરવા અમે નીકળી પડીએ છીએ. પોતાનાં ઉપરણાં ને ધોતીઆં ફાડી તેમના પાટાપિંડી કરીએ છીએ. આનું છેવટ કેવું આવશે તે કોઇનું યે મન કળી શકતું નથી, પણ જે થઇ રહ્યું છે તે ખૂબ સરસ ચાલે છે એટલું માત્ર સમાધાન પ્રત્યેકના ચહેરા પર સ્પષ્ટ દેખાઈ આવે છે. અમે વિદ્યાર્થીઓએ ઘેર જવું છોડી દીધું છે.

એવામાં મેં સાંભળ્યું કે મિલમજૂરોની મદદ માટે ફંડ કાઢવામાં આવ્યું છે ને અમારા પ્રોફેસર રાનડે તેના મંત્રી થયા છે આપણાથી થાય તેટલું કરવું જોઇએ. સરકાર આપણા દેશબંધુઓને ગોળીએ ઉડાવે એ આપણાથી કેમ સહન થાય? પોતે અસહાય નથી એવી મજૂરોને ખાત્રી થવી જોઇએ. તેમને લાગવું જોઇએ કે આપણી નેતૃભક્તિની કદર કરનાર દુનિયામાં કોઈ છે. મારાં ખીસા ખાલી હતાં. શું કરવું તે સૂઝે નહિ. પણ ઓલીમાં નવો વેચાતો લીધેલો સિતાર પડ્યો હતો તે આંખમાં સાલવા લાગ્યો. એ સિતાર સાંગલીના એક ઉસ્તાદે ખાસ મારા માટે તૈયાર કરી આપ્યો હતો. તે ખૂબ જ સુંદર અને મધુર હતો, પણ મને તે વગાડતાં આવડે ત્યારે તે બોલે ને? મેં એ સિતારનો એક ઘરાક શોધી કાઢ્યો. ઘરની વસ્તુઓ વેચવી એ ઘરરખુપણાને શોભા રૂપ નથી એવા નાનપણમાં મન પર પડેલા સંસ્કાર ડોકાવા લાગ્યા, પણ મેં એમની ગળચી દબાવી દીધી ને સિતાર વેચી નાખ્યો. બીજા કેટલાક મિત્રો પાસેથી ભંડોળ જમાવેલું તે અને આ સિતારના પૈસા ભરી લઇને ગયો નીલકંઠ બાબાજીને ત્યાં.

આ વખતે એમણે મને ઓળખ્યો નહિ, અથવા જૂના કટુ અનુભવથી વિશેષ પરિચય વ્યક્ત કરવો તેમને રૂચ્યો નહિ. પણ મેં તેમને પૂર્વપરિચયની યાદ કરાવી આપી, એટલે 'હો, હો' કરતા તેમણે મને લૂખા જવાબ આપ્યા. તે કામમાં હતા જ. એટલે 'મારું ને મારા મિત્રોનું ભંડોળ આપવા આવ્યો છું' એમ કહી મેં નોટો ને રૂપિયા તેમના ટેબલ પર મૂક્યા.

આથી નીલકંઠ બાબાજી દ્રવ્યા. જૂનો પરિચય એકદમ તાજો થયો. સરકારે મિલમજૂરો પર ચલાવેલા જુલમોનું એમણે

ગદ્ગદ્ કંઠે વર્ણન કર્યું. મેં પણ અમારા અનુભવ જણાવ્યા.

એ ઉદ્યમી માણસ પાસે ફરી જવાનું થયું જ નહિ. જબરા પરિશ્રમે એમણે પોતાનો કોશ પૂરો કર્યો. ધાર્યા પ્રમાણે જ એ કોશ પાછળ એમને પુષ્કળ નુકસાન સોસવું પડ્યું. બંગાળની રાષ્ટ્રીય કૉલેજમાં મરાઠીના અધ્યાપક તરીકે તેઓ ગયા હતા એવું કંઈક સાંભરે છે.

હજુ પણ આજે જ્યારે જ્યારે પુસ્તકોના સ્ટૅન્ડ પર 'ટ્વેન્ટીએથ સેન્ચરી ઇંગ્લીશ–મરાઠી ડિક્ષનેરી'ના બે જાડા ભાગ નજરે પડે છે ત્યારેત્યારે નીલકંઠ બાબાજી રાનડેની યાદ આવે છે. કોષ એ જ એમનું સ્મારક રહ્યું છે. તે બહુ પ્રખ્યાત થએલા નથી દેખાતા, પણ એ શબ્દશાસ્ત્રી પંડિતના હૃદયમાં જે દેશભક્તિ હતી તે જ મારા પૂરતું તેમનું સ્મારક બની રહ્યું છે.

(વિહંગમ) —કાકાસાહેબ કાલેલકર

ચાંગદંપતી અને ચીનની નવજીવન પ્રવૃત્તિ

આજથી પચાસ વર્ષ પૂર્વે ચીનના નિંગપો પાસેના એક ગામડામાં એક બાળકનો જન્મ થયો. એનું નામ ચાંગ–કૈ–શાક. એની નવ જ વર્ષની વયે પિતાનું અવસાન થયું ને કુટુંબ નિરાધાર સ્થિતિમાં આવી પડ્યું. એકલી માની મહેનત-મજૂરીને લઇને જ એ કુટુંબ બરબાદ થતું બચ્યું.

ચાંગનું શરીર પહેલેથી જ નબળું હતું. નિશાળમાંથી ઘણી વખત એ બીજાઓનો માર ખાઇને જ પાછો ફરતો. એની મા એને હમેશાં શરીર કસવાનો બોધ આપ્યા કરતી, એટલે અઢાર વર્ષનો થતાં જ એ પીઓટિંગની લશ્કરી શાળામાં જોડાઈ ગયો. એના આખા કુટુંબે એનો વિરોધ કર્યો, પણ ચાંગની માતા તેના પક્ષમાં હતી એટલે થોડો વખત ત્યાં રહેવા દઈ, તેણે ચાંગને જર્મનોના હાથ નીચે શીખેલા જાપાનીઓ પાસેથી લશ્કરી તાલીમ પામવા ટોકીઓ મોકલાવી આપ્યો. માતાનો ચાંગ ઉપર એ ઓછો ઉપકાર નહોતો. એ ઋણને લઇને જ તે આજના ચીનનો કર્તાહર્તા બની શક્યો છે. આજ ચીનની માતાઓને હજુ યે તે વારંવાર પોતાની માતાનું ઉદાહરણ આપે છે. હમણાં જ પોતાના એક ભાષણમાં એણે પોતાની માતાના શબ્દોનો ઉલ્લેખ કર્યો હતો કે, 'કમનસીબ, કષ્ટ અને ભય તો દુનિયાને દરેક ખૂણે રહેલા છે; આપણે સ્વાયત્ત બની તેમાંથી માર્ગ કાઢી લઇએ ત્યારે જ આપણે સાચા મનુષ્ય.'

૨૫ વર્ષની વયે ચાંગ, ચીનની શહેનશાહતને ઉથલાવી નાખનાર ડૉ સુન–યત–સેન. સાથે જોડાયો. ત્યારથી ચીનને એણે એકધારી સેવા આપ્યે રાખી છે ને પરિણામે, એક સામાન્ય સૈનિકમાંથી દુનિયાના સૌથી વિપુલ વસ્તીવાળા એ દેશના સરમુખત્યારપદે એ પહોંચ્યો છે.

હિંદ જેમ ચીન પણ પક્ષાપક્ષીથી ભરપૂર કમભાગી દેશ છે. એવા બધા પક્ષોને એક કરી, એક રાષ્ટ્ર તરીકે ચીનને ઊભા કરવાની ચાગની મહત્ત્વાકાંક્ષા છે, એમાં એની પત્ની



ચીનનો જનરલીસીમો ચાંગ અને તેની પત્ની

મે–લિંગ સૌથી વિશેષ ફાળો આપી રહી છે. ચીનમાં આજે ફરી વળેલી 'નવજીવન પ્રવૃત્તિ'ના આદ્યનેતા પણ એ જ છે.

એ પ્રવૃત્તિનું ધ્યેય ટૂંકામાં ટૂંકા સમયમાં ચીનની સુરત આધુનિક બનાવી નાખવાનું છે. પોતાનું જે સારું હોય તેને વળગી રહી, પશ્ચિમના દેશોમાં જે સારું હોય તે એ અપનાવતી રહે છે. એનો મુદ્રાલેખ છે 'ચીન ચીનાઓ માટે.' રાજ્યની એમાં સહાય છે. બધાં વ્યસનો એને ચીનમાંથી નાબૂદ કરવાં છે. એ માટે શેરીએ શેરીએ સ્વયંસેવકો રહે છે. પશ્ચિમની ઢબનાં કપડાં પહેરવાં પણ ગેરકાયદેસર જાહેર થયાં છે ને એ જાતનાં કપડાં બનાવતી ત્રણ સો દુકાનો બંધ કરવામાં આવી છે.

આ આખી પ્રવૃત્તિ સન્માન, સદાચાર, સેવા અને પ્રમાણિકતા પર ઊભી થએલી છે. એની વિશાળતાનો ખ્યાલ એટલા પરથી આવશે કે એણે, દિવસમાં ત્રણ વખત હાથ મોં ધોવા અને ભાજીપાલો બધો ધોઇને વાપરવાથી કરી શહેરોના રસ્તાની પહોળાઈ વધારવા સુધીના હુકમો મધ્યસ્થ સરકાર તરફથી બહાર પડાવ્યા છે.

આવી પ્રવૃત્તિ અપનાવનારનું જીવન પણ આદર્શ હોવું જ જોઇએ. અને ચાંગદંપતીએ એવું જ આદર્શ પોતાનું જીવન બનાવ્યું છે.

કચ્છ–રેહાની સૂડીઓ

આજ તો હિંદ ભરના હુન્નર ઉદ્યોગો યંત્ર યુગના ઝેરી જડબાંઓ વચ્ચે પીસાઈ રહ્યા છે. વળી પરદેશી શાસન

પદ્ધતિના વીંઝાતા કોરડાનો માર પણ તેમના પર પડી રહ્યો છે. સરકારથી રક્ષિત પરદેશી કંપનીઓની તીવ્ર હરીફાઈ સામે હિંદના ઉદ્યોગોને ટકવું ભારે થઇ પડ્યું છે. છેલ્લાં દોઢસો વર્ષથી હિંદી કારીગરીની અવદશા બેઠી છે. નાનામાં નાની સોય અન ટાંકણીથી માંડીને મોટામાં મોટા યંત્રો સુધીનો સઘળો માલ યુરોપ, અમેરિકા કે જાપાનનાં કારખાનાઓ તરફથી હિંદને પૂરો પાડવામાં આવે છે. આવી સ્થિતિમાં હિંદના ગૃહઉદ્યોગોને નભવું કઠણ થઇ પડ્યું છે. હિંદી કારીગરોનો ધીકતો ધંધો ભાંગી પડ્યો છે અને આવા ધંધાઓ પર કુટુંબ નિર્વાહ ચલાવતા ઘણા લોકો પાયમાલ થઇ ગયા છે.

પણ કચ્છના ગામડાઓમાં યાંત્રિક વસ્તુઓનો પગપેસારો હિંદના બીજા ભાગોને મુકાબલે ઓછો કહેવાય. ત્યાં રોજીંદા વપરાશની ઘણી વસ્તુઓ હજુ પણ દેશી કારીગરો અને કસબીઓને હાથે તૈયાર થઈ લોક-બજારમાં ઊભરાતી દેખાય છે.

કચ્છ-રેહાના લુહારોનું લોઢા-કામ સૈકાઓથી પંકાએલું છે. રેહાના હોથી રજપૂતોએ શસ્ત્રસરંજામ વગેરે બનાવવા માટે લુહારોને પોતાના ગામમાં રહેવા આમંત્રણ આપ્યું અને લગભગ ૪૦૦ વર્ષથી આ લુહાર લોકો એ ગામમાં રહે છે. અગાઉ લડાઇના વખતનો બધો સરંજામ જેવો કે તલવાર, બરછી, જમૈયા અને ભાલા તેમની કોઢમાં તૈયાર થતા અને આ હથિયારો આજુબાજુના ગામોમાં અને ખાસ કરીને કચ્છના પાટનગર ભુજ શહેરને પૂરા પાડવામાં આવતા. બદલામાં તેમને તે વખતે ગરાસિયાઓ તરફથી પસાયતાં ખેતરો, રહેણાક માટે જમીન અને બીજી ઘણી સગવડ મળી હતી.

અસ્ત્રશસ્ત્ર અને લડાઇઓનો જમાનો તો હવે આથમી ગયો છે. છતાં પણ કચ્છમાં હથિયારબંધીનો કાયદો નથી. તલવાર, જમૈયા અને દેશી બંદૂકોના ઠઠારાનાં દર્શન આ શૌર્યપ્રેમી મુલકમાં નિત્ય થાય છે. દેશમાં રેલવે લાઇન તો ભુજથી કંડલા બંદર સુધીમાં જૂજ છે. બાકી તો એક ઠેકાણેથી બીજે ઠેકાણે ચીલા પાડેલા ધૂળીઆ રસ્તાઓ પર ગાડાંઓ, ઘોડાઓ અને ઊંટો અવરજવરના વાહનો તરીકે ચાલતા દેખાય છે. રસ્તામાં નદી-નાળાં ઓળંગવા હોય, રાતમાં એકલ દોકલ ચાલવું હોય એટલે મુસાફરોને સાથે હથિયારો રાખવાની જરૂર પડે છે. આવા હથિયારોની માંગણી આગળ કરતાં હવે ગઇ છે તે છતાં પણ ઓર્ડર મળેથી રેહાના લુહારો પાણીદાર ચમકતી તલવારો, સ્પ્રીંગવાળા છરાઓ અને જમૈયાઓ મનગમતા બનાવી આપે છે. માલધારીઓ જંગલી પ્રાણીઓના ત્રાસ સામે રક્ષણ મેળવવા રેહાની સુંદર ધારવાળી સિંધણ કુહાડીઓ પણ હોંસેહોંસે ખરીદે છે.

રેહાની સૂડીઓનો વપરાશ બહોળો છે અને તેનો વેપાર ધમધોકાર ચાલે છે. રેહા ગામમાં લુહારનાં કુલ ૩૫ ઘર છે, તેમાંથી સોએક માણસ લુહારકામ પર પોતાનો નિભાવ ચલાવે છે. કેટલાકનાં ઘરનાં કારખાના છે અને કેટલાક આવા કારખાનાંઓમાં મજૂરી કરી પેટ ભરે છે. મજૂરને અઢીથી ત્રણ કોરી એટલે આઠ આના લગભગ રોજ મળે છે. સૂડીઓ બનાવવાના મોટા કારખાના ચાર છે અને નાની દુકાનો અગિયાર છે. મુખ્ય કારખાનું સુમાર જુણસનું છે. એ એક જ કારખાનામાં પચીસેક માણસ કરે છે. અંદર જઈ જોઇએ તો ક્યાંક ધમણ ધમાતી હોય, ક્યાંક લાલ તપાવેલા ધગધગતા લોઢા પર પડતા ઘણના ઘાથી તણખા ઊડતા હોય તો કયાંક તૈયાર થતી સૂડીઓ પર સુંદર નકશી કરી ઓપ ચડાવાતો હોય. આપણે ઇચ્છીએ તો આ લુહારો રંગબેરંગી ચમકદાર વળાંક લેતી સૂડીના ઉપરની કિનાર પર આપણું નામ કોરી આપે છે અને અંદર સોનેરી ભરી આંખને ગમે તેવો સરસ ઉઠાવ કરી આપે છે.

કચ્છમાં સૂડીઓના પ્રચલિત ઘાટ ત્રણ પ્રકારના છે.—રેહાઘાટ, કોઠારાઘાટ અને ભોજાયઘાટ. રેહાઘાટની સૂડીઓનો આકાર ઉપરથી ગોળ વળાંક લેતો હોય છે. કોઠારા ઘાટની સૂડીઓનો ઉપરનો પાંખીઓ ઢળતા બેઠા ઘાટનો હોઇ, નીચેથી વળાંક લઇ આગળ આવતો દેખાય છે; અને ભોજાયઘાટની સૂડીની ઉપરની બાજુ જરાપણ વળાંક લીધા સિવાય બીલકુલ સીધી બનાવાય છે. ઘરાકોની પસંદગી પ્રમાણે આ ત્રણે ઘાટની સૂડીઓ રેહામાં બનાવી અપાય છે. આ સૂડીઓની લંબાઇ ૪½, ૫, ૬ અને ૭ ઇંચ સુધીની હોય છે. આ ઉપરાંત મોટા સૂડાઓ થાય છે જેની લંબાઇ ૮ થી ૧૨ ઇંચ સુધી હોય છે.

સૂડીઓમાં વપરાતા લોઢાની જાત અને તેના પર લેવાએલ મહેનતને અનુલક્ષીને ઊંચી જાતની, વચથરી અને હલકી જાતની સૂડીઓ એવા ત્રણ વર્ગ પાડવામાં આવ્યા છે. ઊંચી જાતના માલનો ડઝન સૂડીઓ દીઠ ભાવ લગભગ કોરી ૨૫, વચથરી સૂડીઓનો કોરી ૧૮ અને હલકા માલનો ભાવ કોરી ૧૨ હોય છે. અત્યારના બજારભાવે રૂા. ૧ ની કોરી ૪॥ આસરે મળે છે.

બધાં કારખાનાંઓ અને દુકાનોમાં મળીને દરરોજ એકંદરે ઊંચી જાતની સૂડીઓ ૨૪ ડઝન, વચથરી ૩૬ ડઝન અને હલકી જાતની ૪૮ ડઝન તૈયાર થાય છે. આમાંથી કચ્છમાં તો માત્ર ઊંચી જાતની ૧૦ ડઝન જેટલી સૂડીઓનો દરરોજનો ઉપાડ છે. બાકીની બધી પરદેશ મોકલવામાં આવે છે.

સૂડીઓના કારખાનાઓમાંથી નીકળી આગળ ચાલીએ તો ચપ્પુઓ બનાવવાની પાંચ દુકાનો આવે છે. રોજર્સના તિક્ષ્ણ ધારવાળા ચપ્પુઓને ટક્કર મારે તેવા ચમકતી ધારવાળા અને સુંદર હાથાવાળા ચપ્પુઓ પહેલી નજરે જ ગમી જાય તેવા છે. આ ચપ્પુઓની દરરોજની નિકાસ લગભગ ૭ ડઝન જેટલી છે.

રેહાની સૂડીઓની ખપત કચ્છનાં મુખ્ય શહેરો અને ગામડાંઓમાં તો છે જ; પણ ઘણોખરો માલ મુંબાઇ, કરાંચી, મદ્રાસ, જરીઆ, કલકત્તા, રંગૂન અને ઠેઠ જંગબાર સુધી

મોકલાવાય છે. રેહાથી કુકમા રેલવે સ્ટેશન પર ટપાલ પહોંચાડનાર હલકારો તો સૂડીઓના ઢગલાબંધ પાર્સલોના રોજના બોજાથી તોબા તોબા કરે છે અને આ મુશ્કેલીથી રેહા પોસ્ટ બ્રાંચના હલકારા વારંવાર બદલાય છે.

રેહા ગામ ભુજથી અગ્નિકોણે સાત ગાઉ પર ડુંગરાઓ વચ્ચે આવેલું છે. આજથી સો વર્ષ પહેલાં તો લુહારો જે લોઢું વાપરતા તે આજુબાજુના રતનાળ વગેરે ગામ પાસેના ડુંગરોના ખાણોમાંથી મળી રહેતું, પણ હવે એ ખાણો બંધ પડી ગઇ છે અને સૂડીઓ, ચપ્પુઓ અને બીજાં હથિયારો બનાવવા માટેનું ઊંચી જાતનું લોઢું સીધું જર્મનીથી માંડવી બંદરના વેપારીઓ મગાવી આપી રેહાના લુહારોને પૂરું પાડે છે.

યુરોપ કે અમેરિકા હોય તો હાથકારીગરીથી તૈયાર થતી આવી સુંદર વસ્તુઓનાં મોટાંમોટાં પ્રદર્શનો ભરાય અને લોકોનાં ટોળેટોળાં તે જોવા ઉલટે; પણ આપણા દેશને એક અંધારે ખૂણે તૈયાર થતી આ સરસ ચીજો તરફ આપણું લક્ષ ક્યાં ખેંચાય છે? —રાયસિંહજી કાનજી રાઠોડ

હિંદમાં જીવનચરિત્રોનો દુકાળ

પશ્ચિમની સરખામણીમાં ઊતરીએ તો જીવનચરિત્રનું જેને 'ઠીક' કહી શકાય એવું પણ એકે પુસ્તક જ્યાં હિંદમાં બહાર નથી પડ્યું, ત્યાં ઉચ્ચ સાહિત્યમાં સ્થાન લઇ શકે તેવાની તો શી આશા રખાય? બૉસ્વેલનું 'જોનસન'ને, લુડવિગનું 'નેપોલીઅન','બિસ્માર્ક' કે 'કૈઝર', મોર્લીનું 'ગ્લૅડસ્ટન' કે રોનાલ્ડશેનું 'કર્ઝન'—વ્યક્તિત્વને જીવંત બનાવતાં એવાં આપણાં નાયકોનાં ચરિત્રો કેટલાં? રામાયણના રામ અને મહાભારતના અર્જુનથી માંડી શિવાજી, અહલ્યાબાઇ, લક્ષ્મીબાઇથી કરીને ઠેઠ ગોખલે ને ગાંધીજી સુધીના આપણા મહાન પુરુષોમાં શું બૉસ્વેલના 'જોનસન'થી યે વ્યક્તિત્વ ઓછું છે?

એ બાબતમાં હિંદીઓની બે જ ત્રુટિઓ ગણાવી શકાય: એક તો એના ચરિતનાયકોના વ્યક્તિત્વને તે જીવંત નથી બનાવી શકતો, અને બીજું, હકીકતોથી પરાઙ્મુખ બનીને તે નાહકનું પિષ્ટપેષણ વધારી દે છે. આ બાબત પર આવતાં, બાણના 'હર્ષચરિત' કે રાજા દેશિંગુ (જિંજીના તેજસિંહ)ને આપણે નહિ ભૂલી શકીએ. અને એથી યે વધુ દુકાળ તો હિંદના સર્વશ્રેષ્ઠ પુત્રે કરેલા સત્યના ભીષણ પ્રયોગો જેવા આત્મચરિતોનો છે. જવાહરલાલજીની આત્મકથા તદ્દન સીધી સાદી શૈલીની છે, પણ એ એમના જીવનકેન્દ્રની આસપાસ જ ગૂંથાએલી છે. સહોદિત સ્વાત્મભાન એ જ આત્મચરિતનો સાચો અર્ક ગણાય.

મનુષ્યે મનુષ્યમાં લેવા માંડેલો રસ દિનોદિન વધતો જાય છે. હિંદે આજ સુધીમાં અસંખ્ય સાધુઓ, ફિલસૂફો, સમ્રાટો, રાજપુરુષો અને વિજ્ઞાનીઓ પેદા કર્યા છે; એકાદ બૉસ્વેલ પણ તે કદી પેદા કરી શકશે?—'ધી લીડર'

ગણિતશાસ્ત્રમાં વપરાતાં કેટલાંક ચિહ્નો

ગણિતશાસ્ત્રમાં વપરાતા એકથી નવ સુધીના અંકોની શોધ પ્રાચીન હિંદીઓએ કરી હતી એવું તો કેટલાયે ગણિતજ્ઞોએ પૂરતાં સંશોધન દ્વારા પુરવાર કરી બતાવ્યું છે, છતાં પણ પાશ્ચાત્ય દેશોમાં હજુ પણ એવું માનવામાં આવે છે કે એ અંકોની પહેલેપ્રથમ શોધ કરનાર મૂર અથવા આરબ લોકો હતા અને સ્પેન દેશમાં એ અંકોનો પ્રચાર પણ એમણે જ કર્યો હતો. એ રીતે દસમા સૈકામાં એ આંકડાઓ પ્રચલિત થયા પછી બસો ત્રણસો વરસના ગાળા દરમિયાન તે અંકોનો પ્રચાર યૂરોપભરમાં થવા પામ્યો હતો. અલબત્ત એ પ્રચાર સામે રીતસરનો વિરોધ તો લાંબા સમય સુધી થવા પામ્યો હતો. દાખલા તરીકે સને ૧૨૯૯માં ફ્લોરેન્સના શરાફો તેમજ નાણાવટીઓને એ આંકડાઓનો ઉપયોગ કરવાનો કાયદેસરનો પ્રતિબંધ કરવામાં આવ્યો હતો. તે ઉપરાંત, પાડુઆની પ્રાચીન વિદ્યાપીઠની કાયદાપોથી પરથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે વેચવા માટેનાં પુસ્તકોની કીમત આંકડાઓમાં નહિ, પરન્તુ સ્પષ્ટ અક્ષરોમાં લખીને વિવિધ ગ્રંથોની સૂચિઓ તૈયાર કરવાનું પુસ્તકવિક્રેતાઓને ફરમાવવામાં આવ્યું હતું.

એ નવ આંકડાઓનો ઉપયોગ શરૂઆતમાં તો માત્ર ગણિતશાસ્ત્રને લગતા ગ્રંથો પૂરતો જ થતો હતો, પરન્તુ પાછળથી પુસ્તકનાં પૃષ્ઠોને દર્શાવવા માટે એ અંકોનો પ્રચાર શરૂ થયો અને છેક પંદરમા સૈકામાં મુદ્રણકળાની શોધ થઇ ત્યાર પછી જ એનો રીતસરનો વપરાશ તેમજ પ્રચાર વધવા પામ્યો હતો.

એ નવ અંકો ઉપરાંત શૂન્ય દર્શાવવા માટે વપરાતા 'મીંડા'ની શોધ પણ પ્રાચીન ભારતવાસીઓએ જ કરી હતી. એ મીંડા માટે તો ગણિતજ્ઞોએ સાથી અગત્યની શોધ તરીકેનો ઉલ્લેખ અનેકવખતે કરેલો માલમ પડે છે. ગણિતશાસ્ત્ર અને ઇતિહાસના ગ્રંથોમાં એ વાતની નોંધ કરેલી માલૂમ પડે છે.

ગણિતશાસ્ત્રમાં એક પરિમાણ બીજા પરિમાણની બરાબર હોય ત્યારે એ બંને પરિમાણોની વચ્ચે બરાબરનું ચિહ્ન ('=') વપરાય છે. એ ચિહ્નનો સૌથી પહેલો ઉપયોગ ઇ.સ. ૧૫૫૭માં રૉબર્ટ રિકોર્ડ નામના ગણિતજ્ઞે કર્યો હતો. એ પ્રયોગ કરતી વખતે તેણે નોંધ્યું હતું કે અવારનવાર અમુક પરિમાણ બીજા પરિમાણની બરાબર છે એવું દર્શાવવા માટે બે સમાંતર તેમજ સરખી લંબાઇની લીટીઓ ('=') રૂપી ચિહ્ન એટલા ખાતર વાપરવું જોઇએ કે સરખાપણું દર્શાવવા માટે એના કરતાં વધુ સરળ તેમજ સૂચક ચિહ્ન મળવું મુશ્કેલ છે.

વત્તા (+) અને ઓછા (−) એ બંને ચિહ્નોનો પહેલો પ્રથમ પ્રયોગ માઇકેલ સ્ટિફેલ નામના ગણિતવેત્તાએ સને ૧૫૪૪માં પ્રગટ કરેલાં 'એરિથમેટિકા ઇન્ટિગ્રા' (Arithmetica Intigra) નામના પુસ્તકમાં કર્યો હતો.

કોઇ પદ બીજા પદ કરતાં વધારે છે અથવા તો ઓછું છે એવું

દર્શાવવા સારૂ ' > ' અને ' < ' એવાં બે ચિહ્નોનો ઉપયોગ થાય છે. ટોમસ હેરિયટ નામના ગણિતશાસ્ત્રીએ તેના 'આર્ટિસ એનાલિટિક પ્રોકિસસ નામના ગ્રન્થમાં એ ચિહનોનો સૌથી પહેલો ઉપયોગ કર્યો હતો એમ સંશોધકો સુણાવે છે. એ ગ્રન્થ સને ૧૬૨૧માં પ્રસિદ્ધ થયો હતો

ગુણાકાર અને ભાગાકારનાં ચિહ્નો (× અને ÷) ના યોજકે ખરેખરી બુદ્ધિ અજમાવી હોય એમ જણાય છે, કારણ કે સરવાળા અને ગુણાકાર વચ્ચે સંબંધ છે તેવો જ સંબંધ બાદબાકી તથા ભાગાકાર વચ્ચે પણ છે;એ બીનાને ધ્યાનમાં લઇને એ શોધકે વત્તા (+)ના ચિહ્નમાં થોડો ફેરફાર યોજીને × આમ લખવાની પ્રથા શરૂ કરી હશે તથા તે જ રીતે ઓછાના ચિહ્નને ફેરવીને ÷ આમ લખવાની રૂઢિ પણ તેણે પ્રચલિત કરી હશે એમ કહેવાય છે કે ભાજકની સંખ્યાની આગળ પ્રાચીન હિંદી ગણિતજ્ઞો ઓછાની નિશાની વગરનું આવું : પ્રમાણદર્શક ચિહ્ન લખતા હતા, પરંતુ પાછળથી આરબોએ એ પ્રમાણમાં ચિહ્નોમાં વપરાતાં બે ટપકાંઓ વચ્ચે ઓછાનું ચિહ્ન ઉમેરીને ભાગવાનું ચિહ્ન ઉપજાવી કાઢ્યું હતું. આજે પણ એ ભાગાકારનું ચિહ્ન જોતાં જણાય છે કે ઓછા તેમજ પ્રમાણનાં બે ચિહ્નોના સંયોગથી જ એ ભાગ્યાની નિશાની બનવા પામી હશે.

યુરોપભરમાં એ ગુણાકારનાં ચિહ્નનો પહેલ પ્રથમ પ્રયોગ તો ઑટ્રેડ (Oughtred) નામના ગણિતશાસ્ત્રીએ તેના 'ક્લેવિસ મેથેમેટિકા' (Clavis Mathematica) નામના સને ૧૬૩૧માં પ્રગટ થએલા પુસ્તકમાં કર્યો હતો; અને ભાગાકારનું ચિહ્ન સ્વિટ્ઝરલૅંડમાં આવેલા ઝુરિચ શહેરમાં રૃહન નામના ગણિતજ્ઞે ઇ.સ ૧૬૫૯માં અને લંડન શહેરમાં જોન પેલ નામના ગણિતશાસ્ત્રીએ ઇ.સ. ૧૬૬૮માં વાપર્યું હતું.

પ્રમાણદર્શક ચિહ્નો (: ::) પણ સૌથી પહેલાં કોઇ ઑસ્ટ્રેડ નામના ગણિતજ્ઞે યોજી બતાવ્યાં હતાં એમ કહેવાય છે.

અપૂર્ણાંક દર્શાવવા માટેની હાલની પદ્ધતિ વિશે પણ થોડું ઘણું જાણી લેવું જરૂરનું છે. પ્રાચીન ભારતવર્ષીય બીજગણિતમાં હાલની પ્રચલિત પદ્ધતિ પ્રમાણે જ અપૂર્ણાંક લખાએલા છે એમ કહેવાય છે. એ પ્રાચીન સમયમાં ઉપર અંશ અને નીચે છેદ એ પ્રમાણે લખાતું. માત્ર વચ્ચેની લીટી લખાતી નહોતી. એ લીટી ઉમેરવાની શરૂઆત તો આરબોએ કરી હતી, જેમની પાસેથી રોમન લોકો એ શીખ્યા અને ત્યાંથી સમસ્ત યૂરોપમાં તેનો પ્રચાર થયો.

સુપ્રસિદ્ધ 'લીલાવતી' ગ્રંથના પ્રણેતા સમર્થ ગણિતજ્ઞ ભાસ્કરાચાર્યના સમયમાં કયા પ્રકારનાં ચિહ્નો વપરાતાં તે બાબતમાં બૅાલ કૃત 'ગણિતશાસ્ત્રનો ઇતિહાસ' શીર્ષક ગ્રંથમાં નીચે મુજબ ઉલ્લેખ મળી આવે છે: 'ચિહ્નોને બદલે ટૂંકાક્ષરો અથવા આદ્યાક્ષરો લખાતા હતા. જે રકમ બાદ કરવાની હોય તેના પહેલા અંકની ઉપર એક ટપકું લખીને બાદબાકી છે એમ સૂચવાતું; અને સરવાળો છે એવું દર્શાવવા માટે આંકડાઓને પાસે પાસે લખવામાં આવતા. ગુણાકાર સારૂ અગર તો કોઇ બે રકમો સરખી છે કે નાનીમોટી છે એવું બતાવવા માટે કોઇ પણ ચિહ્ન વાપરવામાં આવતું નહોતું.'

(સંપાદિત) —ત્રિભુવન વીરજીભાઇ હેમાણી

રહસ્યભૂમિ આસામ

આસામ હજી પણ એક રહસ્યભૂમિ છે. એના ગત ઇતિહાસનાં ઘણાં રહસ્યો હજી અણઊકેલ રહ્યાં છે, પરંતુ સદિયાથી ૪૦ માઇલ પર આવેલી ગિબ્બી ટેકરીઓ વચ્ચેથી તાજેતરમાં જ શોધાએલી તોતીંગ કમાડોની જોડ પણ ઘણા સ્થપતિઓને મૂંઝવી રહી છે. ભગવાન શ્રી કૃષ્ણની પત્ની રુકમિણીના પિતા ભીષ્મકના મહારાજ્યની રાજધાની કુંડિલનગરનાં તે અવશેષો હોવાનું મનાય છે. ઐતિહાસિક નજરે તો એ શોધ અતિ અગત્યની છે.

એવી જ બીજી શોધ તે બ્રહ્મપુત્રાને ઉત્તર કિનારે આવેલા સુઇગિરિ નજીકથી, નવમી સદીથી યે પુરાણા કાળમાં ઉત્ખાત થએલાં ટેરા કોટાનાં કીમતી અવશેષો મળ્યાં છે એ છે. એવું માનવામાં આવે છે કે ચાના ઉત્પાદન માટે વપરાતી એ ભૂમિ પર પહેલાં એક જ પત્થરમાંથી કોતરી કાઢેલું કોઇ મંદિર કે રાજમહેલ હસ્તી ધરાવતું હશે. ઘણાખરા અવશેષો બારણાંની બારશાખનાં છે ને તે પર કમળનાં ફૂલ તથા પાંદડાં કોતરેલાં છે.

અને ત્રીજી મહત્વની શોધ શ્રી મુખરજી અને રાય નામના બે બંગાળીઓએ કરેલી અશોકની પૂર્વેની રાજધાની તોશાલિની છે. ઉદયગિરિ, ખંડગિરિ ને ધૌલિ ટેકરીઓ વચ્ચે ભુવનેશ્વર પાસે એ સ્થળ આવેલું છે. ઉદયગિરિમાં મળેલા સમ્રાટ્ ખારવેલનાં ઉત્ખનનો પરથી એ તોશાલિ જ હોવાનું પુરવાર થાય છે.

હજુ ભવિષ્યમાં, આ રહસ્યભૂમિના પટ નીચેથી દ્રવિડ સંસ્કૃતિના એંધાણીઓ પણ મળી આવવાની આશા રખાય છે.

—'ધી ઇન્ડીઅન રીડર્સ ડાઇજેસ્ટ'

જગતશાંતિ–એક કલ્પિત આદર્શ

ઇ.પૂ. ૧૫મી સદીથી માંડીને આજ સુધીમાં એટલે કે ગત ૩૫૦૦ વર્ષમાં ૩૧૦૦ વર્ષ તો દુનિયાએ યુદ્ધોમાં જ વીતાવ્યા છે. માત્ર ૨૨૭ વર્ષ જ એનું વાતાવરણ યુદ્ધથી વિમુક્ત રહ્યું છે

આ ૩૫૦૦ વર્ષની મુદતમાં યુદ્ધની અટકાયત માટે એકંદર ૮૦૦૦ શાંતતાવાદી તહનામા થયા છે અને છતાં જગતની યુદ્ધની બુભુક્ષા તો આજપણ એવી જ રહી છે. એ રીતે ૮૦૦૦ વખત સામુદાયિક વચનભંગ કરી ચૂકેલાં જગતનાં રાષ્ટ્રો, ઉપરથી ભલે શાંતિનો દંભ રાખ્યા કરે, પણ ચાલી આવતી એ પુરાણી બુભુક્ષા હજુ યે શમે એવાં ચિહ્નો નથી ત્યારે જગતશાંતિ શું માનવજાતનો એક કલ્પિત આદર્શ જ રહેશે?

(મરાઠી 'પ્રભા' ઉપરથી)

નવી કેડીઓ

આ છૂટાં સૂચનો, વિચારો, વાકયો અચાનક
કોઈ ખૂણે પ્રકાશ અને સામર્થ્ય અવશ્ય પૂરશે.

રાઈ અને ડુંગળી એ બે વનસ્પતિઓમાં અનુક્રમે કલોરીન અને ઍમોનિયા પુષ્કળ પ્રમાણમાં છે. અને તે વાયુઓ તેમાંથી છૂટા પણ તુરત પડી શકે છે. આથી તેને યોગ્ય રસાયણિક ક્રિયાઓમાંથી પસાર કરતાં ઍમોનિયમ કલોરાઇડ અથવા તો નવસાર બની શકશે. હિંદ ખેતી પ્રધાન દેશ હોવાથી કદાચ આવી રીતે બનાવેલો નવસાર સોંઘો પણ ઠીક પડી શકશે. વળી માત્ર રાઇમાંથી પણ પ્રથમ કલોરીન વૉટર અને પછી હાઇડ્રોક્લોરિક ઍસિડ બની શકવા સંભવ છે. આ દિશામાં કોઇ જરૂર પૂરતા અખતરા અને પ્રયત્ન કરે એ ઇચ્છનીય છે.

ગામડાંનાં માણસો આકડાનું આંકોલિયાનું રૂ જાતે વીણી અગર મજૂરો પાસે વીણાવી એકઠું કરતાં રહે તો તેનાં સારાં નાણાં જરૂર ઊપજે. (ધૈર્યચન્દ્ર ર. બુદ્ધ)

નવા નુસખા

આપણા દૈનિક જીવનમાં એવી કેટલી યે વસ્તુઓ આવે છે જેના વિષેના આપણા વિચારો જુદા જ પાયા પર હોય છે.

દાખલા તરીકે બૂચને આપણે તદ્દન હલકો પદાર્થ માનીએ છીએ. હવે એ જ બૂચના એક મીટર (૩. ૨૮ ફૂટ)ની ત્રિજયાના દડાનું તમે કેટલું વજન કલ્પો છો ? તમારી કલ્પનામાં એ નહિ જ આવે કે એક ટનથી યે તેનું વજન વધી જાય છે.

હવાના દબાણનો પણ ચોક્કસ ખ્યાલ તમને નહિ હોય. એ જાણવા માટે આ એક અખતરો બસ થશે

ઇંચના આઠમા ભાગ જેટલી બાકી રાખી એક આખી શીશી પાણીથી ભરો. ડાબા હાથે એકાદ કપડું વીંટાળી એને ગળાગાંથી પકડી રાખો ને પછી જમણી હથેલીથી એના મોં પર ઝડપથી ફટકો મારો. હવાનું ઓચિંતું દબાણ તમારી આખી શીશી ફોડી નાખશે!

યાદશક્તિની કસોટી



આ અંકમાં આગળના એક પાના પરના ચિત્રમાં તમે મગનભાઇ અને એમનાં આડોશીપાડોશીને બરાબર ઓળખી લીધાં હશે. એ બધાં અહીં થોડાં નવાં સંબંધીઓ વચ્ચે દેખાય છે. હવે તમારી યાદશક્તિની મદદથી એ દસ જણને આ ઘેરામાંથી ઓળખી કાઢી નીચેના ક્રમનાં ખાનાંમાં એમનાં સાચાં નામો ભરી દો અને પછી પેલું પાનું ફથલાવી ખાત્રી કરી લો કે તમે કેટલા સાચા છો.

૧	૪	૭	૧૦	૧૩ . . . . . .
૨	૫	૮	૧૧	૧૪ . . . . . .
૩	૬	૯	૧૨	૧૫ . . . . . .

ખેડામાં કપાસ ખરીદવા આવેલા એક જાપાની વ્યાપારીએ હિસાબ કરવા ખીસામાંથી એક નાની પેન્સિલ કાઢી. અકસ્માત તે હાથમાંથી પડી ગઇ ને ઘણી શોધ કરતાં ન મળી. પાસેના ગુજરાતી ગૃહસ્થે એને પોતાની પેન્સિલ આપી, પણ જાપાનીએ તરત તે પરનું નામ વાંચી તેને પાછી આપી, કારણ તે જાપાનમાં બનેલી ન હતી. એ જ વખતે એણે બજારમાંથી જાપાની પેન્સિલ મગાવી ને એ વડે હિસાબ પૂરા કર્યા.

અનેકાર્થી શબ્દ: **આડી** = આડસરથી પાતળું લાકડું; આડે મૂકવાની વસ્તુ; બાધા, આખડી; હદ; સીમા; કુસ્તીનો એક દાવ; મુડદું રાખવા માટે ચિતામાં વપરાતું જાડું લાકડું; આડચઆડું તિલક.


ગણિતગમ્મત

$\frac{૧}{૩}$ + ૫ + ૭૯ $\frac{૨}{૬}$ + ૮૪

સરવાળાની ઉપરની બે રકમોમાંની પહેલીમાં બધા જ એકી અંક (૧, ૩, ૫, ૭, ૯) અને બીજી રકમમાં બધા બેકી અંક (૨, ૪, ૬, ૮) એકેક જ વાર અને એવી ખૂબીથી વાપર્યા છે કે તે બંને રકમોનો જવાબ (સરવાળો) એક જ સરખો આવે છે: ૮૪$\frac{૧}{૩}$!

કહેવતોના અર્થ: 'દોરડી બળે, પણ વળ ન મૂકે'–માણસનો સ્વભાવ અનેક ઉપાયો અજમાવવા છતાં તેવો ને તેવો જ રહે છે તે દર્શાવવા વપરાતી કહેવત. એને મળતી બીજી ઘણી કહેવતો છે, જેવી કે: 'પ્રાણ ને પ્રકૃતિ સાથે જાય'; 'દાદર જાય ચુવે ને ટેવ જાય મૂએ'; 'ટાઢ જાય રૂએ, ઝાડ જાય ભુવે, ને ટેવ જાય મૂએ'; 'સાપ કાંચળી બદલે પણ ઝેર ન મૂકે'; 'પડી ટેવ તે તો ટળે કેમ ટાળી'; 'વાંદરો સો વર્ષનો થાય પણ ઠેક ન ભૂલે'; 'અખ્ખણ ગયા, દખ્ખણ ગયા, પણ લખ્ખણ ન ગયાં'; 'આદત આઇ હૈ જાન સાથ, જાએગી જનાજે સાથ' વગેરે વગેરે.

પેચવાળા ડબા કે બરણીનાં ટિનનાં ઢાંકણાં ચોમાસામાં કટાઇને જામ ન થઇ જાય તે માટે પેચના ગાળામાં આછું આછું મીઠું તેલ લગાડી રાખવું.



અજબ કુદરત

પોલાદ જેવું સખત છતાં ગેંડાનું શીંગડું હાડકાનું નહિ પણ માત્ર વાળોનું જ બનેલું હોય છે. પણ એ વાળ એવા તો અક્કડ ગૂંથાએલા હોય છે કે હાડકા કરતાં યે મજબૂત રહે છે.

આપણા પ્રત્યેક ભોજનની વચ્ચે ઓછામાં ઓછા ત્રણ કલાક ને વધુમાં વધુ છ કલાકનો ગાળો રહેવો જ જોઇએ.

ઘોડાને જેમ એક જ ખરી અથવા આંગળું છે, તેમ ઊંટને બે, ગેંડાને ત્રણ, હિપોપોટેમસને ચાર અને હાથી, માણસ વગેરેને પાંચ આંગળાં છે.

જમણો હાથ ડાબા હાથ કરતાં વધુ સક્રિય છે ખરો, પણ ઠંડી–ગરમી વગેરે ડાબો હાથ વધુ કળી શકે છે!

ચોમાસામાં ભીના જોડામાં નકામા છાપાંના ડૂચા ઠાંસીને ભરી રાખવાથી વહેલા સૂકાશે ને કુમાશ પણ નહિ જાય.

ટાઇલ જડેલા બાથરૂમ અંગર પોર્સીલેનની બઝીન પર પડેલા પીળા ગંદા ડાઘ સાફ કરવા માટે હાઇડ્રોજન પેરોક્સાઇડનું પોતું વાપરજો. પણ પછી પાણી વડે ઘસીને સાફ કરી નાખવું ન ભૂલતા.


સાઇકલના ટાયરમાં અંદરની બાજુએ શંખજીરાનો ભૂકો છાંટવાથી પંકચર ઓછાં પડશે. (પો. કુ. પં.)

માખીઓને કપૂરની વાસ ગમતી નથી. ચોમાસામાં માખીઓની વસતિ વધે છે તે વેળા તેઓ કાચના ગ્લોબ, હાંડી વગેરે પર બેસીને હગારના ડાઘ પાડે છે. તે માટે કપૂર નાખેલા તેલનો આછો હાથ એવી ચીજો ઉપર માર્યો હશે તો એ ઉપદ્રવ દૂર થશે.

રેડિયમથી પણ બમણી શક્તિ ધરાવતું રેડિયો-સોડિયમ નામનું તત્ત્વ હાલમાં જ શોધાયું છે.

હિંદી લશ્કરમાં ત્રાંસાં ને શરણાઇઓને બદલે ઇંગ્લિશ પડઘમ ને મસકવાજાં ઈ. ૧૭૬૭માં દાખલ થયાં.

આફ્રિકાના વિકરાળ હાથીઓ માત્ર એક જ ચીજથી બીએ છે ને તે સિયાફુ નામની કીડીથી. એ કીડી એમની સૂંઢમાં પેસી જઈ એ ફોલવા માંડે છે ને એમ થતાં હાથી પોતાની સૂંઢ ખડક કે ઝાડના થડ પર પછાડી પછાડીને મરી જાય છે.



મિસર (ઇજિપ્ત)ની ટ્રામની ટિકિટ જેના ઉપર મહિનો, તારીખ, કલાક અને ઊતરવાનું સ્થાન સુદ્ધાં દર્શાવનારી રચના છે.